Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations
GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages



પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com



FRIDAY, 17 July, 2020 Vol. 16, No. 29 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# ટ્વિટરમાં સૌથી મોટા હેકિંગ સાથે બિટકોઈન કૌભાંડ

## ઓબામા, બીલ ગેટ્સ, જેફ બેઝોસ, એલોન મસ્ક, એપલ અને ઉબેર સહિતના ટ્વીટ એકાઉન્ટ હેક : ૩૭૩ યુઝર્સ સાથે ઠગાઈ

વોશિંગ્ટન : હેકરોએ અમેરિકાના ટોચના ટેકનોલોજી મોગલો, રાજકીય નેતાઓ અને મોટી કંપનીઓના ટ્વિટર એકાઉન્ટ હેક કરીને ૧,૧૮,૨૧૧.૩૭ અમેરિકન ડોલર એટલે કે અંદાજિત રૂપિયા ૮૯ લાખનું બિટકોઈન કૌભાંડ આચર્યું હતું. બુધવારે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરનારાઓને તેમના નાણાં ગુમાવવાનો વારો આવ્યો હતો. અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા, માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ, એમેઝોનના જેફ બેજોસ, ટેસ્લાના એલોન મસ્ક, માઈક બ્લુમબર્ગ, જો બિડેન, કિમ કાર્દાશિયન, કેની વેસ્ટ સહિતના અમેરિકાના ટેક્નોલોજી મોગલો, રાજકીય નેતાઓ અને મોટી કંપનીઓના હેક થયેલા ટ્વિટર એકાઉન્ટ પરથી હેકરોએ બિટકોઈન અંગેના ફેક ટ્વિટ દ્વારા રોકાણકારોને ફેક બિટકોઈન સોદાની ઓફર આપી હતી. ટ્વિટરે આ ટ્વિટ દૂર કર્યાં તે પહેલાં આખા વિશ્વમાંથી ૩૭૩ યૂઝર્સ હેકરોની છેતરપિંડીનો ભોગ બની ચૂક્યાં હતાં.

સમગ્ર કૌભાંડ પ્રકાશમાં આવતાં ટ્વિટરે તપાસ શરૂ કરી હતી. ટ્વિટરે જણાવ્યું હતું કે, આ એક સંકલિત સોશિયલ એન્જિનિયરિંગ હુમલો હતો. ટ્વિટરના સહસ્થાપક અને સીઈઓ જેક ડોર્સીએ જણાવ્યું હતું કે, બુધવારનો દિવસ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે આકરો દિવસ હતો. અગ્રણી વ્યક્તિઓના ટ્વિટર એકાઉન્ટ હેક કરીને તેમાં બિટકોઈન સ્કેમ મેસેજ પાઠવવામાં આવ્યો હતો.



### કોના ટ્વિટર એકાઉન્ટ હેક કરાયાં

અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા, માઇક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક, અમેરિકાના પ્રમુખપદના ડેમોક્રેટ ઉમેદવાર જો બિડેન, અમેરિકાના પ્રમુખપદના સ્વતંત્ર ઉમેદવાર કેની વેસ્ટ, રિયાલિટી ટીવી સ્ટાર કિમ કાર્દાશિયન, બિઝનેસ ટાયકૂન વોરેન બફેટ, એમેઝોનના સીઈઓ જેફ બેઝોસ, મીડિયા બિલિયોનર માઇક બ્લુમબર્ગ, એપલ કંપનીનું કોર્પોરેટ એકાઉન્ટ, ઉબર કંપનીનું કોર્પોરેટ એકાઉન્ટ




### ૮૩ ડોલર રાખી બાકીનાં નાણાં ઉપાડી લીધાં

બ્લોકચેઇન.કોમના જણાવ્યા અનુસાર હેકરના બિટકોઇન એકાઉન્ટમાં કુલ ૧,૧૮,૨૧૧.૩૭ ડોલર જમા થઈ ગયાં હતાં. તેમાં હાલ ૮૩.૪૦ ડોલર રાખીને બાકીની તમામ રકમ ઉપાડી લેવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ટ્વિટરે થોડા સમય માટે હેક થયેલા એકાઉન્ટનો એસેસ થોડા સમય માટે અટકાવી દીધો હતો.

### ટ્વિટરની સુરક્ષા વ્યવસ્થા અંગે સવાલો

મોટા માથાઓના ટ્વિટર એકાઉન્ટમાં હેકરોની ઘૂસપેઠે ટ્વિટરની સુરક્ષા વ્યવસ્થા પર મોટા સવાલો સર્જ્યાં છે. હેકરોએ એમ્પ્લોયી ક્રેડેન્શિયલ્સનો ઉપયોગ કરીને મોટા માથાઓના ટ્વિટર એકાઉન્ટ હેક કરી લીધાં હતાં. ટ્વિટરે જણાવ્યું હતું કે, હેકરોએ ઇન્ટરનલ સિસ્ટમ અને ટૂલ્સનો એસેસ ધરાવતા અમારા કર્મચારીઓને જ ટાર્ગેટ બનાવ્યાં હતાં. તેના દ્વારા તેમણે અગ્રણી વ્યક્તિઓના ટ્વિટર એકાઉન્ટ પર કબજો જમાવી દીધો હતો.

## યુએસમાં કોરોનાના ૭૧,૭૫૦ કેસ : ૧,૦૦૧ લોકોનાં મોત

| | |
|---|---|
| અમેરિકા | 36,82,209 કેસ |
| બ્રાઝિલ | 20,14,738 કેસ |
| ભારત | 10,05,637 કેસ |

વોશિંગ્ટન : કોરોના વાઇરસનો સૌથી વધારે ભોગ બનેલા યુએસમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૧,૭૫૦ કેસ તો બ્રાઝિલમાં ૩૯,૭૦૫ કેસ સામે આવ્યાં હતા. યુએસમાં ચોવીસ કલાકમાં ૧,૦૦૧ અને બ્રાઝિલમાં ૧,૨૬૧ લોકોનાં મોત થયાં છે. સમગ્ર વિશ્વમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧.૩૭ કરોડ થઈ છે અને હજુ પણ ઝડપી ગતિએ વધી રહી છે તો ૫.૮૭ લાખ લોકોનાં મોત થયાં છે. આ દરમિયાન એટલાન્ટાના મેયર કિશા લાન્સે પ્રમુખ ટ્રમ્પ પર માસ્ક ન પહેરીને કાયદો તોડવાનો આરોપ લગાવ્યો છે. ગુરુવારે બ્રાઝિલના ૬૫ વર્ષીય પ્રમુખ બોલ્સોનારોનો બીજો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. આ પહેલા ૭ જુલાઈએ પણ તેમનો કોરોનાનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. શરૂઆતમાં જ્યારે કોરોના ફેલાયો ત્યારે પ્રમુખે તેની હાંસી ઉડાવી હતી.


: કોરોના અહેવાલ :
૨,૩,૬,૭,૮,૧૧,૧૬,૧૮



Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં વધુ ૨૫૧ કોરોનાગ્રસ્તઃ ૧૫ના મોત

**કેનેડામાં કોરોનાના સંક્રમિત દર્દીઓનો આંકડો ૧,૦૯,૦૮૦ થયો : કુલ મરણાંક ૮૮૨૫ : ૨૭૦૦૦થી વધુ એક્ટિવ કેસ**

ઓન્ટેરિયોઃ ગુરૂવારે કોવિડ-૧૯ના કેસોમાં ૨૫૧ દર્દી ઉમેરાતા કેનેડામાં પોઝિટિવ દર્દીઓનો આંકડો ૧,૦૯,૦૮૦ થઈ ગયો હતો. જ્યારે દિવસ દરમ્યાન સમગ્ર દેશમાં કોરોનાની સારવાર લઈ રહેતા ૧૫ દર્દીઓએ દમ તોડ્યો હતો. સમગ્ર દેશમાં ગુરૂનારની સ્થિતિએ ૨૭૪૭૩ કેસ એક્ટિવ છે. જે પૈકી ૨૧૭૩ દર્દીઓની હાલત અત્યંત કટોકટ હોવાની વિગતો સાંપડી છે. દેશમાં ૩૩,૪૧,૮૯૩ શંકાસ્પદ કોરોના દર્દીઓના સેમ્પલ લઈ પરીક્ષણ કરવામાં આવ્યા છે. જેમાંથી અત્યાર સુધીમાં ૧,૦૯,૦૮૦ સેમ્પલોના પોઝિટિવ રિઝલ્ટ આવ્યા છે. કોરોનાને કારણે મૃત્યુ પામેલા દર્દીઓનો આંકડો ૮૮૨૫ થયો છે.

ગુરૂવારે દિવસ દરમ્યાન સૌથી વધુ ઓન્ટેરિયોમાં નવા ૧૧૧ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ક્યુબેકમાં ૧૪૨ કેસ અને મેનિટોબામાં એક કેસ નોંધાયો હતો. ઓન્ટેરિયોમાં ૧૦ દર્દીઓના મોત નિપજ્યાં હતા. સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ૭૨૭૮૨ દર્દીઓને સાજા કરવામાં તબીબો તથા પેરામેડિકલ સ્ટાફને સફળતા મળી છે.

સમગ્ર દેશમાં કોરોનાના વણથંભ્યા કેસને સંક્રમણને કારણે હજી પણ ચિંતાનો માહોલ વર્તાય રહ્યો છે. જો કે સરકાર અને આરોગ્ય વિભાગ આ બાબતે ગંભીરતાથી આયોજન કરી રહ્યું છે.

## જાહેર સ્થળોએ માસ્કનો કાયદો અમલમાં મુકનાર ક્યૂબેક દેશનું પહેલું શહેર બન્યું




મોન્ટ્રીયલ- કેનેડામાં ૧૨ વર્ષથી વધુ ઉંમરના લોકોને જાહેર મકાનોમાં પણ ફરજિયાત માસ્ક પહેરવાનો કાયદો અમલમાં મુકનાર ક્યૂબેક કેનેડાનું પહેલું રાજ્ય બન્યું છે.

પ્રિમિયર ફ્રાન્કોઈઝ લિગલોટે કહ્યું હતું કે, નવા નિયમો શનિવારથી અમલમાં આવશે. આ એવા સમયે બની રહ્યું છે કે જ્યારે રાજ્યના બાંધકામ ક્ષેત્રમાં વાર્ષિક રજા છે. વેપાર ઉદ્યોગ નવા નિયમોનો અમલ કરશે. ત્યારે જો તેમનો કોઈ ગ્રાહક આરોગ્ય સંબંધી કોઈ નિયમોનો ભંગ કરશે તો ૪૦૦ઈ થી ૬૦૦૦ઈની દંડની જોગવાઈ કરવામાં આવી છે.

લિગોટે વધુમાં જણાવ્યું હતું કે, નવા નિયમો ઓગસ્ટમાં અમલમાં આવી રહ્યાં છે. ત્યારે તેનો ભંગ કરનાર વ્યક્તિ પર દંડ લાદવાની વિચારણા છે. જો કોઈ ગ્રાહક મેડિકલ કારણોસર માસ્ક ન પહેરી શકે તેમને નવા નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે.

પ્રિમિયરે કહ્યું હતું કે, સરકારે જાહેર મકાનોમાં પણ લોકોને માસ્ક પહેરવાનું અત્યારથી જ ફરજિયાત બનાવી રહી છે કે, જેથી ક્યૂબેકના લોકો ધીમે ધીમે તેનાથી ટેવાઈ જાય. નવા નિયમો જુલાઈ ૧૮ મીથી અમલમાં આવી રહ્યાં છે. શરૂઆતના બે અઠવાડિયા બાંધકામ ક્ષેત્રમાં રજા હોવાથી રાજ્યના લોકો મોટા પ્રમાણમાં પરિવાર સાથે પ્રવાસ અર્થે નીકળી પડશે.

## ફેડરલ કવોરન્ટાઈન કાનૂન હેઠળ કોઈ ધરપકડ થઈ નથી : જાહેર આરોગ્ય સંસ્થા

### નિયમોના ભંગ બદલ કેટલાકને નજીવો દંડ થયો, લોકડાઉનમાં પણ હજારો લોકો કેનેડામાં પ્રવેશ્યા


ટોરન્ટો : કેનેડામાં વૈશ્વિક મહામારીને પગલે માર્ચથી અમલમાં આવેલા કડક કવોરન્ટાઈન કાનૂન બાદ અંદાજે બે મિલીયનથી વધુ લોકોએ પ્રવેશ કર્યો છે છતાં એમાંથી એક પણ જણની ધરપકડ થઈ નથી. માત્ર કેટલાકને બે અઠવાડિયાના કવોરન્ટાઈનનો ભંગ કરવા બદલ મામુલી દંડ કરાયો હતો એમ કેનેડાની જાહેર આરોગ્ય સંસ્થાના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

જયારથી કોરોના વાઈરસની વૈશ્વિક મહામારી શરૂ થઈ છે ત્યારથી હજારો લોકો હવાઈ માર્ગે કે જમીનમાર્ગે કેનેડામાં પ્રવેશી ચુકયા છે. મોટાભાગે તો જયારે કોઈ બહારથી કેનેડામાં પ્રવેશે તો તેને ૧૪ દિવસ માટે સેલ્ફ આઈસોલેશન પાળવું પડે છે. એને કોરોનાના લક્ષણ હોય કે ન હોય, તો પણ કાનૂની રીતે એ જરૂરી છે. માર્ચ માસથી શરૂ થયેલા અમલને ગયા મહિને ફરીથી લંબાવવામાં આવ્યો હતો. જો બોર્ડર એજન્સીને કોઈ શંકા જાય તો તેણે કેનેડાની જાહેર આરોગ્ય એજન્સીને જાણ કરવાની હોય છે. જે સ્થાનિક પોલીસને જાણ કરે છે અને પોલીસ સ્થળ પર જઈ એવા વ્યકિતઓની તપાસ કરે છે અને ધ્યાન રાખે છે. આ મહામારીની સ્થિતિ દરમિયાન આરસીએમપીએ રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રો શરૂ કર્યા છે. જે સ્થાનિક પોલીસને ધ્યાન રાખવા માટેની જાણ કરે છે. ધી પબ્લીક હેલ્થ એજન્સી ઓફ કેનેડા કહે છે કે ૯મી જુલાઈ સુધીમાં તેમણે ૨૧૪૨૨ લોકોની જાણકારી આરસીએમપીને આપી હતી. પરંતુ ઘણાં ઓછાનું પોલીસે ચેકીંગ કર્યું હતું.

આવો જ અહેવાલ અગાઉ સીટીવીએ પણ આપ્યો હતો. મે માસમાં એ આંક વધીને ૨૧૯૮નો થયો હતો. છતાં એકપણ ધરપકડ થઈ નહોતી. માત્ર નવ જણાને દંડ કરવામાં આવ્યો હતો એમ હેલ્થ એજન્સીના પ્રવકતા જયોફ્રી લેગોલ્ટ થિવીગીએ જણાવ્યું હતું. તેમણે કહયું હતું કે અમારા પગલા જોઈએ તેટલા દંડાત્મક નથી. આરસીએમપીએ આઠ પ્રાંત અને ત્રણ વિસ્તારોમાં માત્ર છ જણાને ૪૦૦ યુએસડીથી લઈને ૧૦૦૦ યુએસડી જેટલો દંડ ફટકાર્યો હતો. ઓન્ટેરિયો પ્રોવિન્શીયલ પોલીસે ઉત્તરપૂર્વ વિસ્તારમાં બે જણાને દંડ કર્યો હતો.

## મેડીકલની પરીક્ષા અંગે ફેરવિચારણા કરવા વિદેશી વિદ્યાર્થીઓની માંગણી

**કોરોનાના વધતા જતા ફેલાવાથી વિદેશી વિદ્યાર્થીઓમાં ડર યથાવત**



ઓન્ટેરિયો : મેડીકલના વિદેશી વિદ્યાર્થીઓએ કોરોનાના મહારોગચાળાને ધ્યાનમાં લઈ કેનેડામાં યોજાનારી પરીક્ષાના નિર્ણયની ફરીથી સમીક્ષા કરવા સંબધિતોને વિનંતી કરી હતી. મેડીકલના વિદેશી સ્નાતક વિદ્યાર્થીઓ કેનેડામાં રહેવાનું વિચારી રહ્યા હોય, તેમણે ધ નેશનલ એસેસમેન્ટ કોલેબોરેશન (એનએસી)ની પરીક્ષા આપવી પડે છે. જેનું આયોજન સપ્ટેમ્બરની ૧૨મી અને ૧૩મી તારીખે રાખવામાં આવ્યું છે.

આ પરીક્ષામાં અનેક સ્થળોએ વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે ટ્રેનિંગ આપવા વિદેશી મેડિકલ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. જોકે, વિદેશી વિદ્યાર્થીઓની ફીઝીકલ ક્ષમતા જાણવા માટે યોજવામાં આવેલી પરીક્ષા રદ્દ કરવામાં આવી હતી. તે છતાં ઉમેદવારોની જુદી જુદી ક્લિનિકલ પરિસ્થિતિ સમજવાનું કૌશલ્ય જાણવા માટેની પરીક્ષા યથાવત રાખવામાં આવી હતી. પરીક્ષા દર વર્ષે માર્ચ મહિનામાં યોજાય છે. પણ ત્યારબાદ રહેવા માટેની અરજી બહું મોડેથી માગવામાં આવે છે. તે મુજબ હવે પછી આ અરજી ફેબ્રુઆરી ૨૦૨૧ મંગવાશે.

છેવટે ૨ વિદ્યાર્થીઓએ કેનેડિયન મેડિકલ સ્કૂલ્સને એક પત્ર લખી જણાવ્યું હતું કે અંતે તો વિદેશના મેડિકલ વિદ્યાર્થીઓ પછી તે કેનેડામાં રહેતા હોય કે વિદેશમાં એનએસીની પરીક્ષામાં ભાગ લેવા માટે દબાણ કરવાનો અર્થ એ થાય છે કે, કોવિડ ૧૯ વધતા જતા જોખમનો વિચાર કર્યા વિના તેનો ભોગ બનવું. આ પત્રની નકલ અપ પોસ્ટ પાસે પણ છે.



# પ્રવાસીઓ ઘટતાં ટોરન્ટો પીયર્સન એરપોર્ટે કર્મચારીઓમાં કાપ મૂક્યો

**• ૨૦૦ જગ્યાઓ નહીં ભરવા એરપોર્ટ ઓથોરિટીનો નિર્ણય**



ટોરન્ટો : કેનેડાના સૌથી મોટા એરપોર્ટે કોવિડ ૧૯ને કારણે અમલી બનેલા લોકડાઉન દરમિયાન પ્રવાસીઓનો ઘટાડો થતાં ૫૦૦ કર્મચારીઓને છુટા કરવાનો નિર્ણય લીધો હતો. પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટના સંચાલકો ધ ગ્રેટર ટોરન્ટો એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું હતું કે, હાલમાં ખાલી પડેલી ૨૦૦ જગ્યાઓ ભરવાના નથી તથા બીજી ૩૦૦ જગ્યાઓ પરના કામદારોને સ્વૈચ્છિક નિવૃત્તિ અને લે-ઓફ મારફતે છુટા કરવામાં આવશે.

આમ એરપોર્ટના સંચાલકોએ કોવીડ ૧૯ પહેલા પણ છુટા કરેલા કામદારો સહિત કુલ ૨૭ ટકા કર્મચારીઓમાં કાપ મૂક્યો છે. એપ્રિલ મહિનામાં પીયર્સન એરપોર્ટે ૯૭ ટકાથી પણ ઓછા પ્રવાસીઓને કારણે કામદારોને છુટા કર્યા હતા અને આ મહિનામાં પણ એજ રીતે કામદારોને છુટા કરાઈ રહ્યા છે. જીટીએએ કહે છે કે, ૧૯૯૬માં પ્રવાસીઓની જે સ્થિતિ હતી, હાલમાં એવી જ પરિસ્થિતિ સર્જાય છે. અન્ય મોટા એરપોર્ટોએ પણ આ પ્રકારે કર્મચારીઓમાં ઘટાડો કર્યો હતો. જેમાં વેન્કુવરના મુખ્ય એરપોર્ટે ૨૫ ટકા અને કેલગેરીએ ૧/૩ ટકા કર્મચારીઓનો ઘટાડો કર્યો હતો. મેમોરિયલ યુનિવર્સિટી સેંટ જોન્સના બિઝનેસ ડીન ઈઝાબેલ ડોસ્ટલરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, આ સમાચાર આશ્ચર્ય જનક નથી. હાલમાં તમામ એર ટ્રાન્સપોર્ટેશન સીસ્ટમને ગંભીર ફટકો પડ્યો છે. ઈઝાબેલે કહ્યું હતું કે સેંટ જોન્સ ખાતે કાર્યરત નાના પ્રાદેશિક એરપોર્ટને પણ પીયર્સન એરપોર્ટ જેવા જંગી મથકો કરતા વધુ નુકસાન થયું છે. હાલમાં તો આ હવાઈ મથકોના અરાઈવલ હોલ ખાલી ખમ જણાય છે. પર્દાઓ પર જાહેરાતોની ભરમાર અને ફ્લાઈટ્સ આવવા જવાની એનાઉન્સમેન્ટ જોવા મળે છે. પરંતુ દરેક એરલાઈન્સમાં માત્ર ૩ કે ૪ મુસાફરો હોય છે આ જોતાં પીયર્સન જેવા વ્યસ્ત એરપોર્ટ પણ હાલના તબક્કે કર્મચારીઓનો એટલો મોટો કાફલો રાખી શકે નહિ. જીટીએએ આ વર્ષના તેના આયોજિત મૂડી ખર્ચના ૨૬૫ મિલિયનનો ખર્ચ મુલતવી રાખતા કર્મચારીઓમાં ઘટાડો કરવાની શરૂઆત થઈ જેમાં કંપની મેનેજમેન્ટ અને બોર્ડ ઓર ડિરેક્ટર્સનાં પગારમાં કામ ચલાઉ કાપનો પણ સમાવેશ થાય છે.

# કેનેડામાં ટૂંક સમયમાં ફિલ્મોનું શુટીંગ શરૂ થવાની સંભાવના

**• કોરોના વાઈરસને કારણે માર્ચ માસથી ફિલ્મ પ્રોડકશન બંધ થઈ ગયું હતુ**

ઓન્ટેરિયો : અમેરીકાના ફિલ્મ અને ટી. વી. પ્રોડકશન્સ ફરીથી કેનેડા આવી રહ્યા છે. કોરોના વાઈરસને કારણે માર્ચ માસથી ફિલ્મ પ્રોડકશન બંધ થઈ ગયું હતું. હવે ટોરન્ટો જેવા મોટા કેન્દ્રોએ ફરીથી ફિલ્મ શુટીંગની પરવાનગી આપવાનું શરૂ કરી દીધું છે. પ્રવાસ પરના પ્રતિબંધો પણ હોલીવુડને કેનેડામાં ફિલ્મોનું પ્રોડકશન કરવા પ્રેરી શકે છે, એમ હોલીવુડના એક રિપોર્ટરે જણાવ્યું હતું. કેનેડામાં મર્યાદિત ફલાઈટસ અને પ્રવાસ પરના પ્રતિબંધો બીજા બજારને નડી શકે છે છતાં ફિલ્મ પ્રોડકશન માટે એ ફાયદાકારક નિવડી શકે છે. વળી, કેનેડીયન ડોલર યુ.એસ.ડોલરની સરખામણીમાં નબળો હોવાથી પ્રોડકશન ખર્ચમાં પણ કાપ આવી શકે છે. જો કે, ફિલ્મ અને ટી.વી. પ્રોડકશનના કામદારો કેનેડાના પ્રવાસ માટેના પ્રતિબંધો પાર કરીને કેનેડા પહોંચે અને તેઓમાં કોરોના વાઈરસના લક્ષણો નહીં હોય તો ૧૪ દિવસના કવોરોન્ટાઈનનું પાલન કરી શકશે. તેમણે કેનેડીયનબોર્ડરસર્વિસીઝએજન્સી(સીબીએસએ)ને એ દર્શાવવું પડશે કે તેમને રોજગારી માટે કેનેડા આવવાની જરૂર પડી છે. 'પ્રવાસીઓએ જે તે પ્રાંત કે વિસ્તારની વેબસાઈટ પરથી જાણકારી મેળવી લેવી જોઈએ કે, તેમણે જાહેર આરોગ્ય અને કવોરોન્ટાઈનનું કેટલું અને કેવું પાલન કરવું પડશે.' એમ સીબીએસએએ મીડિયાને એક ઈમેલથી જણાવ્યું હતું. વધુમાં કહ્યું હતું કે ,' પ્રવેશના બધા પોર્ટ પર આખરી નિર્ણય સીબીએસએના અધિકારીનો રહેશે અને એના આધારે જ આગળની પ્રક્રિયા હાથ ધરાશે. કેનેડામાં વિદેશી ફિલ્મ એન્ડ ટી.વી.ના લોકોને લેબર માર્કેટ ઈમ્પેકટ એસેસમેન્ટના ધારાધોરણોથી મુકિત મળે છે. ફિલ્મ ટીવી ક્રુ મેમ્બર્સ, એકટર્સ અને બીજા કામદારોને સિગ્નીફિકન્ટ બેનીફીટ વર્ક પરમીટ સરળતાથી મળી શકે છે. પ્રોડયુસર્સે કદાચ બિઝનેસ ઈન્વેસ્ટર તરીકેની યોગ્યતાથી પ્રવેશ મેળવવો પડશે.










# સચિન પાયલટનો બળવો, આંતરિક વિખવાદથી કોંગ્રેસ મરણપથારીએ

## તંત્રી સ્થાનેથી




તંત્રી - પ્રકાશક
સ્વદેશ

રાજસ્થાનમાં આખરે સિચિન પાયલોટે મુખ્યમંત્રી અશોક ગેહલોટ સામે બળવો પોકારતા જ દેશના ગણ્યાં ગાંઠ્યા રાજ્ય પૈકી રાજસ્થાનમાં સત્તા ભોગવતી કોંગ્રેસને માથે મોટી આફત આવી છે. સોમવારથી શરૂ થયેલી આ રાજકીય ડ્રામેબાજીમાં પાયલોટ દિલ્હી પહોંચ્યા જયાં કોંગ્રેસ હાઈકમાન્ડ તરફથી યોગ્ય પ્રતિસાદ મળ્યો નહીં. આખરે મીડિયા દ્વારા પાયલટ અને તેના સમર્થકોના બળવાની વાત બહાર આવી. જે બાદ કોંગ્રેસ હાઈકમાન્ડ હરકતમાં આવ્યું. પહેલાં તો ચારેક નેતાઓને મામલો નિપટાવવા રાજસ્થાન મોકલાયા, પરંતુ પાયલટ માન્યા નહીં. આખરે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પદેથી તેમજ રાજ્યના નાયબ મુખ્યમંત્રીપદેથી પાટલટને દૂર કરવામાં આવ્યાં. આ સાથે તેના સમર્થકોને પણ એક પછી એક પાર્ટી તરફથી નોટીસ આપવામાં આવી. સોમવારે ધારાસભ્યોની બેઠકમાં સચિન પાયલોટ અને તેમના સમર્થકો સામેલ ન થયા બાદ મંગળવારે ફરી વખત ધારાસભ્યોની બેઠક બોલાવાઈ હતી. જેમાં સચિન પાયલોટ અને તેમના સમર્થકોને ભાગ લેવા કોંગ્રેસે આમંત્રણ આપ્યું હતુ. પરંતુ બેઠક અગાઉ જ પાર્ટીએ કડક વલણ ધારણ કરતા યૂ-ટર્ન લીધો હતો અને પાયલોટ તેમજ તેમના બે સહયોગીઓ, પર્યટન મંત્રી વિશ્વેન્દ્ર સિંહ અને ખાદ્ય આપૂર્તિમંત્રી રમેશ મીણાને મંત્રીપદેથી તેમજ સચિન પાયલોટને પ્રદેશ અધ્યક્ષપદેથી બરખાસ્ત કરી દેવામાં આવ્યાં હતાં. તેથી બેઠકમાં પાયલટ જૂથ ફરક્યું નહીં. સોમવારે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે ૧૦૨ ધારાસભ્યો સાથે શક્તિ પ્રદર્શન કર્યુ હતું એ વખતે જ તમામ ધારાસભ્યોએ સચિન પાયલોટ અને તેમના સમર્થકોના નિષ્કાસનની માંગ કરી હતી. બીજી બાજુ કોંગ્રેસ નેતૃત્ત્વ સચિન પાયલોટ જૂથને એક તક આપવાના પક્ષમાં હતું અને એટલા માટે જ તેમને બેઠકમાં ભાગ લેવાનું જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ છેવટે ગહેલોત જૂથના દબાણ આગળ પાર્ટી નેતૃત્ત્વએ નમવું પડયું અને સચિન પાયલોટને વિદાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

હકીકતમાં સચિન પાયલોટે કહ્યું હતું કે, તેઓ મુખ્યમંત્રીપદ વિના માનવાના નથી. એટલા માટે અશોક ગહેલોત માટે સચિન પાયલોટને દૂર કર્યા વિના ચેન પડે એમ નહોતું. સચિન પાયલોટને દૂર કર્યા બાદ પણ રાજસ્થાનમાં કોંગ્રેસ સરકાર પરનું સંકટ ટળ્યું હોય એવું લાગતું નથી. મુખ્યમંત્રી ગહેલોત સાથે ૧૦૨ ધારાસભ્યો હાજર હતાં એ જોતાં એવા સંકેત મળે છે કે ગહેલોત સરકાર લઘુમતિમાં નથી. રાજસ્થાનની ૨૦૦ બેઠકો ધરાવતી વિધાનસભામાં બહુમતિ માટે ૧૦૧ બેઠકોની જરૂર છે. બીજી બાજુ સચિન પાયલોટે ૩૦ ધારાસભ્યોનું સમર્થન હોવાનો દાવો કર્યો હતો. પરંતુ જાણકારોના મતે તેમની પાસે ૧૬ કરતા વધારે ધારાસભ્યો નથી. ભાજપ આ ખેલને જોઈનો ખુશ તો હતો. પરંતુ સમગ્ર પ્રકરણમાં ચૂપકીદી સેવી રાખી, કારણ કે ભાજપ પાસે સરકાર રચવા માટે જરૂરી સંખ્યાબળ નથી. કોંગ્રેસના આંતરિક કલહે ફરી વખત પાર્ટીની નબળાઈઓને સપાટી પર લાવી દીધી છે. થોડા મહિના પહેલા જ મધ્યપ્રદેશમાં પણ આંતરિક વિખવાદને કારણે કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો. મધ્યપ્રદેશમાં કોંગ્રેસને બેઠી કરનાર જ્યોતિરાદિત્ય સિંધિયાએ બળવો કરીને સમર્થકો સાથે પાર્ટી છોડતા કમલનાથ સરકારનું પતન થયું હતું. એ પહેલાં પણ છથી વધારે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીઓ, ઓછામાં ઓછા ત્રણ મુખ્યમંત્રીઓ અને ચાર ભૂતપૂર્વ પ્રદેશ અધ્યક્ષ કોંગ્રેસ છોડી ચૂક્યાં હતા. પાર્ટીના મોટા માથા ગણાતા લોકો પાર્ટી છોડી ચૂક્યાં છતાં કોંગ્રેસ એ દિશામાં કોઈ રણનીતિ ઘડી રહી હોય એવું જણાતું નથી. સોનિયા ગાંધીના કાર્યકારી પાર્ટી અધ્યક્ષ બન્યા છતાં કોંગ્રેસની સમસ્યાઓનો અંત આવતો નથી. એક સમયે સચિન પાયલોટ, જ્યોતિરાદિત્ય સિંધિયા, હેમંત બિસ્વા શર્મા અને અશોક તંવર જેવા યુવાન નેતાઓ રાહુલ ગાંધીની નિકટ મનાતા હતાં. પરંતુ હવે આ યુવાન નેતાઓ પાર્ટી છોડી ચૂક્યાં છે. તેની પાછળ રાહુલ ગાંધીની નબળી નેતાગીરી જ કારણભૂત છે. ખરું જોતા તો કોંગ્રેસ કદાચ તેના સૌથી કપરા કાળમાંથી પસાર થઈ રહી છે. મધ્યપ્રદેશમાં પણ કોંગ્રેસની સરકાર ગબડવા પાછળ ભાજપ કરતા કોંગ્રેસનો આંતરિક કલહ જ વધારે કારણભૂત હતો. મધ્યપ્રદેશના પીઢ નેતાઓએ પોતાના પરિવારને આગળ વધારવા માટે તેમના માર્ગની સૌથી મોટી અડચણ એટલે કે જ્યોતિરાદિત્ય સિંધિયાને દૂર કરવા માટે સરકારના પતન સુધીનું જોખમ ઉઠાવ્યું એવું ઘણાંને લાગતું હતું. જ્યોતિરાદિત્ય સિંધિયાને એક ચોક્કસ રણનીતિ અંતર્ગત બળવો કરવા માટે મજબૂર કરવામાં આવ્યાં. નહીંતર સિંધિયાની એવી કોઈ શરત નહોતી જે પૂરી કરવી અશક્ય હોય.

વર્ષ ૨૦૧૮માં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર રચાઈ એની પાછળ જ્યોતિરાદિત્ય સિંધિયા અને સચિન પાયલોટના જોરદાર પ્રયાસો જવાબદાર હતાં. પરંતુ કોંગ્રેસ નેતૃત્ત્વએ છેવટે કળશ પીઢ નેતાઓ પર ઢોળ્યો. દેશની આઝાદી બાદ દાયકાઓ સુધી કોંગ્રેસનું એકહથ્થુ શાસન રહ્યું. જવાહરલાલ નહેરુ અને ઈન્દિરા ગાંધીના સમયમાં કોંગ્રેસ સામે કોઈ પડકાર નહોતો. રાજીવ ગાંધીના સમય સુધી પાર્ટી અત્યંત મજબૂત હતી. પરંતુ વી. પી. સિંહે કોંગ્રેસથી છેડો ફાડયા બાદ પાર્ટીના કાંગરા ખરવાની શરૂઆત થઈ ગઈ. એક પછી એક કદાવર નેતાઓ પાર્ટીથી અલગ થવા લાગ્યાં. શરદ પવાર, મમતા બેનરજી, વાઈએસઆર જેવા નેતાઓએ કોંગ્રેસથી છેડો ફાડીને પોતપોતાના ક્ષેત્રોમાં પોતાના પક્ષ ઊભા કરી લીધાં. આજના દોરમાં જ્યારે ભાજપ જે કુશળતાથી મેનેજમેન્ટ કરે છે ત્યારે કોંગ્રેસમાં એવી કુશળતા અને પ્રોફેશનાલિઝમનો સાવ અભાવ જણાય છે. ભાજપની જેમ કોંગ્રેસમાં છેલ્લા ઘણાં વર્ષોથી જમીનીસ્તરે કોઈ કામગીરી થઈ હોવાનું જણાયું નથી. નવા કાર્યકરોની ભરતીથી લઈને તેમની ટ્રેનિંગ કે પછી વર્કશોપ કે શિબિરનું કોઈ આયોજન જ થતું નથી. અગાઉ પાર્ટીમાં એવા નેતાઓ હતાં જે કાર્યકરો અને સામાન્ય લોકો સાથે સીધી રીતે જોડાયેલા હતાં. આવા નેતાઓની પોતાના પ્રદેશ અને લોકો ઉપર સારી એવી પક્કડ રહેતી જે ચૂંટણીટાણે મતોમાં ફેરવાતી. પરંતુ હવે કોંગ્રેસમાં એવા નેતાઓનો દુષ્કાળ પડયો છે. કોંગ્રેસ સંપૂર્ણ રીતે ગાંધી પરિવારની આશ્રિત બની ગઈ છે. આ ચૂંટણીમાં એવું પણ જોવા મળ્યું કે ઘણાં વરિષ્ઠ નેતાઓએ પોતાના ક્ષેત્રથી પણ અંતર જાળવ્યું. ખરેખર તો છેલ્લા થોડા વર્ષોથી પાર્ટીનું કલ્ચર જ સાવ બદલાઈ ગયું છે. ખાસ કરીને કોંગ્રેસના ઉચ્ચ નેતૃત્ત્વ ફરતે કહેવાતા બુદ્ધિજીવીઓની માયાજાળ ફેલાઈ ગઈ છે જે લોકો જમીનીસ્તરથી સાવ અળગા છે. આવા વચેટિયા લોકોના કારણે કોંગ્રેસના ટોચના નેતાઓ સામાન્ય પ્રજા અને કાર્યકરોથી સાવ વિખૂટા પડી ગયા છે. હવે રાજસ્થાનમાં પણ ગેહલોત સામે પાયલટે બળવો કરતા સરકાર પર સંકટના એંધાણ છે. ગેહલોતે પાયલટને દબાવવા માટે આખરી શસ્ત્ર તરીકે વિધાન સભા અધ્યક્ષ પાસેથી બળવાખોરોને નોટીસ પાઠવી દીધી છે. જેની સામે પાયલટ જૂથ હાઈકોર્ટમાં પહોંચ્યું છે. જો કે, પાયલટે હજુ સુધી ભાજપમાં જોડાવવાની વાતનો વારંવાર ઈન્કાર કર્યો `છે. તે જોતો અંદરખાનેથી કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે તેના સંપર્કો હોવાની અને સમાધાનની શક્યતા પણ છે. બીજી તરફ ગેહલોતના સુર પણ ગુરુવારે નરમ પડ્યા હતા. હવે કોંગ્રેસ સાથે સમાધાન નહીં થાય તો પાઈલટ શું કરશે એ અંગે અટકળો ચાલવા માંડી છે.



manoj1968@yahoo.ca




Welcome To The Well Maintained, Super Clean And Bright 2 Bedrooms + Den In Rainbow Village, Huge Living/Dining Room, Large Bedrooms, 2 Full Washrooms,All Customized Closets In Kitchen,Bedrooms,Entrance,Wshrm. 24 Hrs Gatehouse Security, Large Recreational Facilities, Gym, Pool, Party Room, On Site Day Care, Visitor Parking, Playground On Site. TORONTO



Look No Further!! Don't Miss This Gem In The Neighbourhood Location! Location! This Beautiful Townhouse Is Move In Ready And Situated In Desirable Neighbourhood. Spacious Layout. Big Sun Filled Windows Throughout, Family Size Eat-In Kitchen, Generous Sized 2 Bedrooms, Huge Living Area, Freshly Painted No Carpet, Laminate Floors Throughout. BRAMPTON



Gorgeous 3 Bedroom, 2 Bath, All - Brick, 3 Story, Townhouse Located In The Sought After "West Meadowvale" Area Of Mississauga ! Main Level Features A Gourmet Kitchen With Upgraded White Cupboards, Quartz Countertops And Stainless Steel Appliances( 2020). Living Room And Dining Room With Upgraded Laminate Floors (2020) And Walk - Out To Deck. MISSISSAUGA



Shows Like A Model Home!! In Very Prestigious Area Of Nobleton ,3 Car Garage,Open Concept,Modern Kitchen With High End Appliances, Main Floor Den,4 Bedrooms With En Suite,2 Master Bedrooms,Upstairs Balcony,Spacious & Luxurious Spa Like Washrooms.$200,000 Spent In Upgrades,Quartz Countertops,Upgraded Cupboards,Close To All Amenities &Downtown Toronto. KING

RE/MAX REALTY SERVICES INC. BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED



JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com
Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

CPMA - ACGP
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# કેનેડામાં ૯,૫૩,૦૦૦ નોકરીનું સર્જન, બેકારી દર ઘટયો

## મે માસમાં બેકારી દર ૧૩.૭ ટકા હતો જે જૂન માસમાં ૧૨.૩ ટકા થઈ ગયો

ઓટાવા - કેનેડામાં હજુ ગયા મહિને નોકરીઓની તંગી જણાતી હતી. પરંતુ જૂન મહિનામાં આશરે ૧૦ લાખ કેનેડિયનોને નવી નોકરી મળી છે એમ સ્ટેટિસટિક્સ કેનેડાએ જણાવ્યું હતું. તેના દ્વારા હાથ ધરાવામાં આવેલા એક સર્વેનો અહેવાલ શુક્રવારે બહાર પાડવામાં આવ્યો હતો. અહેવાલ જણાવે છે કે, ગયા મહિને જૂન મહિનામાં નોકરીનું પ્રમાણ ૯,૫૩,૦૦૦ થયું હતું. જેમાં ૪,૮૮,૦૦૦ ફૂલ ટાઈમ અને ૪,૬૫,૦૦૦ પાર્ટ ટાઈમ નોકરીઓનો સમાવેશ થાય છે. તેના પરિણામે જૂન મહિનામાં બેકારીનો દર ઘટીને ૧૨.૩ ટકા થયો હતો. જ્યારે મે મહિનામાં બેકારીનો દર ૧૩.૭ ટકા હતો. જૂન મહિનામાં કામદારોની સંખ્યામાં ૪,૯૧,૦૦૦નો ઉમેરો થતા કામદારોની કુલ સંખ્યા આશરે ૭,૮૬,૦૦૦ જેટલી થઈ હતી.

મે મહિનામાં કામદારોની સંખ્યા ૪,૪૩,૦૦ હતી. આ કોરોનાના રોગચાળાના પહેલાના આંકડા છે. નોકરીના દરમાં થયેલો આ વધારો બધા જ રાજ્યમાં થયો હતો. જેમાં ઓન્ટેરિયોમાં ૩,૭૮,૦૦૦ કામદારોનો પણ વધારો થયો છે. કોરોના વાઈરસને કારણે લોકડાઉન બાદ પહેલી વખત આ વધારો થયો છે. આ ઉત્સાહ વર્ધક સમાચાર છતાં અર્થ શાસ્ત્રી જીમ સ્ટેનફોર્ડે જણાવ્યું હતું કે, નોકરીના બજારમાં હજુ પણ બેકારીનો દર ઊંચો રહ્યો છે અને હજારો કામદારો એકસાથે પોતાની નોકરીઓ છોડીને ચાલ્યા ગયા છે. નોકરીઓમાં આ વધારો એક સરખો નથી. જેમ કે, મહિલાઓ યુવાનો અને ઓછી આવક મેળવતા કામદારોની સ્થિતિમાં સુધારો થયો નથી, તે બાબતે સ્ટેનફોર્ડ કહે છે કે, જેઓ નોકરીઓ છોડીને ચાલ્યા ગયા છે, તેઓ પાછા નહિ આવે તો ભારે સમસ્યા ઊભી થશે.

## કેનેડાના અર્થતંત્ર માટે ૧૦ વર્ષ સંઘર્ષના રહેશે

ટોરન્ટો : કેનેડાના અર્થતંત્રનો વિકાસ દર આવનારા દસ વર્ષ સુધી ઓછો રહેશે. કેમ કે, કોવિડ –૧૯ના પ્રભાવને કારણે અસરગ્રસ્ત લોકો અને વ્યાપારીઓના માથે દેવું વધી રહ્યું છે. એમાંથી બહાર આવવામાં આટલો સમય લાગશે એવું તાજેતરમાં એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. યુ.કે. સ્થિત કેપીટલ ઈકોનોમિક્સે આગાહી કરી છે કે, કેનેડાનું અર્થતંત્ર આ વર્ષના અંત સુધીમાં ૬.૩ ટકાના દરે વિકસશે. જે વૈશ્વિક મહામારી પહેલાની સરખામણીમાં ઓછું હશે. કદાચ વિકાસ દર ૬.૨ ટકા પણ રહેશે. પરંતુ રોજગારીની તકો સર્જાશે અને લોકડાઉન પાછું ખેંચાશે પછી જ ગાડી પાટા પર આવી શકશે. સ્ટેસ્ટીક્સ કેનેડાના આંકડા મુજબ દેશમાં જુન માસમાં બિઝનેસ ફરીથી શરૂ થતાં જ ૯૫૩૦૦૦ નવા રોજગારો ઉભા થયા હતા. આમ છતાં હજુ ૩.૧ મિલીયન કેનેડીયનો કોવિડ –૧૯ને કારણે આવેલા લોકડાઉનની અસર હેઠળ છે. જેમાં ૧.૮ મિલીયન લોકોએ નોકરી ગુમાવી છે અથવા તો કામના કલાકોમાં કાપનો સામનો કરવો પડયો છે. હવે કેનેડાના અર્થતંત્રને પહેલાની સ્થિતિમાં આવવામાં વર્ષ ૨૦૨૨ સુધીનો સમય લાગશે.

# શોપિંગ અને મનોરંજનને નામે રીટ પાંચ હજાર અમેરિકનનો કેનેડામાં પ્રવેશનો પ્રયાસ

- ૧૦ હજારથી વધુ અમેરિકન નાગરિકોને સરહદેથી પરત મોકલી અપાયા

ઓટાવાઃ કેનેડા બોર્ડર સર્વસિઝ એજન્સીના નવા આંકડાઓ મુજબ ૧૦ હજારથી વધુ અમેરિકન નાગરિકોને વૈશ્વિક મહામારી દરમિયાન કેનેડાની સરહદેથી પાછા વાળવામાં આવ્યા હતા. જે પૈકીના અડધા તો કેનેડામાં માત્ર શોપિંગ અને મનોરંજન માટે જ પ્રવેશવા માંગતા હતા. કેનેડાના મીડિયાના જણાવ્યા મુજબ ૧૦૩૨૯ અમેરિકન નાગરિકોને ૨૨મી માર્ચથી ૧૨મી જુલાઈ દરમિયાન કેનેડાની સરહદેથી પાછા વાળવામાં આવ્યા હતા. એ પૈકીના ચોથાભાગના લોકોએ કહયું હતું કે, તેઓ કેનેડામાં માત્ર ફરવા આવવા માંગતા હતા. જોકે અડધાને તો પાછા વાળવામાં સફળતા મળી હતી. પરંતુ ૨૭૦૦ જેટલાને પાછા વાળ્યા છતાં ૧૨૦૦થી વધુનો પ્રવાસ માત્ર મનોરંજન માટેનો હોવાથી એમને પાછા વાળવામાં આવ્યા હતા. ૫૦૦ અમેરિકનો તો કેનેડામાં શોપિંગ કરવા માંગતા હતા.

નવા નિયમ મુજબ કેનેડામાં હવાઈ માર્ગે, જમીન માર્ગે, રેલ્વેથી કે દરિયાઈ માર્ગે પ્રવેશ કરનાર દરેકે પ્રવાસનો હેતું જણાવવાનો હોય છે. તે લોકો બિમાર હોય કે ન હોય તેમણે એ જણાવવું ફરજિયાત છે. એમ પ્રવકતાએ જણાવ્યું હતું. છતાંય કેટલાક અમેરિકનો પ્રવેશી જાય છે અને પકડાઈ જાય તો કવોરન્ટાઈનના ભંગ બદલ ૧૦૦૦ યુએસ ડોલરનો દંડ ભરે છે.






# ગુજરાતમાં કોરોનાનો રાફડો : ૯૧૯ કેસ, ૧૦ના મોત

## સુરતમાં વધુ ૨૬૫ નવા કેસ નોંધાયાઃ રાજ્યમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૪૫ હજારને પાર, કુલ મૃત્યુઆંક ૨૦૯૧

ગાંધીનગર : રાજ્યમાં ગુરૂવારે સતત ચોથા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર નોંધાયો છે. ગુરૂવારે રાજ્યમાં ૧૧૪૬૩ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૯૨૯ કેસ પોઝિટિવ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૪૫ હજારને પાર થઈ ૪૫૫૬૯ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે કોરોનાના ૧૦ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૦૮૧ થયો છે. રાજ્યમાં ગુરૂવારે ૮૨૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવતા કુલ ડિસ્ચાર્જ કરવાનો આંકડો ૩૨ હજારને પાર કરી ૩૨૧૭૪ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૧૧૨૨૧ એક્ટિવ કેસ છે. જેમાં ૭૩ વેન્ટીલેટર પર ૧૧૨૨૯ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં સતત ચોથા દિવસે પોઝિટિવનો આંકડો ૯૦૦ ને પાર થયો હતો. સાથો સાથ રોજેરોજ કોરોનાના કુલ સંક્રમિત આંકડામાં ૧૦૦૦ નું મીટર ફરી જતા આજે ૪૫ હજારને પાર આંકડો ગયો હતો.રાજ્યમાં આજે કોવિડના કારણે ૧૦ મોત નીપજ્યા હતાં. જેમાં અમદાવાદ કૉર્પોરેશનમાં ૫, અને સુરત કૉર્પોરેશનમાં ૫ મોંત નોંધાયા છે.અમદાવાદ કૉર્પોરેશનમાં ૧૬૮ અને ગ્રામ્યમાં ૧૩ સાથે કુલ ૧૮૧ કેસ કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૨૩૭૮ થયો છે. આજે વધુ ૫ મોત સાથે ૧૫૩૨ કુલ મૃત્યુઆંક અમદાવાદમાં છે. આજે સુરત શહેરમાં ૨૭૦ અને ગ્રામ્યમાં ૪૮ સાથે કોરોનાના ૨૩૪ કેસો નોંધાતા કુલ સંક્રમિતોનો આંકડો ૮૯૦૭ થયો છે.જ્યારે વધુ ૫ મોત સાથે સુરતમાં ૨૩૪ કુલ મૃત્યુઆંક પહોંચ્યો છે. વડોદરા શહેરમાં ૬૩ અને ગ્રામ્યમાં ૧૧ સાથે વડોદરા શહેરમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૩૫૩ થયો છે. ગાંધીનગર કૉર્પોરેશનમાં ૬ અને ગ્રામ્યમાં ૨૧ સાથે ૨૭ દર્દી નોંધાયા છે.આ સાથે કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧ હજારને પાર થઈ ૧૦૦૧ થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪,૯૯,૧૭૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૩૫૬૧૪૨ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૩૫૩૭૫૭ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૨૩૮૫ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ઝાયડસે કોરોનાની વેક્સીનનું હ્યુમન ટ્રાયલ શરૂ કર્યું

અમદાવાદ : ફાર્માસ્યૂટીકલ અને હેલ્થકેર કંપની ઝાયડસ કેડિલાએ બુધવારે પોતાની કોવિડ-૧૯ની વેક્સીન ZyCov-Dનું હ્યુમન પરીક્ષણ શરૂ કરતા પહેલા વ્યક્તિને તેનો ડોઝ આપ્યો હતો. આ મામલે કંપની તરફથી એક નિવેદનમાં કહેવાયું હતું કે, પ્લાઝમિક ડીએનએ વેક્સીન સૌથી સુરક્ષિત માનવામાં આવે છે. કંપનીએ કહ્યું, અમને ક્લિનિકલ ટ્રાયલમાં ઈમ્યુનિટી ટેસ્ટમાં સારા પરિણામ મળ્યા છે. આ સાથે જ વેક્સીનની માનવી પર કેવી અસર થાય છે અને તેના કોઈ સાઈડ ઈફેક્ટ્સ છે કે નહીં તે પણ ટ્રાયલમાં તપાસ કરવામાં આવશે. ઝાયડસ કેડિલા મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૦માં કોવિડ-૧૯ની વેક્સીન ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ કર્યો ત્યારથી વેક્સીનના હ્યુમન ડોઝ ટ્રાયલ સુધીનો પ્રવાસ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ કહી શકાય. ઝાયડસ કેડિલાના ચેરમેન પંકજ પટેલે જણાવ્યું કે, 'આ કોરોના સામેની લડાઈમાં મહત્વપૂર્ણ ડગલું છે. અમે આગામી મહિનાઓમાં ZyCoV-Dના એડેપ્ટિવ ફેઝ ૧/૧૧ ક્લિનિકલ સ્ટડીના મહત્વપૂર્ણ ડેટાને એકઠો કરીશું. હ્યુમન ક્લિનિકલ ટ્રાયલમાં કંપની દેશભરની જુદી જુદી જગ્યાઓમાંથી ૧૦૦૦ લોકો પર વેક્સીનનું ટેસ્ટીંગ કરશે.

### રાજ્યમાં કોરોનાના કેસો

| શહેર | કેસ | શહેર | કેસ |
|---|---|---|---|
| સુરત કોર્પોરેશન | ૨૧૭ | જામનગર કોર્પોરેશન | ૧૦ |
| અમદાવાદ કોર્પો. | ૧૬૮ | નવસારી | ૧૦ |
| સુરત (ગ્રામ્ય) | ૪૮ | આણંદ | ૯ |
| ભાવનગર કોર્પો. | ૩૫ | પાટણ | ૯ |
| જુનાગઢ | ૩૨ | સાબરકાંઠા | ૯ |
| ભરુચ | ૨૯ | જુનાગઢ કોર્પોરેશન | ૭ |
| રાજકોટ કોર્પોરેશન | ૨૬ | અમરેલી | ૬ |
| રાજકોટ | ૨૫ | બોટાદ | ૬ |
| ગાંધીનગર | ૨૧ | છોટા ઉદેપુર | ૬ |
| ખેડા | ૨૦ | ગાંધીનગર કોર્પોરેશન | ૬ |
| સુરેન્દ્રનગર | ૨૦ | ગીર સોમનાથ | ૬ |
| દાહોદ | ૧૬ | પંચમહાલ | ૬ |
| વલસાડ | ૧૬ | મોરબી | ૫ |
| ભાવનગર | ૧૫ | અરવલ્લી | ૪ |
| બનાસકાંઠા | ૧૪ | નર્મદા | ૩ |
| અમદાવાદ | ૧૩ | જામનગર | ૨ |
| મહેસાણા | ૧૩ | મહીસાગર | ૨ |
| કચ્છ | ૧૧ | | |
| વડોદરા | ૧૧ | કુલ | ૯૧૯ |


Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
Web: www.siis.ca
iccrc crcic
AMI MEHTA (SINP Authorized Rep)
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)



AMI MEHTA (SINP Authorized Rep)
CANADA OFFICE 94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE 2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# દ. ગુજ.માં કોરોનાના ૩૦૬ કેસ : સુરતમાં ૧૪ મોત

## શહેર-જિલ્લા- ૨૬૨, નવસારી-૧૦, વલસાડ-૧૬, સંઘપ્રદેશ-૧૮ : શહેર-જિલ્લામાં કુલ આંકડો ૯૪૬૭, ૫૮૫૯ દર્દી સાજા થયા

સુરત : દક્ષિણ ગુજરાતમાં આતંક મચાવી રહેલા કોરોનાની લપેટમાં ગુરુવારે વધુ ૩૦૬ દર્દી સપડાયા હતા. જેમાં સુરત શહેરમાં ૨૧૭, જિલ્લામાં ૪૫, નવસારીમાં ૧૦, વલસાડમાં ૧૬, દા.ન.હ.માં ૬ અને દમણમાં ૧૨ દર્દીનો સમાવેશ થાય છે. જ્યારે સુરત શહેરમાં ૧૧ અને જિલ્લામાં ૩ દર્દી કાળનો કોળિયો બન્યાં હતા, જેની સાથે સુરતમાં કોરોનાનો કુલ મરણાંક ૪૦૧ ઉપર પ હોંચી ગયો છે.

બેકાબૂ બનેલા કોરોનામાં મરણાંક વધતો જ જઈ રહ્યો છે. ગુરુવારે સુરત શહેરમાં વધુ ૧૧ દર્દી મોતને ભેટયાં હતા. સિવિલમાં દાખલ મુગલીસરાના ૬૦ વર્ષીય વૃદ્ધ, પાલના ૬૪ વર્ષીય વૃદ્ધ, અઠવાગેટના ૭૬ વર્ષીય વૃદ્ધ, ભાઠેની ૫૬ વર્ષીય મહિલા અને સ્મીમેરમાં રાંદેરનો ૬૦ વર્ષીય વૃદ્ધ, અમરોલીના ૫૦ વર્ષીય આધેડ, પુણાગામનો ૪૪ વર્ષીય યુવક, કતારગામનો ૪૩ વર્ષીય યુવક, ડિંડોલીની ૪૬ વર્ષીય મહિલા, ઉત્રાણનો ૬૨ વર્ષીય વૃદ્ધ અને ડિંડોલીનો ૨૫ વર્ષીય યુવક મોતને ભેટયો હતો. જ્યારે સુરત જિલ્લામાં કામરેજ નનસાદ રોડના ૫૩ વર્ષીય આધેડ, ઓલપાડ



કીમની ૫૦ વર્ષીય મહિલા અને કામરેજ રામનગરના ૬૨ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું. ગુરુવારે પણ દક્ષિણ ગુજરાતમાં કોરોનાનો સૌથી વધુ કેર સુરત શહેર-જિલ્લામાં જોવા મળ્યું હતું. શહેરમાં કોરોનાના નવા ૨૧૭ કેસ અને ૧૧ દર્દીના મોત સામે આવ્યાં હતા. જેની સાથે શહેરમાં કોરોનાના દર્દીનો કુલ આંકડો ૭૯૩૦ અને મરણાંક ૩૫૦ થયો છે. જ્યારે જિલ્લામાં કોરોનાના નવા ૪૫ કેસ અને ૩ દર્દીના મોત નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કોરાનાના દર્દીનો કુલ આંકડો ૧૫૩૭ અને મરણાંક ૫૧ ઉપર પહોંચ્યો છે. આમ, અત્યાર સુધીમાં શહેર-જિલ્લામાં કોરોનાના દર્દીનો કુલ આંકડો ૯૪૬૭ અને મરણાંક ૪૦૧ થઈ ચૂક્યો છે.

ગુરુવારે શહેરમાં કોરોનાના ૧૫૧ અને જિલ્લામાં ૨૯ સાજા થયા હતા. આમ અત્યાર સુધીમાં શહેરમાં ૫૦૫૯ અને જિલ્લામાં ૮૧૧ મળી કુલ ૫૮૭૦ દર્દી કોરોના મુક્ત થયા છે.

સુરતમાં સિવિલના ૫, સ્મીમેરના ૩ અને ખાનગી ૬ તબીબ, ધારાસભ્યનો ભાઈ, ૨૧ હીરા-કાપડ વ્યવસાયીને કોરોના થયો હોવાનું જાણવા મળ્યું છે. સુરતમાં જ પૂરતી સારવાર અને ટેસ્ટિંગની પુરતી સુવિધા ઊભી કરીને ક્યોર કરવામાં નહીં આવે તો સૌરાષ્ટ્રમાં સુરતના હીજરતી લોકોથી સંક્રમણનો વિસ્ફોટ થઈ શકે છે.

### વડોદરામાં નવા ૮૮ કેસ નોંધાયા, કુલ સંક્રમિતોની સંખ્યા ૩૨૯૬ પર પહોંચી

વડોદરા: વડોદરા શહેરમાં બે દિવસમાં કોરોના વાયરસના વધુ ૮૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૩૦૭ પહોંચી ગઇ છે. આજે કોર્પોરેશન દ્વારા ૫૫૯ સેમ્પલ ટેસ્ટ કરવા માટે લીધા હતા. જેમાંથી ૭૭નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તો આજે સારવાર બાદ ૫૯ દર્દીઓને રજા આપવામાં આવી છે. આમ અત્યાર સુધી કોરોનાથી ૨૪૩૩ દર્દીઓ સાજા થયા છે. વડોદરા જિલ્લામાં કોરોના સંક્રમણથી અત્યાર સુધી ૬૦ લોકોના મૃત્યુ થયા છે. વડોદરા શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ સંક્રમણ સતત વધી રહ્યું છે. આજે ડભોઈમાં વધુ ચાર કેસ સામે આવ્યા છે. આમ ડભોઈમાં છેલ્લા બે દિવસમાં ૧૫ કેસ સામે આવ્યા છે. આમ ડભોઈમાં સંક્રમિતોની સંખ્યા ૬૬ પર પહોંચી ગઈ છે. તો પાદરામાં આજે નવા ૬ કેસ સામે આવ્યા છે.

### ભાવનગર શહેરમાં કોરોના વિસ્ફોટ : પાંચ દિવસમાં ૧૫ દર્દીના મોત

ભાવનગર : ભાવનગર શહેર અને જિલ્લામાં કોરોના વાઈરસના સંક્રમણના ૧૧૨ દિવસ દરમિયાન તંત્રએ સત્તાવાર રીતે ૧૬ દર્દીના મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. વાસ્તવમાં, તા.૯ થી ૧૩ જૂલાઈ પાંચ દિવસમાં જ ૧૫ દર્દીના મૃત્યુ નિપજ્યા હોવાનું બહાર આવતા ખળભળાટ થઈ ગયો છે. આમ, કોરોના વિસ્ફોટ વચ્ચે તંત્રએ આંકડા છૂપાવ્યાનો ઘટસ્ફોટ થયો છે. ભાવનગરમાં કોરોના પોઝિટિવ દર્દીઓના ટપોટપ મૃત્યુ થઈ રહ્યા હોવાનું બિહામણું ચિત્ર બહાર આવી રહ્યું છે. કોઈ બિમારી ન હોય અને પોઝિટિવ દર્દીનું મૃત્યુને જ કોરોનામાં મૃત્યુ ગણીને અન્ય બિમારી હોય અને પોઝિટિવ દર્દીનું મૃત્યુ થાય તો અવગણીને કોરોનામાં નહીં ગણીને માહિતી છુપાવવામાં આવી રહી છે.

### રાજકોટમાં ૬૦, જૂનાગઢ ૪૫ સહિત સૌરાષ્ટ્રમાં ૨૫૫ કેસ : કોરોનાથી ૪ મોત

રાજકોટ: સૌરાષ્ટ્રમાં કોરોનાના આજે ૨૫૫ કેસ નોંધાયા છે. જેમા રાજકોટ જિ.માં ૬૦, જૂનાગઢ ૪૫,.મોરબી ૧૪, અમરેલી ૧૪, જામનગર ૧૦, સોમનાથ ૧૦, પોરબંદર ૨ તેમજ ભાવનગર ૬૧, સુ.નગર ૩૫ અને બોટાદમા ૪ કેસ નોંધાયા છે. તેમજ રાજકોટ જિ.માં ૨, મોરબી, ભાવનગરમા એક–એક મૃત્યુ નિપજયું છે. રાજકોટ શહેરમાં આજે રેકોર્ડબ્રેક ૩૯ કેસ નોંધાયા છે જેમાં કેવડાવાડીમાં રહેતા એક પરિવારના બાળકો સહિત ૬ સભ્યો સંક્રમિત બન્યા છે. નવા ૩૯ સાથે કુલ કેસ ૪૭૬ થયા છે. ૨૪૦ દર્દીઓ સારવાર હેઠળ છે. તેમજ જિલ્લામા આજે એકસાથે ૨૧ કેસ નોંધાતા ભયનો માહોલ છવાયો છે. જેમા ધોરાજી,ગોંડલ અને જસદણમા આજે એક સાથે પાંચ–પાંચ કેસ નોંધાયા છે. ધોરાજી,ગોંડલમા કોરોનાથી એક મોત થયુ છે.

### મહેસાણા, બનાસકાંઠા અને પાટણમાં ૩૨ કોરોના પોઝિટિવ કેસ, ૩ના મોત

મહેસાણા : આફ્ટર લોકડાઉન ઉત્તર ગુજરાતમાં લોકલ ટ્રાન્સમીશનને કારણે કોરોના વાયરસ સંક્રમણનો વ્યાપ ચિંતાજનક વધી રહ્યો છે. બુધવારે મહેસાણામાં ૧૯, બનાસકાંઠામાં ૧૨, પાટણમાં ૧ મળી કુલ ૩૨ કોરોના પોઝિટીવ કેસ સામે આવ્યા છે. જ્યારે મહેસાણાની સાંઈ ક્રિષ્ણા કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા શહેરના ૨ કોરોના પોઝિટિવ દર્દીઓને તેમજ પાટણમાં રહેતા ૫૦ વર્ષીય આધેડનું મોત થયું હતું. મહેસાણા શહેર અને જિલ્લામાં છેલ્લા એક પખવાડીયાથી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. મહેસાણા જિલ્લામાં ૧૬ પુરુષ અને ૩ મહિલાઓ સહિત કુલ ૧૭ કોરોના પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જેમાં ઊંઝાના આઈ ડેન્ટલ હોસ્પિટલના કર્મચારી તેમજ એક વેપારી કોરોના પોઝિટિવ આવ્યા છે.

## અમદાવાદ જિલ્લામાં કોરોના સંક્રમણનો આંકડો ૧,૦૦૦, ૫૩૦૦ હોમ કોરોન્ટાન

- વધુ ૧૪ કેસ મળ્યા : બાવળામાં સંક્રમણનો આંકડો ૧૦૧ થયો : ધોળકા, સાણંદ, દસક્રોઈ, વિરમગામ સહિતના વિસ્તારોમાં કોરોના વાયરસના અનેક દર્દીઓ મળી આવ્યા

અમદાવાદ : અમદાવાદ જિલ્લામાં બુધવારે કોરોના પોઝિટિવ વધુ ૧૪ કેસ નોંધાયા હતા. તેની સાથે જિલ્લામાં કોરોના સંક્રમણનો કુલ આંકડો ૧,૦૦૫ થઈ ગયો છે. બુધવારે ધોળકામાંથી સૌથી વધુ ૬ કેસ મળી આવ્યા હતા. દસક્રોઈ, સાણંદમાં ૩-૩ અને વિરમગામ-બાવળામાં ૧-૧ કેસ નોંધાયા હતા. જિલ્લામાં સંક્રમણમાં ૧૦૦નો આંકડો પાર કરવામાં બાવળા પાંચમો તાલુકો બની ગયો છે.

ધોળકામાં રામપુર, સઈજમાં પટેલ વાસ, સીમેજ, શિવશક્તિ સોસાયટી, કલીકુંડ માં રાજધાની સોસાયટીમાંથી વધુ નવા કેસ સામે આવ્યા હતા. સાણંદમાં લાભશુભ સોસાયટી, સનાથલમાં ધ મિડોવ્સ અને સાણંદમાં સોમનાથ સોસાયટીની પાસે સુભમ રેસિડેન્સીમાંથી કેસ મળ્યો હતો.

દસક્રોઈમાં કાસિન્દ્રા ગામેથી બે કેસ અને કણભા ગામેથી એક કેસ કોરોનાનો મળ્યો હતો. વિરમગામમાં સિદ્ધાર્થ સોસાયટી અને બાવળામાં દેવ ધોલેરામા એક કેસ નોંધાયો છે. જિલ્લામાં કોરોના સંક્રમણનો આંકડો વધતો જઈ રહ્યો છે. બુધવારે વધુ ૬૮૪ લોકોને 'હોમ કર્વારન્ટાઈ' કરવામાં આવ્યા હતા.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્જી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.

Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.

## વાયરસના બેફામ સંક્રમણથી ભારતમાં પોઝિટિવ દર્દીઓનો આંકડો હવે ૧૦ લાખને પાર

# કોરોના સંકટમાં ભારતીયો હવે ભગવાન ભરોસે

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ભારતમાં અનલોક થયાને ૪૬ દિવસ વીતી ચુક્યા છે. ત્યારે દેશમાં કોરોનાને મુદ્દે સ્થિતિ વણસી રહી છે. દેશમાં કોરોનાના કેસ કુદકેને ભૂસકે વધી રહ્યા છે. દરરોજ હજારોની સંખ્યામાં કોરોના સંક્રમિત દર્દીઓ નોંધાતા હવે દેશમાં કુલ દર્દીનો આંકડો ૧૦ લાખને આંબી ગયો છે. બુધવારે સાંજ સુધીમાં કોરોનાના કુલ કેસોનો આંકડો ૯.૪૦ લાખની આસપાસ હતો. જેમાં ગુરુવારે ૩૨૬૯૫ કેસ ઉમેરાયા હતા. અરે મહારાષ્ટ્ર અને તમિલનાડૂમાં જ દેશના ૫૦ ટકા કેસ નોંધાયા છે અને દેશમાં કુલ કેસો પૈકીના ૮૬ ટકા કેસ માત્ર ૧૦ રાજ્યોમાં જ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના દાવા પ્રમાણે ભારત હજુ પણ એવા દેશોની યાદીમાં સામેલ છે જ્યાં ૧૦ લાખની વસતી પર કોરોના સંક્રમણના સૌથી ઓછા કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ મંત્રાલય કોરોનાની સ્થિતિ અંગે જણાવ્યું છે કે, દેશમાં ૮૬% કોરોના કેસ માત્ર ૧૦ રાજ્યો સુધી સિમિત છે, એવું નથી કે દરેક રાજ્ય કોરોના સંક્રમણની લપેટમાં આવી ગયું છે. મહારાષ્ટ્ર અને તમિલનાડૂમાં દેશના ૫૦ ટકા કેસ સામે આવ્યા છે. જ્યારે બાકીના ૩૬ ટકા કેસ કર્ણાટક, દિલ્હી, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં છે. અન્ય રાજ્યોમાં આ ૧૦ રાજ્યોની સરખામણીએ કેસ અંકુશમાં છે. જો કે, દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓમાં સ્વસ્થ થતા દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે, દેશમાં રિકવરી રેટ સતત વધીને ૬૩ ટકાને પાર પહોંચી ગયાનો દાવો આરોગ્ય વિભાગે કર્યો છે. મંત્રાલય મુજબ સંક્રમિત ૨૦ રાજ્યોમાં રિકવરી રેટ ૬૩.૦૨ ટકા છે, જેમાં ૮૭ ટકા રિકવરી રેટ સાથે લદાખ ટોપ પર છે.

કોરોનાના કારણે થઈ રહેલાં મૃત્યુનો આંકડો પણ વધી રહ્યો છે. મૃત્યુઆંક પણ પચ્ચીસ હજારની નજીક એટલે કે, ગુરુવારે સાંજ સુધીમાં ૨૪૯૧૫ થઈ ગયો હતો. ભારતમાં કોરોનાના કેસો વધી રહ્યા છે તેમ તેમ પાછો ફફડાટ પણ વધી રહ્યો છે. હવે પછી શું થશે એ સવાલ પૂછાઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર તો ગમે ત્યારે પાછું લૉકડાઉન લદાશે એવી અફવાઓનો મારો જ ચાલ્યા કરે છે. મોદી સરકાર વતી દર ત્રીજા દાડે કોઈએને કોઈએ આવીને ચોખવટ કરવી પડે છે કે, દેશમાં ફરી લૉકડાઉન લાદવાની સરકારની કોઈ યોજના નથી. છેલ્લે મંગળવારે ગૃહ મંત્રાલય અને આરોગ્ય મંત્રાલયે પ્રેસ કોન્ફરન્સ કરી ત્યારે પણ ચોખવટ કરી જ કે, સોશિયલ મીડિયા પર ફેંકાતા ગપગોળા પર ધ્યાન ના આપશો. કેમ કે, મોદી સરકાર ફરીથી લૉકડાઉન લાદવાની નથી. જો કે, મોદી સરકાર લૉકડાઉન લાદે કે ના લાદે તેનાથી બહુ ફરક પડતો નથી. કેમ કે દેશની અડધા ઉપરાંત વસતી તો લૉકડાઉન હેઠળ છે જ. મોદી સરકારે ૧ જૂનથી લૉકડાઉન હટાવી લીધું પછી ફરી લૉકડાઉન લાદ્યું નથી, પણ દેશનાં કેટલાંય રાજ્યોમાં લૉકડાઉન લંબાયા જ કરે છે. તેના કારણે લોકોનો તો છૂટકારો થયો જ નથી. પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, તેલંગણા, તમિળનાડુ, આંધ્ર પ્રદેશ વગેરે રાજ્યોએ તો પહેલાં જ ૩૧ જુલાઈ સુધી લૉકડાઉન લંબાવ્યું છે. છેલ્લે મંગળવારે બિહારના નીતીશકુમારે પણ આખા રાજ્યમાં ૩૧ જુલાઈ સુધી લૉકડાઉન લાદવાની જાહેરાત કરી હતી. બુધવારે ગોવા પણ આ રાજ્યોની યાદીમાં આવી ગયું હતુ. જ્યાં પાંચ દિવસ માટે ગોવાએ પણ લૉકડાઉન લાદી દીધું છે. ઉત્તર પ્રદેશમાં પણ હાલત ખરાબ થઈ રહી છે, તેથી સરકારે પ્રભાવિત વિસ્તારોમાં લોકડાઉન કરી દીધું છે. યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશમાં કોરોના સામે લડવા જોરદાર કામગીરી કરી છે એવાં વખાણનો મારો ચાલ્યો એટલે યોગી ભેરવાઈ ગયા છે. એ સંપૂર્ણ લોકડાઉન લાદવા જાય તો બધાં વખાણ ધોવાઈ જાય તેમ છે. એટલે યોગીએ અઠવાડિયામાં બે દાડા એટલે કે શનિ-રવિ લૉકડાઉન લાદવાની જાહેરાત કરી જ દીધી છે. રાજસ્થાનમાં અશોક ગહલોતે લોકડાઉન લાદ્યું નથી, પણ સરહદો સીલ કરી જ દીધી છે.

ટૂંકમાં દેશનાં મોટા ભાગનાં મોટાં રાજ્યોમાં લૉકડાઉનની સ્થિતિ છે જ. બાકી રહેલા ગુજરાતમાં પણ સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા સહિતના મોટાભાગના શહેરોમાં કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે. તેથી આ શહેરોમાં મોટાભાગના વિસ્તારમાં લોકડાઉન જેવા નિયંત્રણો આવી ગયા છે. શહેરોમાં માર્કેટ બંધ રાખવા વેપારીઓએ સ્વૈચ્છાએ નિર્ણય લીધો છે. તો બીજી તરફ ગ્રાહકોની સંખ્યા પણ તદ્દન પાંખી થઈ જતાં બપોર બાદ શહેરો સૂમસામ ભાંસવા માંડ્યા છે. મોદી સરકારે સત્તાવાર રીતે જાહેરાત ના કરી હોય તો પણ દેશની કુલ વસતીમાંથી અડધા ઉપરાતં વસતી તો લૉકડાઉન હેઠળ છે જ. આ સંજોગોમાં મોદી સરકારે લૉકડાઉન લાદવા વિશે ના વિચારે તેમાં કશું ખોટું નથી, પણ આ સમસ્યાનો ઉકેલ લાવવા મોદી સરકારે કોઈક તો રસ્તો વિચારવો જ પડે તેમ છે. તેનું કારણ એ કે, આપણે ત્યાં કોરોનાના કેસો જે રીતે વધી રહ્યા છે એ જોતાં બહુ જલદી ભારત દુનિયામાં સૌથી મોટો કોરોનાગ્રસ્ત દેશ બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ગુરુવારે સાંજ સુધીમાં એમપીમાં ૧૯૬૪૩, મહારાષ્ટ્રમાં ૨૭૫૬૪૦, ઓરિસ્સામાં ૧૪૮૯૮, રાજેસ્થાનમાં ૨૬૪૩૭, તેલગણામાં ૩૯૩૪૨, બંગાળમાં ૩૪૪૨૭, બિહારમાં ૨૦૬૧૨, તથા દિલ્હીમાં ૧૧૬૯૯૩ તેમજ ગુજરાતમાં ૪૪૫૫૨ દર્દી કોરોના પોઝિટિવ મળી ચૂક્યા છે. આ સાથે જ દેશમાં અત્યાર સુધીમાં ૨૪૯૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. દુનિયામાં કોરોનાના કેસોની રીતે અમેરિકા હજુય સૌથી આગળ છે. અમેરિકામાં કોરોનાનો ભોગ બનેલાં લોકોની સંખ્યા ૩૫ લાખને પાર થઈ ગઈ છે અને મૃત્યુઆંક ૧.૪૦ લાખની આસપાસ છે. બીજા નંબરે બ્રાઝિલ છે કે જ્યાં કુલ ૧૯ લાખની આસપાસ કેસ નોંધાયા છે અને ૭૫ હજારની આસપાસ મૃત્યુઆંક છે. અત્યારે ભારત ત્રીજા નંબરે છે. અમેરિકા તથા બ્રાઝિલમાં કેસનો આંકડો બહુ મોટો છે તેથી એકાદ મહિના સુધી તો ભારત ત્રીજા ક્રમે જ રહેશે. જો કે, સામે જે રીતે રોજ થોકબંધ કેસો આવે છે એ જોતાં ભારતે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે. અમેરિકામાં તો કોરોના હજુય દરરોજના સાઠેક હજાર કેસ નોંધાય છે. ત્યાં ભારતમાં તેના કરતા અડધા એટલે કે ત્રીસેક હજાર કેસ નોંધાય છે, પણ દસેક દિવસ પહેલાં રોજના વીસ હજાર કેસ નોંધાતા હતા તેની સાથે સરખામણી કરો તો સમજાય કે, કેસો ગંભીર રીતે વધી રહ્યા છે. જો કે, રાજ્ય સરકારો આંકડા દબાવી દે છે એવા આક્ષેપો થઈ રહ્યા છે. બંગાળમાં મમતા બેનરજી કોરોનાના કેસ અને મૃત્યુઆંકના સાચા આંકડા જાહેર કરતાં નથી એવું મોદી સરકારે સત્તાવાર રીતે કહેલું છે. મમતા બેનરજી કોરોનાના કારણે થતાં મૃત્યુને કો-મોર્બિડમાં ખપાવી દે છે એવું મોદી સરકારે જ કહેલું. કોરોનાના દર્દીને કોરોના થયા પહેલાં થયેલી કીડની, હૃદય કે બીજી કોઈ ગંભીર બીમારી હોય તો તેનું મોત કોરોનાના કારણે નહીં પણ કો-મોર્બિડ બીમારીના કારણે થયું છે એવું મમતા સરકાર કાગળ પર બતાવે છે તેવી ફરિયાદો છે. પણ આ ચાલાકી બીજાં રાજ્યો કરતાં જ હશે. બલકે હવે તો મોટા ભાગના રાજ્યો કોરોનાના મૃત્યુઆંક આપતી વખતે કો-મોર્બિડની રેકર્ડ વગાડી જ દે છે. ટૂંકમાં જે આંકડો બહાર આવે છે એ સાચો હશે જ એવું માનવાની જરૂર નથી. આ સ્થિતિમાં ભારત માટે કોરોનાનો ખતરો મોટો છે. લૉકડાઉનના કારણે આ ખતરો ટળશે એવી આશા રાખેલી, પણ એ આશા ફળી નથી. એ જોતાં મોદી સરકારે હવે બીજી વ્યૂહરચના વિચારવી પડે તેમ છે. વીતેલા ચાર પાંચ મહિનામાં કોરોનાને કારણે ભારતમાં નોકરી, ધંધા, રોજગારનો દાટ વળી ગયો છે. લાખો લોકોએ પોતાની નોકરી ગુમાવી છે.

ત્યારે મોદી સરકાર જો યોગ્ય પગલા નહીં લે તો લોકોને મોટી મુશ્કેલીમાં મુકાવવું પડશે. વ્યૂહરચનામાં સૌથી અસરકારક તો કોરોનાની રસી શોધવાનો જ છે. અત્યારે કોરોનાની રસી ઉપલબ્ધ નથી, પણ કોરોનાની રસી ઉપલબ્ધ થાય ને લોકોને અપાવા માંડે તો કોરોનાનો ખતરો ઘટે. કોરોનાની રસી બનાવવી એ ખાવાના ખેલ નથી, મેલેરિયા સદીઓથી થતો રોગ છે અને હજુ તેની રસી ના બનાવી શકાઈ હોય તો કોરોના તો હજુ હમણાં આવેલો રોગ છે. તેની રસી તાત્કાલિક બને એવી આશા ના રખાય. આ સંજોગોમાં બીજો ઉપાય કોરોનાનો સસ્તો ઈલાજ શોધવાનો છે.



મહારાષ્ટ્ર અને તમિલનાડૂમાં જ દેશના ૫૦ ટકા કેસ નોંધાયા, કુલ કેસ પૈકીના ૮૬ ટકા કેસ માત્ર ૧૦ રાજ્યોમાં જ છે. કેન્દ્ર સરકારે છૂટછાટો આપી છતાં અડધી વસ્તી લોકડાઉન હેઠળ, નોકરી અને વેપાર ધંધાને માઠી અસર

## સુશાંતસિંહ કેસમાં પોલીસ સલમાનની પૂછપરછ કરશે



મુંબઈ : સુશાંતસિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં પોલીસની તપાસ સતત ચાલી રહી છે. જે અંતર્ગત અનેક લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં પોલીસ પણ સલમાન ખાનની પૂછપરછ કરશે તેવા સમાચાર હતા. દિવંગત બોલિવુડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતનાં નિધનને એક મહિનાનો સમય વીતી ગયો છે. પરંતુ તેની આત્મહત્યાના કેસમાં પોલીસ તપાસ ચાલી રહી છે. અત્યાર સુધી અભિનેતાના પરિવારના સભ્યોથી લઈને ફિલ્મ ઉદ્યોગ સુધી લગભગ ૩૫થી ૪૦ નિવેદનો નોંધવામાં આવ્યા છે.આ દરમિયાન એવા સમાચાર પણ આવી રહ્યાં હતા કે, આ કિસ્સામાં પોલીસ સલમાન ખાનની પણ પૂછપરછ કરશે. મુંબઈ પોલીસે નિવેદન આપવાનું ટાળ્યું હતું. થોડા સમય પહેલા સલમાન ખાનની પૂર્વ મેનેજર રેશ્મા શેટ્ટીની પણ પોલીસે પૂછપરછ કરી હતી. એવા અહેવાલો પણ મળી રહ્યાં છે કે, અભિનેતા સુશાંતસિંહ રાજપૂતની આત્મહત્યાના કેસમાં એક મહિના સુધી તપાસ કર્યા બાદ પોલીસ હવે અંતિમ પરિણામ પર પહોંચી ગઈ છે. આ કેસની નજીકના પોલીસ સૂત્રોએ મીડિયાને માહિતી આપી છે કે, સુશાંતના મામલાની પૂછપરછ અને તબીબી કાર્યવાહી બાદ પોલીસે તેમની તપાસ પૂર્ણ કરી લીધી છે અને તેઓ આગામી ૧૦ થી ૧૫ દિવસમાં આ સમગ્ર કેસનો અંતિમ અહેવાલ રજૂ કરશે.

## દીપિકા અને રણવીરસિંહ એકસાથે સેલ્ફ ક્વારંટાઇન



મુંબઈ : કોરોના કાળમાં હવે બોલિવુડ સેલેબ્રિટી પણ કોરોનાના ખતરાથી મુક્ત નથી રહ્યા. હાલમાં જ બોલિવુડના સુપર સ્ટાર અમિતાભ બચ્ચન અને અભિષેકનો કોરોના રિપોર્ટ પોઝિટવ આવ્યા પછી બીજા પણ કેટલાક સેલિબ્રિટીએ તેમના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવવાની વાત કરી છે. ઘણા લાંબા સમયથી પોતાના પતિ રણવીર સિંહ સાથે સેલ્ફ ક્વારંટાઇનમાં રહેતી બોલિવુડની અભિનેત્રી દીપિકા પાદુકોણ હાલ સતત સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. તેણે મંગળવાર રાત્રે ઈન્સ્ટાગ્રામમાં પોતાના મિત્રો સાથે વાત કરી હતી. આ દરમિયાન તેણે મિત્રોના અનેક સવાલોના જવાબ આપ્યા હતા. બોલિવુડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણે ઈન્સ્ટાગ્રામ પર ‘આસ્ક મી એનિથીંગ’સેશનમાં ભાગ લીધો હતો. દરમિયાન મિત્રો સામે અનેક ખુલાસા કર્યા હતા. તે વાત તો બધા જ જાણે છે કે દીપિકા લાંબા સમયથી પતિ રણવીર સિંહ સાથે સેલ્ફ ક્વારંટાઇનમાં છે. તે પોતાના ક્વારંટાઇન ટાઈમની ડિટેલ અવાર નવાર સોશિયલ મીડિયામાં આપે છે. અને કેટલાક વીડિયો અને તસવીરો પણ શેર કરતી રહે છે. એક મિત્રએ દીપિકાને પુછ્યું કે તે લોકડાઉન પછી સૌથી પહેલા શું કરશે ? તેના જવાબમાં દીપિકાએ કહ્યું કે લોકડાઉન પછી તેમના બકેટ લિસ્ટમાં સૌથી પહેલું કામ બેંગલુરુમાં તેના પેરેન્ટસ અને બહેનને મળવાનું છે જોકે હાલ દિપિકા ક્વોરન્ટાઈન છે. જ્યારે દીપિકા પાદુકોણના એક મિત્રએ તેણીને પુછ્યુ કે તેની અજીબ ટેલેન્ટસ શું છે તો દીપિકાએ કહ્યું કે આ વાત તો તેના પતિ રણવીર સિંહ અને તેની બહેન અનિષા પાદુકોણને પુછવી પડે તેમ છે.

## સુશાંતસિંહ મામલે અમિત શાહ સમક્ષ રિયા ચક્રવર્તી દ્વારા સીબીઆઇને તપાસની માંગ



સુશાંતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તીએ હવે સુશાંતસિંહ રાજપૂતનાં મોત મામલે અમિત શાહ પાસે સીબીઆઈ તપાસની માંગ કરી છે. સુશાંતના નિધન બાદ તેના ચાહકો સીબીઆઈ તપાસની માંગ કરી રહ્યા હતા. શેખર સુમન, રૂપા ગાંગુલી સહિત સુશાંતના ચાહકોને એવું જ લાગે છે કે સુશાંત આત્મહત્યા કરી શકે નહીં. આ કોઈ પ્લાન મર્ડર છે. સોશિયલ મીડિયા પર ઘણા લોકો પર આરોપ લગાવવામાં આવી રહ્યા છે. બીજી તરફ રિયા ચક્રવર્તીને પણ આરોપી માનીને ટ્રોલ કરવામાં આવી રહી છે. હવે રિયા ખુદ આ મામલાની સીબીઆઈ તપાસ ઇચ્છે છે. રિયાએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે, અમિત શાહ સર હું સુશાંત સિંહ રાજપૂતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તી છું. તેનાં દુનિયામાંથી ગયાના ૧ મહિનાથી વધુ સમય વીતી ગયો છે. મને સરકાર પર પૂરો વિશ્વાસ છે, જો કે, ન્યાય માટે હું આ બાબતે સીબીઆઈ તપાસ શરૂ કરવા માટે હાથ જોડીને પ્રાર્થના કરું છું. હું ફક્ત તે જાણવા માંગુ છું કે તેના પર એવું કયુ દબાણ હતું કે જેના કારણે સુશાંતે આવું પગલું ભર્યું.

## રેખાનો કોરોના ટેસ્ટ કરાવવા ઇનકાર



મુંબઇ : શનિવારે સમાચાર આવ્યા હતા કે રેખાના બંગલાના સુરક્ષા ગાર્ડને કોરોના પોઝિટિવ આવ્યો છે. આ પછી એ એરિયાના તમામ બંગલાના વોચમેનોની કોરોના ટેસ્ટ કરવામાં આવી હતી જેમાંથી ચાર ગાર્ડમાં કોરોના પોઝિટિવ આવ્યો હતો. જેમને મહાનગર પાલિકાએ કોવિડ સેન્ટર મોકલ્યા છે. કહેવાય છે કે, આ લોકો રોજ એકબીજાને મળતા હોવાથી ચેપ લાગી ગયો છે. આ દરમિયાન રેખાએ કોરોના ટેસ્ટ કરાવાનો ઇનકાર કર્યો છે તેણે પોતાને જ ઘરમાં ક્વોરોનટાઇન કરી લીધી છે. આ ઘટના બાદ રેખા, રેખાની મેનેજર ફરઝાના, તેમજ ચાર અન્ય કર્મચારીઓની પણ કોરોના ટેસ્ટ કરવી જરૂરી હતી. પરંતુ જ્યારે બીએમસી ટીમ રેખાના ઘરે પહોંચી તો કોઇએ દરવાજો ખોલ્યો જ નહીં. ફરઝાનાએ મહાનગરપાલિકાની ટીમને ઘરમાં આવવા દીધી ન હતી. તેણે પાલિકાના સભ્યોને પોતાનો મોબાઈલ નંબર આપી ફોન પર વાત કરવા જણાવ્યું હતું.

## સારા અલી ખાનના ડ્રાઇવરને કોરોનાનો ચેપ



સારા અલી ખાનના ડ્રાઇવરને કોરોના પોઝિટિવ આવ્યો છે. બીએમમસીએ તેને ક્વોરોન્ટાઇન કર્યો છે. સારાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, મારા ડ્રાઇવરમાં કોરોના વાયરસ પોઝિટિવ આવ્યો છે. મેં તરત આ બાબતે નગર પાલિકાને જાણ કરી હતી. અને ડ્રાઇવરને ક્વોરોન્ટાઇન કરવામાં આવ્યો છે. સારા પોતાની માતા અમૃતા અને ઇબ્રાહિમ સાથે રહે છે.તેમજ તેના ઘરમાં અન્ય સ્ટાફ પણ છે. સારા સહિત દરેકની ટેસ્ટ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમિતાભ અને રેખા બાદ ઝોયા અખ્તરના બંગલાને પણ સીલ મારવાની માહિતી મળી હતી. સોશિયલ મીડિયા પર ઝોયાના બંગલાના બંગલાના દરવાજા પર નગર પાલિકાએ નોટીસ મુકેલી તસવીર જોવા મળી રહી છે. જોકે ઝોયાએ આ બાબતે પોતે કોઇ ઉલ્લેખ કર્યો નથી.

## અભિષેક બચ્ચને જ્યોતિષની સલાહ અનુસાર પોતાના નામમાં એક અક્ષર વધુ જોડયો



અભિષેક બચ્ચન હાલ પિતા અમિતાભ સાથે કોરોના વાયરસની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થયો છે. જ્યારે બીજી બાજુ એમેઝોન પ્રાઇમ પર તેની વેબ સીરીઝ બ્રીથ રિલીઝ થઇ ગઇ છે. પરંતુ આ કરતાં પણ અભિષેકની એક વાત લોકોનું ધ્યાન ખેંચી રહી છઅને તે છે અભિષેક બચ્ચનનું નવું નામ. સીરીઝમાં અભિષેકે પોતાના નવા નામ સાથે જોવા મળી રહ્યો છે. તે હવે અભિષેક એ. બચ્ચન નામ લખી રહ્યો છે. કહેવાય છે કે અભિષેકની હવે આવનારી ફિલ્મોમાં પણ આ જ સ્ક્રીન નામ રહેવાનું છે. અભિષેકે પોતાનું નામ એક જ્યોતિષની સલાહ અનુસાર બદલ્યું છે. જોકે આ તેણે પોતાના અંગત જીવન માટે કે પછી કારકિર્દી માટે બદલ્યું છે તે સ્પષ્ટતા નથી. પરંતુ લોકો અટકળ બાંધી રહ્યા છે કેઅભિષેકે પોતાની કારકિર્દીને સફળ બનાવવા માટે નામ બદલ્યું છે. અભિષેક પાસે હાલ ઘણા પ્રોજેક્ટસ છે અને હવે જોવાનું એ રહે છે કે તે નામમાં એ શબ્દ જોડીને સફળ થઇ શકે છે કે નહીં.



# અનલોકના ૪૬ દિવસમાં અમદાવાદમાં ૧૧૦ આપઘાત

અમદાવાદ- અમદાવાદમાં અનલોક થયા બાદ આત્મહત્યાના બનાવોનું પ્રમાણ વધ્યું છે. છેલ્લા ૪૩ દિવસમાં શહેરના વિવિધ વિસ્તારોમાં સ્ત્રી પુરૂષો મળીને કુલ ૧૧૦ જણાએ આપઘાત કર્યો હતો. શહેરના પુર્વ વિસ્તારમાં ૫૨ જણા અને પશ્ચિમમાં ૨૯ જણાએ પોતાના જીવન ટુંકાવ્યા હતા. તે સિવાય ૧૧ જણાએ લોકડાઉનને કારણે આર્થિક સંકડામણને કારણે પોતાની જીંદગી સંકેલી લીધી હતી.



અમદાવાદ શહેરમાં લોકડાઉન દરમિયાન ધંધા રોજગાર ઠપ્પ થઈ ગયા હતા. તો બીજીતરફ પરિવારના ખર્ચા યથાવત રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન રિક્ષાચાલકો સહિતના શ્રમજીવીઓની આજીવીકા છીનવાઈ ગઈ હતી. અનલોક જાહેર થયા બાદ શરૂઆતમાં શહેરના કોટના કેટલાક વિસ્તારો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં આવતા હતા. જેને કારણે આર્થિક સંકડામણમાં વધારો થઈ રહ્યો હતો. અનલોક જાહેર થયા બાદ પણ ધંધા રોજગાર પડી ભાંગ્યા હતા.જેથી શ્રમજીવી વર્ગ મુશ્કેલીનો સામનો કરી રહ્યો હતો. જેના કારણે અનલોક જાહેર થયા બાદ આપઘાતના બનાવોનું પ્રમાણ દિન પ્રતિદીન વધવા લાગ્યું હતું. જેમાં ખાસ કરીને તારીખ ૧ જુન ૨૦૨૦ થી તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૦ દરમિયાન કુલ ૧૧૦ જણાએ આપઘાત કર્યા હતા. આપઘાત કરનારાઓમાં ૮૨ પુરૂષો અને ૨૮ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. બીજીતરફ લોકડાઉનને કારણે ધંધા રોજગાર બંધ હોવાથી અનેક લોકો આર્થિક સંકડામણ અનુભવી રહ્યા હતા. જેને કારણે ૧૧ જણાએ ૧૧ જણાએ જીવન ટુકાવ્યું હતું. તે સિવાય એક મહિલાએ કોરોનાને કારણે તથા તાવથી પિડાતા યુવકે કોરોનાના ભયને કારણે આત્મહત્યા કરી લીધી હતી.શહેરના પુર્વ વિસ્તારમાં રહેતા ૫૨ જણાએ તથા પશ્ચિમ વિસ્તારમાં રહેતા ૨૯ જણાએ જીવન ટુંકાવ્યા હતા.

### આર્થિક સંકડામણથી ૧૧ વ્યક્તિએ જીવન ટુંકાવ્યુઃ અમદાવાદ પૂર્વમાં ૫૨ અને પશ્ચિમમાં ૨૯ વ્યક્તિનો આપઘાતઃ ૮૯ લોકોએ ફાંસો ખાધોઃ ૪ જણાનો પડતુ મુકી આપઘાત

### આપઘાત બાબતે મનોચિકિત્સકનું શું કહેવું છે

આર્થિક સંકડાણને કારણે આપઘાત કરતી વ્યક્તિ આર્થિક મુશ્કેલી અંગે પરિવાર સાથે વાતચીત કરતી નથી. અંદરોઅંદર ઘુટાતો પતિ અજાણતા જ પત્ની પર રોષ ઠાલવતો હોય છે. જો તે પત્ની કે પરિવારના અન્ય સભ્યો સાથે આર્થિક તકલીફ હોવાથી ઓછા પૈસામાં ઘર ચલાવવા બાબતે વાતચીત કરે તો કંઈક અંશે તે રાહત અનુભવે છે. પરંતુ મનોમન મુઝાતો પતિ નાસીપાસ થઈને આત્મહત્યા કરી લે છે. પત્નીના માથે પણ ઘર ચલાવવાની , બાળકો અને સાસુ સસરાને સાચવવાની જવાબદારી હોય છે. તેમાં આર્થિક સંકડાણ તેની હાલત કફોડી બનાવે છે. જેને કારણે મહિલા પણ આપઘાત કરવા મજબુર બને છે, એમ મનોચિક્ત્સકનું કહેવું છે.

## કોરોનાના કહેરને કારણે ગુજરાતમાં શાળા દિવાળી સુધી શરૂ નહીં થાય

• સરકાર દ્વારા દિવાળી બાદ શાળા ચાલુ કરવા વિચારણા

ગાંધીનગર- ગુજરાતમાં કોરોના વાયરસના કેસ રોજેરોજ વધી રહ્યા છે છતાં રાજ્ય સરકાર દિવાળી પછી વિદ્યાર્થીઓ માટે સ્કૂલો શરૂ કરવાની વિચારણા કરી રહી છે. અગાઉ કન્ટેઈનમેન્ટ વિસ્તારથી દૂરના ગામડાં અને નાના શહેરોમાં ઓગસ્ટ મહિનામાં ફરીથી સ્કૂલો શરૂ કરવાની યોજના રાજ્ય સરકારે ઘડી હતી. જો કે, હવે કોરોના વાયરસનું સંક્રમણ મોટા શહેરોમાંથી નાના શહેરો અને નગરમાં ફેલાઈ રહ્યું છે. ત્યારે રાજ્ય સરકારના ટોચના અધિકારીઓએ ઓક્ટોબર મહિનાના અંત સુધી સ્કૂલો ના ખોલવાની સલાહ આપી છે. શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું, રાજ્ય સરકાર દિવાળી પછી સ્કૂલો ખોલવાનો પ્રસ્તાવ મૂકી શકે છે. આ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ કનેક્ટિવિટી સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું, શિક્ષણ વિભાગ ગ્રામ્ય અને સેમી-અર્બન વિસ્તારોમાં ઓગસ્ટ મહિનાથી સ્કૂલો શરૂ કરવાની વિચારણા કરી રહ્યો હતો પરંતુ હાલની સ્થિતિને જોતાં તે શક્ય નથી.

## પેટા ચૂંટણીની ઈફેકટઃ સરકાર દ્વારા ખેડૂતોને નુકસાન વળતરની જાહેરાત

ગાંધીનગરઃ ગુજરાતમાં કોંગ્રેસના આઠ ધારાસભ્યોની રાજીનામાથી ખાલી પડેલી આઠ વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી હવે સપ્ટેમ્બર મહિનામાં યોજાવાની તૈયારીઓ ચાલી રહી છે તેમ જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પણ માથે આવીને ઊભી છે ત્યારે રાજ્ય સરકારે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી ખેતીને થયેલા નુકસાનનું વળતર સામે ચાલીને ચૂકવવાની કવાયત આદરી છે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. સામાન્ય રીતે દર વખતે ખેડૂતોના પાક ભારે વરસાદ કે વાવાઝોડાથી ભારે નુકસાન પામે ત્યારે ખેડૂત સંગઠનો અને વિપક્ષ કોંગ્રેસ આ નુકસાન અને પાકવીમાના વળતર માટે લાંબો સમય આંદોલન ચલાવતા હોય છે ત્યારબાદ સરકાર આ અંગે તૈયારી કરતી હોય છે, પરંતુ રાજ્યમાં આગામી એક થી ત્રણ મહિનામાં વિધાનસભાની આઠ બેઠકોની પેટા ચૂંટણી મહાનગરપાલિકા તથા જિલ્લા-તાલુકા પંચાયતોની રાજ્યવ્યાપી ચૂંટણી યોજવામાં આવશે ત્યારે ખાસ કરીને રીસાયેલા ખેડૂતોને મનાવવા અને ખેડૂત હામીનો માહોલ ઊભો કરવા માટે સરકારે આજે કોઈ મોટા આંદોલન કે માગણી વગર જ સામે ચાલીને ભારે વરસાદથી પ્રભાવિત થયેલા તાલુકાઓના ખેડૂતોને પાક નુકસાની માટે સર્વે હાથ ધરીને નુકસાન વળતર ચૂકવવા માટેની જાહેરાત કરી છે. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને દેવભૂમિ દ્વારકા, ગોંડલ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં ભારે વરસાદથી ખેતીની વ્યાપક નુકસાન થયું છે તેમ જ આ અંગે સ્થાનિક સ્તરેથી જ ખેડૂતોએ નુકસાન વળતરની માગ ઊઠાવી હતી.

## ગુજરાતમાં ૧૯૩ તાલુકામાં વરસાદ બે સ્ટેટ હાઈવે સહિત ૧૯ માર્ગ બંધ

અમદાવાદ : રાજ્યમાં મેઘરાજાની મહેર શરૂ થઈ છે. કાળઝાળ ગરમીમાં વાતાવરણમાં પલટો આવતા લોકોને રાહત થઈ છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં સામાન્યથી ધોધમાર વરસાદ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. જેના કારણે લોકો અને જગતના તાતમાં ખુશીનો માહોલ છે. પરંતુ આ વરસાદના કારણે કેટલાક લોકોને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે. કારણ કે વરસાદના કારણે હવે રાજ્યમાં ઘણા માર્ગ બંધ કરવામાં આવ્યા છે.



માહિતી મુજબ ગુજરાતમાં વરસાદના કારણે ૧૯ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જેમાં ૨ સ્ટેટ હાઈવે અને પંચાયત હસ્તકના કુલ ૧૫ રસ્તા બંધ કરવામાં આવ્યા છે. જામનગર, પોરબંદરમાં ૧-૧ સ્ટેટ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. જ્યારે પોરબંદરમાં ૮ અને જૂનાગઢમાં ૩ માર્ગ બંધ કરવામાં આવ્યા છે. પંચાયત હસ્તકના ૧૫ માર્ગો બંધ હાલતમાં છે. એવી માહિતી મળી છે. આ સિવાય રાજકોટમાં ૩, જામનગરમાં ૧, જુનાગઢમાં ૩ અને પોરબંદરમાં ૮ માર્ગ વરસાદના કારણે બંધ કરવામાં આવ્યા છે.

કચ્છની વાત કરીએ તો અબડાસા, નલિયા, તેરા, બીટા, જગડીયામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. આ સિવાય અમરેલી, બનાસકાંઠા, રાજકોટમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ થયો છે. મળતી માહિતી પ્રમાણે ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૯૩ તાલુકામાં વરસાદ થયો છે.

## કોરોનાથી ગભરાઈ ગયેલા સુરતના હીરા વેપારીએ નદીમાં ઝંપલાવ્યું

સુરત : સુરતમાં સૌથી વધુ કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. સુરતમાં કોરોના સંક્રમણ વધતાં લોકોમાં ભયનો માહોલ છે. તેવામાં સુરતમાં કોરોનાનાં ભયનાં કારણે હીરા વેપારીએ નદીમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. રવિવારે ગુમ થયેલાં હીરા વેપારીની તાપી નદીમાંથી લાશ મળી આવી હતી.

સુરતના બે હનુમાન રોડ પર આવેલા હેપ્પી પેલેસમાં રહેતાં વિનોદભાઈ ખખ્ખર મૂળ અમરેલીના ચલાલાના વતની અને હીરાના વેપારી હતાં. બીમાર હોવાને કારણે તેઓએ રવિવારે કોરોના છે કે નહીં તે જાણવા માટે રવિવારે રાત્રે ૯ વાગ્યે સીટી સ્કેનનો રિપોર્ટ કઢાવ્યો હતો. રાત્રે ૧ વાગે રિપોર્ટમાં કોરોનાની ૨૦-૨૫ ટકાની અસર હોવાનું વિનોદભાઈને જાણવા મળ્યું હતું. આર્થિક સંકડામણ વચ્ચે પોતાના પરિવાર અથવા પોતાને કોરોના થઈ જાય તો પરિવાર હેરાન થઈ જશે તેવી ચિંતા તેઓને સતાવવા લાગી હતી. સોમવારની સવાર થતાં જ તેઓ ૭.૩૦ વાગતાંના ઘરેથી ટુ વ્હીલર લઈને નીકળી ગયા હતા. જે બાદ સોમવારે તેમનું વાહન તાપી નદીના બ્રિજ પરથી મળ્યું હતું. આ મામલે પોલીસે આપઘાતની શંકા રાખી ફાયરબ્રિગેડની મદદ લઈ લાશ શોધવાની કામગીરી હાથ ધરાઈ હતી.

## સુરત, અમદાવાદ, વડોદરામાં દુકાનો વહેલી બંધ કરવા નિર્ણય

અમદાવાદ- ગુજરાતમાં મંગળવારે કોરોના વાયરસના વધુ ૯૧૫ કેસ અને ૧૪ લોકોના મોત નોંધાયા હતા. રાજ્યમાં કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૪૩,૭૨૩ પર પહોંચ્યો છે જ્યારે ૨,૦૭૧ લોકોના વાયરસના કારણે મોત થઈ ગયા છે. સતત બીજા દિવસે રાજ્યમાં વધારે કેસ નોંધાયા તેથી અમદાવાદ, સુરત અને વડોદરામાં વેપારીઓએ હવે દુકાનો વહેલી બંધ કરવા નિર્ણય કર્યો છે. સુરતમાં સ્થિતિ વણસી રહી છે ત્યારે કાપડ અને હીરા ઉદ્યોગના વેપારીઓ જાતે જ પોતાના ધંધા-વેપાર બંધ રાખી રહ્યા છે. જ્યાં સ્વૈચ્છિક બંધ પાળવામાં આવ્યો છે તે કાપડ ઈન્ડસ્ટ્રીમાં લગભગ ૯૦૦ જેટલા કામદારો કામ કરે છે, આ માર્કેટોમાં મોટાભાગે કોરોનાના પોઝિટિવ કેસ આવ્યા છે. લગભગ ત્રણ ડઝન જેટલા માર્કેટ બેઠકો કરીને સ્વૈચ્છિક બંધમાં જોડાઈ શકે છે. ૧ જુન પછી કોરોનાના પોઝિટિવ કેસ આવ્યા બાદ હીરાના કારખાનાઓ બંધ કરવામાં આવ્યા છે જેના કારણે ૧,૩૦૦ જેટલા રત્ન કલાકારોને અસર થઈ છે.

## કોરોના સામે લડવા માટે ભાજપ સરકાર વર્લ્ડબૅન્ક ઉપર નિર્ભર

અમદાવાદ- ભારત સરકારે આરોગ્ય સેવા, ગરીબ કલ્યાણ પેકેજ તથા સામાજિક સુરક્ષાના કામ માટેના ખર્ચા કરવા માટે વિશ્વ બેન્ક પાસેથી લોન લેવી પડી છે.

ભારતની જનતાને આરોગ્ય સેવા આપવા માટે કેન્દ્ર સરકારે આઈબીઆરડી બેન્ક પાસેથી રૂા. ૭૭૦૦ કરોડની લોન લીદી છે.આ લોન ૨૦૨૫થી ૨૦૩૮ સુધીમાં વર્ષના બે હપ્તામાં પરત ચૂકવવાની શરતે લીધી છે. આ લોન લેવા માટે જ રૂા. ૧૭ કરોડની ફી ચૂકવી છે. આ માટે ભારત સરકારના નાણાં વિભાગના ઉપસચિવ અને આઈબીઆરડી બેન્કના નિયામકે સહી સિક્કા કર્યા છે. આ જ રીતે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ પેકેજ માટે પણ સરકારે વર્લ્ડ બેન્કનો જ હિસ્સો ગણાતી આઈબીડી પાસેથી રૂા. ૧૭,૧૦૦ કરોડની લોન લીધી છે. આ લોન લેવા માટે રૂા. ૪૩ કરોડની ફી ખર્ચવામાં આવી છે. તેવી જ રીતે સામાજિક સુરક્ષાના કામ કરવા માટે પણ આઈડીએ તરીકે ઓળખાતી બેન્ક પાસેથી રૂા. ૧૭૪૯ કરોડની લોન લીધી છે.

તદુપરાંત રૂા. ૧૮૪૯ કરોડની લોનની ગોઠવણ કરવામાં આવેલી છે. સરકાર દરેક કામગીરી લોનની જ મદદથી કરી રહી હોવાનું જણાતા નાના અને મધ્યમ ઉદ્યોગો માટે જાહેર કરેલા પેકેજની રકમ પણ લોન મેળવી ને જ જાહેર કરેલી હોવાનું જણાય છે.

## રાજકોટ શહેરમાં નવું કોવિડ કેર સેન્ટર તૈયાર કરાયું

રાજકોટઃ શહેરમાં દર કલાકે કોરોના પોઝિટિવનો એક કેસ નોંધાવાની સાથે ધીરે ધીરે હવે સંક્રમણ તેની ચરમસીમાએ પહોંચ્યું છે. બુધવારે વધુ ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. જ્યારે છેલ્લા ૧૮ કલાકમાં ૧૮ કેસ નોંધાયા છે. જેથી રાજકોટ શહેરમાં કુલ કેસની સંખ્યા ૪૦૦ને પાર પહોંચી ગઈ છે. બીજી બાજુ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોરોના વાઈરસ વધતા જતા કેસને લઈને અતિ આધુનિક કોવિડ કેર તૈયાર કરવામાં આવ્યું છે. મોરબી રોડ પર આવેલ કોમ્યુનીટી હોલ ખાતે પુઠાના ૭૦ બેડનું કોવિડ કેર સેન્ટર બનાવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રમાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. ત્યારે આજે ઊનામાં ૧૧ વર્ષના બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે રાજકોટ શહેરમાં ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે એકનું મોત નિપજ્યું છે. આ ઉપરાંત ગોંડલમાં એક અને જામનગરમાં બે કેસ પોઝિટિવ નોંધાયા છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ધડાકા સાથે ૪.૮ની તીવ્રતાના ભૂકંપ, લોકોમાં ફફડાટ

• કોરોના વોર્ડમાં દાખલ દર્દીઓ ઉભા થઈ બહાર નીકળી ગયા, કેસોદ ગામે બોરમાંથી પાણીના ફુવારા ઉડ્યા

રાજકોટ : ગુરૂવારે રાજકોટ અને સૌરાષ્ટ્રના જુદા-જુદા વિસ્તારો ૪.૮ની તીવ્રતાના ભૂકંપથી ધ્રુજી ઉઠયા હતા. સવારે ૭-૪૦ વાગે રાજકોટથી ૨૨ કિલોમીટર ભાયાસર ખાતે એપીસેન્ટર ધરાવતા આ ભૂકંપની અસરથી ગોંડલ પાસે એક શાળાની છત આરોગ્ય કેન્દ્રની દિવાલ ધસી પડી હતી. જ્યારે પેટાળમાં થયેલી હલચલથી બોરમા પાણીના ફૂવારા છૂટયા હતા.

આંચકા બાદ મુખ્યમંત્રી રૂપાણીએ જિલ્લા કલેકટરો સાથે વાતચીત કરી લોકોને કોઈ મુશ્કેલી નથી ને? કોઈ જાનહાની કે મકાનો પડી ગયા નથીને તેની વિગતો માગી હતી. ઉપરાંત તંત્રને હાઈ એલર્ટ ઉપર રહેવા પણ સુચના આપી હતી. રાજકોટમાં ગુરૂવારે સવારે અનુભવાયેલા ભૂકંપના આંચકામાં કોરોના વોર્ડમાં દાખલ દર્દીઓ સાથે સ્ટાફમાં પણ ગભરાટની લાગણી ફેલાવી હતી. ખાનગી હોસ્પિટલમાં દર્દીઓ પલંગ ઉપરથી ઉભા થઈ ગયા હતા તો રાજકોટ નજીક ભાવનગર રોડ ઉપર ગરૈયા કોલેજમાં બનેલા કોરોના કેર સેન્ટરમાં ૬૫ દર્દીઓ પોતાના વોર્ડ બહાર નીકળી કમ્પાઉન્ડમાં ઉતરી આવતા સ્ટાફને ગભરામણ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રમાં આજે જોરદાર ભૂકંપે નાની-મોટી અનેક ઈમારતોને હચમચાવવાની સાથે પેટાળમા પણ જબરી હલચલ સર્જી હતી.રાજકોટ જિલ્લમા અને જૂનાગઢ શહેર અને જિલ્લામાં ભૂકંપના આંચકા બાદ અચાનક કેશોદ પાસેના એક ગામની સીમમાં પેટાળમાં પ્રેસર વધવાના કારણે પાણીના બોરમાંથી ૫૦ ફૂટનો ફુવારો ઉડતા કુતુહુલ ફેલાયું હતુ. ગોંડલના કોલીથડ ગામની શાળાની છત ધડાકાભેર પડી હતી.જૂનાગઢમાં અનેક લોકોએ સવારે ૭.૪૦ મીનીટે ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો.

# જૂનાગઢમાં દારૂ પીવા મુદ્દે ડખો થતા ભાઈના હાથે ભાઈની હત્યા

જુનાગઢ : જુનાગઢમાં દારૂ પીવા મામલે એક ભાઈએ બીજા કૌટુંબિક ભાઈનું છરીના ઘા ઝીકીને ઢીમ ઢાળી દેતા સનસનાટી મચી છે. હત્યા બાદ કલાકોમાં જ પોલીસે હત્યારા શખ્સને ઝડપી લઈને ગુનો દાખલ કર્યો હતો.

જૂનાગઢમાં ગતરાતે બે વાગ્યાના અરસામાં જોષીપરાના નંદનવન સોસાયટીમાં જનતા પ્રોવીજન સ્ટોર પાસે રીઝવાન હસનભાઈ ચોટીયારા નામના શખ્સે તેના જ કૌટુંબિક ભાઈ તોફીક અલીભાઈ ચોટીયારા ઉ.૨૯ ને છાતીમાં છરીના ઘા ઝીકીને હત્યા કરી નાખી હતી, જેની જાણ થતા બી ડીવીઝન પોલીસે તાત્કાલિક રીઝવાનને ઝડપી લીધો હતો. તેની પૂછતાછમાં એવી હકીકત ખુલી હતી કે, ગતરાતે તેઓ દારુ પીવા માટે ભેગા થયા હતા, જેમાં અલગ બ્રાંડની દારૂની બોટલ લઈને આવતા જેને લઈને ઝગડો થયો હતો, જેમાં ઉશ્કેરાઈને રીઝવાને છરી ઝીકી હત્યા કરી નાખી હતી.પોલીસે જણાવ્યું કે, આરોપી રીઝવાન લાઈનબોય છે, તેના પિતા પહેલા પોલીસમાં નોકરી કરતા હતા, જયારે મરનાર તોફીકના પિતા અલીભાઈ ચોટીયારા હાલ પીડબ્લ્યુડીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે, હાલ અલીભાઈની ફ્રિયાદ પરથી રીઝવાનની ધરપકડ કરીને પોલીસે તેનો કોરોનાનો ટેસ્ટ કરાવ્યો છે.

# ખંભાળિયાના ગોઈંજમાં પ્રેમી પંખીડાનો ઝેર પી આપઘાત

ખંભાળિયા : ખંભાળિયાના ગોઈંજ ગામે તળાવ નજીકથી યુવક-એક યુવતીના મૃતદેહને સાંપડ્યા હતા. ખંભાળિયાથી આશરે નવેક કિલોમીટર દૂર સલાયા માર્ગ નજીક આવેલા ગોઈંજ ગામ પાસેના ૬૬ કેવી સબ સ્ટેશન પાસે આવેલા આ ગામના રાહતકામના પાણી ભરેલા તળાવ પાસે ઝાડ નીચે સવારે એક યુવક તથા એક યુવતીના મૃતદેહ પડયા હોવાનું સ્થાનિક રહીશોના ધ્યાને આવ્યું હતું. આથી આ બાબતે સલાયા મરીન પોલીસ વિભાગને જાણ કરવામાં આવી હતી. જેના અનુસંધાને સમયના પી. આઈ. તથા વિગેરે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આ યુવક તથા યુવતીનેના મૃતદેહ અંગે જરૂરી પૂછપરછ અને તપાસ કરતા આ બન્ને પ્રેમી-પંખીડા હોવાનું અને સજોડે સ્યુસાઈટ નોટ લખીને આપઘાત કર્યાનું જાણવા મળ્યું હતુ.

# રાપરમાં પ્રેમ સંબંધમાં યુવાનની હત્યા, યુવતીએ પણ મોતનો માર્ગ અપનાવ્યો

રાપર : રાપર તાલુકાના લાકડાવાંઢમાં રહેતો બાબુ મેપા કોલી (ઉ.વ.૩૨)ને ગામની જ સીતા નામની યુવતી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. બંને વચ્ચે ચાલ્યા આવતા પ્રેમ સંબંધમાં યુવાન પરિણીત હોવાથી પરિવારજનોએ તેનો સખત વાંધો હતો. બાબુ અને સીતા સાથે ચાલતા પ્રેમસંબંધ વચ્ચે બુધવારે બપોરના લાકડાવાંઢ ગામના પાદરમાં આવેલા ખેતરમાં બાબુ ગયો હતો, ત્યારે આ તકનો લાભ લઈ યુવતીના પિતા, ત્રણ ભાઈઓ તેમજ ભાણેજ મળી પાંચ આરોપીઓ ખેતરમાં ધસી ગયા હતા.

સીતા સાથેના પ્રેમસંબંધમાં બાબુ સાથે આરોપીએ બોલાચાલી કરી હતી. મામલો ઉગ્ર બની જતાં આરોપી ઉશ્કેરાઈ ગયા હતા અને ધારિયા, કોદાળી, લાકડી વગેરે પ્રાણઘાતક હથિયારો ધારણ કરી બાબુ પર તૂટી પડયા હતા. ત્યારબાદ બાબુ પર જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. બીજીતરફ બાબુની કરપીણ હત્યા નીપજાવી નાખી હોવાની સીતાને જાણ થઈ હતી, જેથી તેને પણ મનમાં લાગી આવ્યું હતું અને આવેશમાં આવીને પોતાના ઘેર દુપટ્ટા વડે સીતાએ ગળેફાંસો ખાઈ ફાની દુનિયાને અલવિદા કરી નાખી હતી. ચકચારી બનાવને પગલે બાલાસર પોલીસ પીએસઆઈ બી. જે. પરમાર સહિતનો કાફલો બનાવ સ્થળે ધસી ગયો હતો. ત્યારબાદ હત્યાનો ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રોએ ઉમેર્યુ હતું.

# અમરેલીમાં ૫૦થી વધુ ગુનામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો

અમરેલી : અમરેલીમાં ૫૦થી વધુ ગુનામાં સંડોવાયેલો આરોપીને દબોચી લેવામાં આવ્યો છે. અમરેલી પોલીસે શ્યામ ઉર્ફે વિજય ધનેશાને ઝડપ્યો છે. આ આરોપી મૂળ રાજકોટનો છે. ત્યારે રાજકોટના આરોપીએ ઝ૭ સુધીનો અભ્યાસ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે હાલ આરોપી પાસેથી ૩.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. થોડા દિવસ પહેલા એટલે કે એક મહિના પહેલા આરોપીએ સાવરકુંડલામાં એક હત્યા કરી હોવાનો પણ ખુલાસો થયો છે.

અમરેલીમાંથી ૫૦થી વધુ ગુનામાં સંડોવાયેલા આરોપીને પોલીસે દબોચ્યો છે. આરોપીએ એક મહિના પહેલા સાવરકુંડલાના ઓળીયા ગામે શનિ મંદિરે પણ એક વ્યક્તિની હત્યા કરી હતી, જેના સંદર્ભે પોલીસ હત્યારાને શોધતી હતી, ત્યારે આરોપી ઝડપાતા ૫૦ ગુનાનો રહસ્ય ખુલ્યું છે.

# નખત્રાણામાં પ્રેમિકાએ જ પ્રેમીને ગળે ટૂંપો આપી કરી હતી હત્યા

નખત્રાણા : સુખસાણ ગામની સીમમાંથી મળી આવેલા યુવાનની લાશ હત્યા કરી દાટી દેવાઈ હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. યુવાનને તેની પ્રેમિકાએ જ ગળે ટૂંપો આપી દીધો હતો. ત્યારબાદ તેના માતા-પિતા અને વાડી માલિકે કારમાં લાશ લઈ જઈ ખાડો કરી દફનાવી દીધી હતી. પીએમ રિપોર્ટમાં હત્યા થયાનું ખુલ્યું હતું. પોલીસે તેમને રાઉન્ડઅપ કરી કોરોના ટેસ્ટ માટે મોકલી આપ્યા છે. હત્યામાં આડા સંબંધો કારણરૂપ થયા છે. છૂટાછેડા લીધેલી મહિલા અને વિધુર યુવક વચ્ચેનો પ્રેમ સંબંધ કલહમાં ફેરવાતાં પ્રેમિકાએ બેરહેમીપૂર્વક તેની હત્યા કરી હતી.

# રાજકોટમાં જન્માષ્ટમીનો મેળો નહીં યોજાય : રથયાત્રાને પણ મંજૂરી નહીં મળે : સીપી

રાજકોટઃ રાજકોટમાં શાસ્ત્રીમેદાન ખાતે યોજાતો જન્માષ્ટમીના લોકમેળાનો આ વખતે કોરોનાનું ગ્રહણ લાગ્યુ છે અને તંત્ર દ્વારા વધતા જતા કેસને ધ્યાને રાખીને મેળો નહિ યોજવા માટે નિર્ણય લેવાયો છે. કલેકટર રેમ્યા મોહને જણાવ્યુંહતું કે, કોરોનાના વધતા જતા કેસો વચ્ચે હાલ લોકમેળો યોજવાનું શક્ય નથી જણાતું. જિલ્લા તંત્ર આખુ રોગચાળા સામે લોકોને રાહત આપવા ઝઝૂમી રહ્યું છે. મેળાના આયોજન માટે સમય પણ નથી. વળી, મેળામાં લાખ્ખોની મેદની એકત્ર થતી હોય કોરોના કાળમાં મેળો યોજવો હિતાવહ નહિ હોવાનું મને જણાય છે. બીજી બાજુ રાજકોટ શહેરમાં વિશ્વ હિંદુ પરિષદ દ્વારા જો મંજુર મળશે તો રથયાત્રા નીકળશેની તૈયારી દર્શાવી છે.જોકે પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલા અનલોક-૨માં જાહેર કાર્યક્રમોની કોઈ મંજુરી નથી.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# આર્ડોર ગ્રુપની કરોડોની મિલકતને ટાંચ લેવાઈ

**•આંબલીમાં પાંચ, ગોકુલધામમાં ૧૭, સેટેલાઈટમાં એક રહેણાંક પ્લોટ, બોડકદેવમાં ચાર દુકાનો ટાંચમાં લઈ કાર્યવાહી શરૂ**

અમદાવાદ- ગુજરાતના અમદાવાદ સ્થિત આર્ડોર ગ્રુપ ઑફ કંપનીઝની રૂા.૨૦૪ કરોડની મિલકતને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સત્તાવાળાઓએ ટાંચ લગાવી છે. કથિત બેંન્ક ફ્રોડ સાથે સંકળાયેલી આ ગ્રુપની કંપનીઓએ મની લૉન્ડરિંગ પણ મોટા પ્રમાણમાં કર્યુ હોવાનું જાણવા મળી રહ્યું છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કચેરીએ આર્ડોર ગ્રુપની અમદાવાદના થલતેજ વિસ્તારમાં એસ.જી.હાઈવેને અડીને આવેલી કોમર્શિયલ ઑફિસ એટેચ કરી છે. આ જ રીતે આંબલીમાં આવેલા ૫ અને ગોકુલધામમાં આવેલા ૧૭ નિવાસી પ્લોટ તથા બોડકદેવમાં આવેલી ૪ દુકાનોને પણ ટાંચ લગાવી છે.

તદુપરાંત એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી ઑફિસો તથા સુરતમાં આવેલી નોન એગ્રીકલ્ચર લેન્ડ પર પણ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના સત્તાવાળાઓએ ટાંચ લગાવી છે. આર્ડોર ગ્રુપની કંપનીઓના ડિરેક્ટર્સમાં ભરત શાહ, ગીતા શાહ અને ફેનિલ શાહનો સમાવેશ થાય છે.

પ્રીવેન્શન ઑફ મની લૉન્ડરિંગ એક્ટની જોગવાઈ હેઠળ આર્ડોર ગ્રુપની મિલકતોને ટાંચમાં લેવાનો ઓર્ડર કરવામાં આવ્યો તે પછી અમદાવાદ અને સુરત ખાતેની તેની મિલકતોને ટાંચ લગાડવાની કાર્યવાહી કરવામાં આવી છે. તેમની એટેચ કરવામાં આવેલી મિલકતોની કુલ કિંમત રૂા. ૨૦૪.૨૭ કરોડ થતી હોવાનો અંદાજ છે.

આર્ડોર ગ્રુપે ગુનાઈત પ્રવૃત્તિ કરીને મેળવેલા નાણાંનો ઉપયોગ કરીને આ મિલકતો વસાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આર્ડોર ગ્રુપની કંપનીઓના ડિરેક્ટરોએ મળીને બેંન્ક ઑફ ઇન્ડિયાના વડપણ હેઠળના બેંન્કોના કોન્સોર્ટિયમ સાથે રૂા.૪૮૦ કરોડની છેતરપિંડી પણ કરી છે.

આર્ડોર ગ્રુપની કંપનીઓ સામે તપાસ કરીને સીબીઆઈએ તેમની સામે એફઆઈઆર ફાઈલ કરી હતી. આ એફઆઈઆરની વિગતોને આધારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે પ્રીવેન્શન ઑફ મની લૉન્ડરિંગ એક્ટ હેઠળ આર્ડોર ગ્રુપની કંપનીઓ અને તેના ડિરેક્ટર્સ સામે તપાસ ચાલુ કરી છે.


ક્લાસીફાઈડ / Classified

**હોટલમાં રસોઈ કામ માટે જોઈએ છે.**

વેસ્ટર્ન ફૂડ મેકર, રસોઈ બનાવનાર, રસોઈ કામ કરનાર તથા રસોઈયાને મદદ કરનાર જોઈએ છે. રસોઈ બનાવનારને રહેવાની સુવિધા આપવામાં આવશે. ગાનાનોક, ઓન્ટેરિયો.

**સંપર્ક કરો :- 226-203-4871**


## ગુજરાતમાં સી-પ્લેન ઉડશે,ચાર વોટર એરોડ્રોમ ઉભા કરવા તૈયારી

અમદાવાદ- આગામી દિવસોમાં ગુજરાતમાં હવે સી-પ્લેન ઉડતા નજરે પડશે.પ્રવાસન ઉદ્યોગને વેગ મળે,રાજ્યમાં હવાઈ સેવા શરૂ થાય તેવા હેતુસર રાજ્યમાં ચાર વોટર એરોડ્રોમ ઉભા કરવા નક્કી કરવામાં આવ્યુ છે.

ગુજરાતમાં સાબરમતી રિવરફ્રન્ટ,કેવડિયા નર્મદા ડેમ , શેત્રુંજય ડેમ,પાલિતાણા અને ધરોઇડેમમાં વોટર એરોડ્રોમ ઉભા કરવા આયોજન કરાયુ છે. કેન્દ્ર સરકારની રિજિયોનલ કનેક્ટિવીટી સ્કિમ ઉડાન હેઠળ ગુજરાતમાં ચાર સ્થળોએ વોટર એરોડ્રોમ નિર્માણ કરી હવાઈ સેવા શરૂ કરવામાં આવશે. વોટર એરોડ્રોમ માટે રાજ્ય સરકાર એકથી માંડીને અઢી એકર સુધીની જમીન ઉપલબ્ધ કરાવશે. આ ઉપરાંત કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન વિભાગની મંજૂરી મળતાં ગુજરાતના અન્ય સ્થળો પણ એરોડ્રોમ ઉભા કરવામાં આવશે. પાણીમાં એમ્ફિબિયસ વિમાન ઉતરાણ કરી શકે અને વોટર એરોડ્રોમમાં વિમાન પાર્ક કરી શકે તે રીતે વોટર એરોડ્રોમનુ નિર્માણ કરવામાં આવશે. કેટલાંક ટાપુના દેશોમાં ખાસ કરીને આઈલેન્ડ જેવા સમૃધ્ધ દેશોમાં વોટર એરોડ્રોમ છે. ગુજરાતમાં વોટર એરોડ્રોમ નિર્માણ થવાથી લોકોને હવાઈ સેવાનો લાભ મળશે. આ ઉપરાંત પ્રવાસનને વેગ મળશે. આ પ્રોજેક્ટમાં ઓથોરિટી ઓફ ઈન્ડિયા ઈમ્પ્લીમેન્ટ એજન્સી તરીકે કાર્ય કરશે. સાબરમતી રિવરફ્રન્ટ - અમદાવાદ, નર્મદા ડેમ - કેવડિયા, શેત્રુંજય ડેમ - પાલિતાણા, ધરોઇડેમ-મહેસાણા ખાતે વોટર એરોડ્રોમ બનાવાશે

## વિસનગર બેંકમાં ૩૫ કરોડની ઉચાપત મામલે મુંબઈના ચાર સહિત છ ઝડપાયા

**•સીઆઈડી ક્રાઈમે બેન્કના અધિકારીઓની સંડોવણીની શક્યતાને આધારે તપાસ હાથ ધરી**

અમદાવાદ- વિસનગર નાગરિક સહકારી બેન્કના ૩૫ કરોડની ઉચાપત સંદર્ભે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં તે સમયે ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમે આ કેસની તપાસ માટે સીટની રચના કરી હતી અને આરોપીઓને ઝડપી લેવા ત્રણ અલગ અલગ ટીમો બનાવી હતી.

જેમાં એક ટીમે મુબઈ જઈને આ કેસમાં સંડોવાયેલા ચાર શખ્સોની તથા અન્ય ટીમે ગુજરાતના અલગ અલગ ઠેકાણેથી બે જમા મળીને કુલ છ આરોપીની અટક કરી હતી.

જોકે સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ આ અંગે ભારે ચુપકીદી સેવી રહ્યા છે. તે સિવાય ઉચાપતના આ કેસમાં બેન્કના કર્મચારીઓ અને અધિકારીઓની સંડોવણીની શક્યતાને આધારે પણ પોલીસ તપાસ કરી રહી છે. આ કેસની વિગત મુજબ ફડચામાં ગયેલી ધી વિસનગર નાગરિક સહકારી બેન્કે તેની સરપ્લસ ફંડની પાકતી રકમ અન્ય બેન્કોમાંથી કેનેરા બેન્ક આશ્રમરોડ શાખામાં મુકી હતી. જેમાં કુલ ૨૦ ફિક્સ ડિપોઝીટની રસીદો એક વર્ષની મુદત માટે રૂ.૩૫,૨૯,૦૦૦ નો સમાવેશ થતો હતો. જોકે લોકડાઉન હોવાથી ફિક્સ ડુપોઝીટના સ્ટેટમેન્ટ મેળવી શકાયા ન હતા. વિસનગર નાગરિક સહકારી બેન્ક દ્વારા તપાસ કરાતા મોટી ઉચાપત બહાર આવી હતી.


## ૮૫ સિંહના મોત બાદ ગીરમાંથી માલધારીઓનું હટાવવા રજૂઆત

અમરેલીમાં પાંચ માસમાં ૮૫ સિંહોનાં મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. જેને પગલે કેન્દ્ર તરફથી આ મામલે તપાસ માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. અને આ સમિતિ દ્વારા સિંહોનાં મોત મામલે તલસ્પર્શી તપાસ કરવામાં આવી હતી. અને આ સમિતિ દ્વારા એક તપાસ રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે.

કેન્દ્રીય તપાસ સમિતિના રિપોર્ટમાં સિંહોનાં મોત મામલે વનવિભાગ અને સરકારની સિંહોનાં સંરક્ષણ બાબતે ઘોર બેદરકારી સામે આવી છે. કેન્દ્રીય તપાસ સમિતિએ સો ફોરેસ્ટર અને અઢીસો ગાર્ડની ખાલી જગ્યા ભરવા માટે તાકીદ કરી છે. અને આ જગ્યાઓ ખાલી હોવાથી સિંહોનાં વસવાટવાળા વિસ્તારમાં બરાબર મોનિટરિંગ થઈ શકતું ન હોવાનું પણ જણાવવામાં આવ્યું છે. સાથે જ સિંહોના મોત બાદ તેમના પોસ્ટમાર્ટમ રિપોર્ટ અંગે પણ સમિતિએ અનેક સવાલો ઉભા કર્યા છે. અને સિંહોના પોસ્ટમાર્ટમ વખતે વાઈલ્ડ લાઈફ એક્સપર્ટને સાથે રાખવા માટે પણ જણાવ્યું છે.

આ તપાસ રિપોર્ટમાં બીજી એક ચોંકાવનારી વાત એ સામે આવી છે કે, તપાસ સમિતિએ ગીરમાંથી માલધારીઓને અન્યત્ર ખસેડવા માટે ભલામણ કરી છે. હવે ગીરનાં સિંહ અને માલધારી સાથે સાથે રહેવાની અનેક લોકવાયકાઓ વિશ્વભરમાં પ્રખ્યાત છે.

# સહાય કેવળ પાલનહાર અલ્લાહથી જ યાચવા વિષેના આદેશો



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

ભાગ- ૨

"જો પાલનહાર અલ્લાહ તમોને સહાય કરે, તો તમારા ઉપર કોઈ ફાવી શકતું નથી. અને જો તે તમોને પડતા મુકે તો તે પછી એવો કોણ છે જે ભલા તમારી સહાય કરે ? અને શ્રધ્ધાળુઓએ તો પાલનહાર અલ્લાહ પર જ શ્રધ્ધા રાખવી જોઈએ." (પ્રકરણ ૩, શ્લોક ૧૬૦)

"અને જો પાલનહાર અલ્લાહ તમોને કોઈ હાનિ કે ઈજા પહોંચાડે તો તેના સિવાય તેને ટાળનાર કોઈ જ નથી. અને જો તે તમોને કોઈ ભલાઈ પહોંચાડવા ચાહે તો તેની કૃપાને કોઈ હટાવનાર પણ નથી. તે પાલનહાર અલ્લાહ પોતાના ભક્તો (બંદાઓ)માં જેને ચાહે તેના પર પોતાની કૃપા પહોંચાડી દે છે. અને તે મહાન બક્ષનાર મહા દયાળુ છે." (પ્રકરણ ૧૦, શ્લોક ૧૦૭)

કુરાન મજીદના ઉપર આપેલા બોધવચનો વાંચીને કોઈપણ સાદી સમજ ધરાવનાર માનવી એ સારી રીતે સમજી શકશે કે કષ્ટ અને મુશ્કેલીના સમયે કોઈ જીવંત માનવીને અથવા તો મૃત માનવીને પોકારવાનો કશો અર્થ નથી થતો, કારણ કે પાલનહાર અલ્લાહે બહુ જ સાફ રીતે કહેલ છે કે, "તમે મારા પાસેથી જ સહાય માંગો અને મને જ પોકારો જેથી હું તમારી યાચિકા (દુવા)ને કબુલ કરૂં તથા હું તમારી ધોરી નસ કરતા પણ વધુ નજીક છું."

પણ આ જગતમાં જ્યારે માનવી કષ્ટો અને મુશ્કેલીઓમાં ઘેરાય જાય છે, ત્યારે ઘણીવાર તેની મત મારી જાય છે અને તે પામર માનવી પાલનહાર અલ્લાહને છોડીને જંતર મંતર તથા ઝાડફુંક વગેરેનો સહારો લે છે, અને તાંત્રિકો, ભુવાઓ, પીરો, ફકીરો, સંતો, સાંઈબાબાઓ, જ્યોતિષીઓ, જાદુગરો, સમાધીઓ, દરગાહો વગેરેના ચક્કરો લગાવવા શરૂ કરી દે છે, જેમનાથી તેને નિરાશા સિવાય બીજું કશું નથી મળતું અને આ બધા ચક્કરોમાં તે પોતાની સારી એવી રકમ પણ વેડફી નાખે છે.

આ સંદર્ભમાં અત્યારના એકવીસમી સદીમાં એ જોવામાં આવેલ છે કે ગણ્યા ગણાય નહિં તેટલા તકસાધુ બાબાઓ, તાંત્રિકો, જાદુગરો વગેરે ભોળા માનવીઓની પરસેવાની કમાણી લુટી લેવા માટે આધુનિક પ્રસરણ માધ્યમોનો આશરો લઈને પોતાની લોભામણી જાહેરાતો થકી વર્તમાન પત્રો તથા

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ટેલીવીઝનમાં બુલંદબાંગ દાવાઓ કરે છે કે તેમની પાસે જગતની દરેક પ્રકારની સમસ્યાઓનો સો ટકા ઉકેલ છે. અને આ રીતે તેઓ ભોળા માનવીઓને શીશામાં ઉતારીને જુદા જુદા પ્રકારના ઉપાયો સુચવે છે અને તેમની પરસેવાની કમાણી લુંટી લે છે.

આ એક સાદું સત્ય છે કે જો જગતની આવી સમસ્યાઓનો ઉકેલ આ તકસાધુઓ પાસે હોત તો સૌથી પહેલા આ તકસાધુઓ જ પોતાની નાણાંકીય સમસ્યાઓનો ઉકેલ પોતાના કહેવાતા ઉપાયો થકી જ શોધી લેત અને આ રીતે ઓછામાં ઓછી તેમની પોતાની નાણાંકીય સમસ્યાઓ તો ઉકેલી શકત. પરંતુ સત્ય તો એ છે કે આ તકસાધુઓ પોતાની નબળી નાણાંકીય સમસ્યાને ધ્યાનમાં રાખીને જ આ પ્રકારના ધંધાને અપનાવીને પુરા જગતમાં ફેલાય ગયા છે, અને ત્યાં સુધી કે યુરોપ, અમેરિકા અને કેનેડા જેવા પ્રગતિશિલ દેશોમાં પણ આવા તકસાધુઓનો રાફડો ફાટી નીકળ્યો છે, અને ઓછા વત્તા અંશે આ તકસાધુઓનો સંબંધ દરેક ધર્મથી હોય છે. પોતાના કહેવાતા ઉકેલ અને ઉપાય માટે આ તકસાધુઓ મનગમતી રકમની માંગણી કરે છે. જગતનો કોઈપણ ધર્મ એ આદેશ નથી આપતો કે તમે પરમેશ્વર - પાલનહારને છોડીને તેના સર્જન કરેલા પામર માનવીઓ પાસેથી સહાય માંગો, અને કોઈ ધર્મ એ પણ આદેશ નથી આપતો કે જંતરમંતર, ઝાડફુંક, સમાધીઓ, દરગાહો વગેરે થકી સહાય માંગો. દરેક ધર્મના મુળરૂપે પરમેશ્વર અને ભક્ત એટલે કે પાલનહાર અને બંદા વચ્ચે એક સીધો સંબંધ હોય છે, અને તે સંબંધના અનુસાર માનવીએ પોતાના પાલનહાર નેજ સહાય માટે સાદ દેવો જોઈએ, અને સહાય તેના પાસેથી માંગવી જોઈએ, જેના વિષે કુરાન મજીદના અસંખ્ય બોધવચનોમાં બહુ જ સ્પષ્ટ રીતે આદેશો આપવામાં આવેલ છે.

સત્ય તો એ છે કે મનુષ્ય પોતે એક સર્જન છે અને તેનો સર્જનહાર તથા આ પુરા બ્રહ્માંડનો સર્જનહાર પરમેશ્વર-પાલનહાર અલ્લાહ જ છે, જેની તે સ્તુતિ (ઉપાસના-બંદગી) કરે છે. તે માટે જ મનુષ્યનું એ કર્તવ્ય છે કે તે કષ્ટો, વિટંબણાઓ તથા મુશ્કેલીઓના સમયે પોતાના પાલનહાર અલ્લાહને છોડીને કોઈ અન્ય જીવંત કે મૃત વ્યક્તિનો કે કોઈ અન્ય સર્જનનો કે કોઈ અન્ય વસ્તુનો સહારો ન લે, પરંતુ કેવળ પાલનહાર અલ્લાહનો જ સહારો લે.

સમાપ્ત.

# ટુરિઝમ ઉદ્યોગને ૭૦૦ કરોડનો ફટકો

- ટુર-ટ્રાવેલ્સ એજન્સી, હોટલમાંથી લાખથી વધુ કર્મચારીઓએ નોકરી ગુમાવી



અમદાવાદ- ટુરિઝમ ઉદ્યોગને વધુ અસર થઈ છે. કોરોનાને લીધે લોકોએ હરવાફરવાના સ્થળોએ જવાનુ ટાળ્યુ છે પરિણામે રાજ્યમાં ટુર ટ્રાવેલ્સ એજન્સીઓ જ નહીં પણ હોટલો ય જાણે બંધ અવસ્થામાં પડી છે.

લોકડાઉન બાદ ગુજરાતમાં મૃતપ્રાય અવસ્થામાં મૂકાયેલાં ટુરિઝમ ઉદ્યોગને રૂા.૭૦૦ કરોડનું નુકશાન થયા હોવાનો અંદાજ છે. એટલું જ નહીં , ટુરિઝમ ઉદ્યોગની એવી દશા થઈ છેકે, ટ્રાવેલ્સ એજન્સી, હોટલ ઉપરાંત ટ્રાન્સપોર્ટમાંથી કુલ મળીને ૩ લાખ લોકોએ નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે.

એક અંદાજ મુજબ ગુજરાતમાંથી વર્ષે દહાડે ૧૫-૨૦ લાખ ગુજરાતીઓ આંતર રાજ્ય અને અન્ય દેશોમાં ફરવા જાય છે. ખાસ કરીને શિયાળુ અને ઉનાળુ વેકેશનમાં ગુજરાતીઓ વિવિધ ટુરપેકેજ થકી પ્રવાસે જાય છે.

ગુજરાતમાં આજે ૧૦ હજાર કરતાં વધુ ટ્રાવેલ્સ એજન્ટો છે. કોરોનાને લીધે લોકોમાં એવો ડરનો માહોલ પ્રવર્તી રહ્યો છે કે,પ્રવાસ તો ઠીક,લોકો ઘરની બહાર નીકળતાં ય ડર અનુભવી રહ્યાં છે. આ ઉપરાંત હજુય મોટાભાગની રાજ્ય સરકારોએ પ્રવાસના સ્થળોએ જવાની છુટ આપી નથી. લોકડાઉન બાદ આ પરિસ્થિતીને પગલે ગુજરાતમાં ટુર ટ્રાવેલ્સ એજન્સીઓની એવી દશા છે કે, કર્મચારીઓને પગાર આપવાના ફાફાં છે. કેટલીય ટુર ટ્રાવેલ્સ એજન્સીઓએ તો કર્મચારીઓને છુટા કરી દીધા છે.

## ગુજરાતને મળશે નવા DGP! સરકારે ૩ નામો કેન્દ્રને મોકલ્યા

ગુજરાતના હાલના DGP શિવાનંદ ઝાને એપ્રિલ મહિનામાં એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. જેનો સમયગાળો આ મહિનામાં પૂરો થાય છે. શિવાનંદ ઝાના સ્થાને રાજ્ય સરકારે ૩ આઈપીએસ ઓફિસરનાં નામ કેન્દ્રીય ગૃહમંત્રાલયના પર્સોનલ વિભાગ અને UPSCમાં મોકલી આપ્યા છે. રાજ્ય સરકારે આશિષ ભાટિયા, રાકેશ અસ્થાના અને એ.કે.સિંહનું નામ રાજ્યના આગામી ડીજીપી તરીકે ગૃહ વિભાગને સોંપ્યા છે. હવે રાજ્ય સરકારનાં આ નામ ઉપર ગૃહ મંત્રાલયમાં ચર્ચા વિમર્શ થશે. અને બાદમાં રાજ્યના નવા ડીજીપીનું નામ જાહેર કરવામાં આવશે.

## સુરતમાં કોર્પોરેટર પર ફાયરિંગ પ્રકરણમાં ઈન્ટરનેશનલ કનેક્શન

સુરત કોર્પોરેટર ભરત વઘાસીયા ફાયરિંગ મામલે મોટો ખુલાસો થયો છે. ફાયરિંગ બાબતે ઈન્ટરનેશન કનેક્શન નીકળતા ખળભળાટ મચી જવા પામ્યો છે. કરોડોની પોપડાવાળી જમીન માટે લાખો રૂપિયાની લંડનથી સોપારી અપાઈ હતી. આ કેસમાં સૂરત ક્રાઈમબ્રાન્ચે સોપારી આપનાર અને એક જમીન દલાલની ધરપકડ કરી છે. ત્યારબાદ બન્ને આરોપીઓનો કોરોના રિપોર્ટ કરાવતા એક આરોપીને કોરોના પોઝિટીવ આવતા કોવિદ હોસ્પિટલમાં ખસેડાયો છે.

સુરતના વરાછા વિસ્તારમાં ભાજપના નેતા પર ફાયરિંગની ઘટના સામે આવી હતી. વરાછામાં મ્નૈંના કોર્પોરેટર પર ફાયરિંગની ઘટના બનતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. મ્નૈંના કોર્પોરેટર ભરત મૌના પર અજાણ્યા શખ્સે ફાયરિંગ કર્યુ હતું. આ ઘટનામાં પોલીસ તપાસમાં કારતૂસ પણ મળી આવ્યા છે. જેથી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પરંતુ પોલીસે ઘટનામાં તપાસ કરતા હત્યાના ઈરાદે કરાયેલા ફાયરિંગ પ્રકરણમાં કોર્પોરેટર ભરત મોનાનું મૌન પોલીસને અકળાવી રહ્યું છે. આ હુમલા કરનારા અને કરાવનારા સુધી પહોંચવા માટે પોલીસ ભરત મોનાની પ્રકૃતિનો અભ્યાસ કરી રહી હતી. જમીન વિવાદ ઉપર અંગત કારણોસર થયેલા ઝઘડા પોલીસ તપાસનો મુદ્દો બન્યો હતો.

## સુરતમાં મંત્રીના પુત્ર પ્રકાશ કાનાણી સહિત ૬ સામે ફરિયાદ, ત્રણની અટક

- વાયરલ વીડિયો મામલે પ્રકાશ કાનાણીનો ખુલાસો

સુરતમાં આરોગ્યમંત્રી કુમાર કાનાણીના પુત્ર પ્રકાશ કાનાણી અને મહિલા કોન્સ્ટેબલ સુનિતા યાદવ વચ્ચેનો વિવાદ બાદ મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. મળતી માહિતી મુજબ આ મામલે હવે પ્રકાશ કાનાણી સહિત ૬ લોકો સામે ફરિયાદ નોંધાવામાં આવી છે. તેમની સામે સુરતના વરાછામાં ફરફ્યું ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે. જ્યારે એવી માહિતી પણ મળી રહી છે કે આરોગ્ય મંત્રીના પુત્ર પ્રકાશ સહિત ૩ની અટકાયત પણ કરવામાં આવી છે. ACPએ કહ્યું કે વીડિયોના આધારે તપાસ કરવામાં આવશે. આરોગ્ય મંત્રીના પુત્ર પ્રકાશ કાનાણી અને મહિલા પોલીસ સાથે રકઝકના વીડિયો વાયરલ થયા હતા. આ પહેલા વાયરલ વીડિયો મામલે પ્રકાશ કાનાણીએ પણ ખુલાસો કર્યો. પ્રકાશ કાનાણીએ જણાવ્યું કે,'મારા સસરા હોસ્પિટલમાં દાખલ છે. મહિલા પોલીસે મારા મિત્રને હેરાન કર્યા હતા. મારા મિત્રનો ફોન આવ્યો એટલે હું ત્યાં ગયો હતો.'

## ગુજરાતના જાણીતા લેખક નગીનદાસ સંઘવીનું નિધન

સુરત : ગુજરાતીના જાણીતા કટાર લેખક નગીનદાસ સંઘવીનું ૧૦૦ વર્ષની ઉંમરે નિધન થયું છે. સુરત હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. નગીનદાસ સંઘવીને ગત ૨૬મી જાન્યુઆરીએ પદ્મશ્રી આપીને સન્માનિત કરાયા હતા. મોટા ભાગે મુંબઈ ખાતે જીવન પસાર કરનારા ૧૦૦ વર્ષીય નગીનદાસ સંઘવી છેલ્લા કેટલાક મહિનાઓથી ઘોડદોડ રોડ વિસ્તારમાં દીકરીના ઘરે રહેતા હતા. તેઓ વરિષ્ઠ રાજકીય વિશ્લેષક હતા તેમજ તેમની કોલમ 'તડ ને ફડ' રાજકારણની આંટીઘૂંટીઓ યથાતથ પીરસતા આવ્યા હતા.

## જૈનાચાર્ય ગુણરત્નસૂરીશ્વર મ.સા. સમાધિપૂર્વક સુરતમાં કાળધર્મ પામ્યા

સુરત- જૈનાચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી સોમવારે ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં સુરત કૈલાસનગર ખાતે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. તેઓની પાલખી મંગળવારના બપોરે ૨.૦૦ વાગ્યે નીકળી હતી. દીક્ષાદાનેશ્વરી ૮૮ વર્ષીય જૈનાચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી ૬૬ વર્ષીય દીક્ષા પર્યાય ધરાવતા હતા. તેઓએ જૈનાચાર્ય જીતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના હસ્ત ૨૨ વર્ષની વયે દીક્ષા લીધી હતી. તાજેતરમાં જ એક મુમુક્ષુને દીક્ષા આપી હતી અને ૪૫૧ દીક્ષા દાનેશ્વરી બન્યા હતા. આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજીએ વિક્રમ સંવત-૨૦૩૧માં સૌપ્રથમ દીક્ષા પિંડવાડા, રાજસ્થાન ખાતે મુનિ મોક્ષરત્નવિજયજી મ.સા.ને આપી હતી.

## કેનેડામાં સંસાર માંડનાર અમદાવાદની યુવતીને સાસરિયાઓ દ્વારા ત્રાસ અપાયો

અમદાવાદ : અમદાવાદ ચાંદલોડીયા વિસ્તારને યુવતીએ લગ્ન કરીને કેનેડામાં સુખી સંસાર માંડવા પતિ સાથે કેનેડા ગઈ હતી. પરંતુ ત્યાં તેના પતિએ હેરાન પરેશાન કરતા પરિણીતાને કેનેડા ખાતે શેલ્ટર હોમમાં રહેવાની ફરજ પડી હતી. જો કે, તેની પાસે ઈન્ડીયા આવવા માટે એરટિકીટના પૈસા ન હોવાથી પરિણીતાના પિતાએ એરટિકીટ મોકલી હતી.

ત્યારબાદ પરિણીતા ઈન્ડીયા પરત આવી હતી. જો કે, સાસરિયા દ્વારા અવાર નવાર પરિણીતાને ત્રાસ આપતા વેસ્ટ મહિલા પોલીસ મથકે તેના પતિ દિપક, સસરા રાજેશ, સાસુ નિતાબહેન, દિયર હર્ષ અને નણંદ પ્રજ્ઞા વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફ્રિયાદ નોંધાવી છે.

ચાંદલોડીયામાં રહેતી મનિષાએ લગ્ન કર્યા તે વખતે તેના સસરાએ બિઝનેસમાં નુકસાન થયુ હોવાનુ કહીને રૂપિયા ૧૦ લાખ મનિષાના પિતા પાસેથી લીધા હતા. લગ્ન બાદ મનીષા ૨૦૧૫માં પતિ સાથે કેનેડા ગઈ હતી. જ્યાં ઠંડી લાગતા પતિએ ગરમ કપડાં અપાવવાની ના પાડી પોતાના જુના જેકેટ પહેરવા જણાવ્યું હતું. પતિએ તારો એક રૂપિયાનો ખર્ચ હું નહીં ઉપાડું તારે જાતે જ બધુ કરવાનું. બાદમાં મનીષા ગર્ભવતી થતાં પતિએ બાળક રાખવાની ના પાડી ને દિયરે દવા મોકલી હતી. તે દવા પતિએ આપી ગર્ભ પડાવી નાખ્યો હતો.

## ન્યૂઝ બ્રીફ

### બનાસકાંઠામાં સગર્ભા સાથે પોલીસના અમાનવીય વર્તનના મુદ્દે મહિલા આયોગનો તપાસનો આદેશ

બનાસકાંઠા: બનાસકાંઠા અંબાજીમાં ગર્ભવતી મહિલા સાથે બનેલી ઘટના બાદ રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્યએ જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ સાથે વાત કરી હતી અને સમગ્ર ઘટનાની તપાસ ત્રણ દિવસમા કરવા આદેશ કર્યો હતો. જિલ્લા પોલીસ વડાએ ત્રણ દિવસમાં સમગ્ર બાબતની ઘટનાની તપાસ કરવાની ખાતરી આપી હતી.

### આંદોલન અધવચ્ચે છોડનાર યુવરાજસિંહ જાડેજાએ સમિતિ સાથે રહીને લડત આપવાનો નિર્ણય લીધો

અમદાવાદ– બિન સચિવાલય પરીક્ષામાંથી આગેવાન બનેલા અને શિક્ષિત બેરોજગાર આંદોલન સમિતિના સભ્ય યુવરાજસિંહ જાડેજા શિક્ષિત બેરોજગારોના હિતમાં પોતાની લડત ચાલુ રાખશે. બે દિવસ પહેલા યુવરાજસિંહ જાડેજા દ્વારા જાતિ વાદના નામે થઇ રહેલા રાજકારણથી આંદોલનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. જોકે હવે શિક્ષિત બેરોજગાર આંદોલન સમિતિ સાથે રહીને લડત આપવાનો નિર્ણય લીધો છે.

### કોરોનાને કારણે ખેડાના પ્રસિદ્ધ મીનાવાડા દશામાંના મંદિરને બંધ રાખવા નિર્ણય કરાયો

ખેડામાં કોરોના સંક્રમણ વધી રહેવાને પગલે પ્રસિદ્ધ મીનાવાડા દશામાંનું મંદિર બંધ રહેશે. ૨૦ જુલાઈથી ૫ ઓગસ્ટ સુધી મીનાવાડા દશામાનું મંદિર બંધ રાખવામાં આવશે. શ્રાવણ મહિનામાં આવતા દશામાના વ્રતનો ખુબ જ મહિમા રહેલો છે, ત્યારે મીનાવાડા દશામાનું મંદિર બંધ રાખવાનો નિર્ણયના કારણે હજારો શ્રદ્ધાળુઓને દુ:ખ પહોંચી શકે છે.

### કોમેડિયન યુવતીને રેપની ધમકી આપવી વડોદરાના શુભમને ભારે પડીઃ સ્વરા ભાસ્કરનો વિરોધ

હાલમાં દેશભરમાં વડોદરાના શુભમ મિશ્રાની ભારે ચર્ચા થઈ રહી હતી. શુભમ મિશ્રાએ સ્ટેન્ડ અપ કોમેડી કરતી એક યુવતીને લાઈવ વીડિયો દરમિયાન દુષ્કર્મની ધમકી આપી હતી. જે બાદ સ્વરા ભાસ્કર, સોનમ આહૂજા સહિતની બોલિવૂડની હસ્તીઓએ તેનાં ધરપકડની માગ કરી હતી. મહારાષ્ટ્રના હોમ મિનિસ્ટર અનિલ દેશમુખે પણ વડોદરા પોલીસને તેની ધરપકડ કરવા માગ કરી હતી. જે બાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આરોપી શુભમ મિશ્રાને ઝડપી પાડ્યો હતો.

### ભાવનગરમાં જીગરીજાન મિત્રોએ મિત્રતા લજવી, માત્ર મોબાઈલની લેતીદેતીમાં હત્યા

ભાવનગરમાં વડવા ચાવડીગેટ પાસે હલુરીયા ચોક ભોયવાડા પાસે રહેતા રાજેશભાઇ ઉર્ફે રાજુ મેરાભાઈ મેર (ઉ.વ.૨૫)ને આરોપી મિત્ર ચિરાગ ઉર્ફે લાલો સામંતભાઇ સહીડા સાથે મોબાઈલની લેતી દેતી મામલે ઝઘડો થતાં ચાવડી ગેટ વિસ્તારમાં કાછીયાના ડેલામાં ચિરાગે તેને તીક્ષણ હથિયારોના ઘા મારી દીધા હતા. રાજુભાઈને ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

### વડોદરાઃ ચાર મહિના બાદ ભક્તજનો ડભોઈના કુબેર ભંડારી દાદાના અમાસના દર્શન કરશે

વડોદરા– વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના કરનાળી સ્થિત કુબેર ભંડારી મંદિર સતત ચાર અમાસ સુધી કુબેર ભંડારી દાદાના દર્શન શક્ય બન્યા ન હતા. આગામી અમાસ પર્વે કુબેર ભંડારી દાદાના દર્શન સુલભ થશે એવા આનંદના સમાચાર મળી રહ્યાં છે. જો કે ભક્તોએ કોરોના વિષયક તમામ તકેદારીઓ અને શિસ્ત પાળી દર્શન કરવાના રહેશે.સોમેશ્વર કુબેરેશ્વર ટ્રસ્ટના મેનેજર રજનીભાઇ પંડ્યાજીએ જણાવ્યું છે કે, કુબેર ભંડારી મંદિર ખાતે ભક્તજનો માટે અમાસના દર્શનનું અનેરૂ મહત્વ રહેલું છે ત્યારે આગામી અમાસે તારીખ ૨૦ના રોજ ભક્તો માટે કુબેર મંદિરમા સવારના ૮ થી સાંજના ૬ સુધી દર્શન ખુલ્લાં રહેશે.

### ભારે વરસાદને કારણે રાજ્યના ૧૨ જળાશય છલકાયાઃ ૧૩માં ૯૦થી ૯૯ ટકા પાણીનો સંગ્રહ થઈ ગયો

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા પાંચ દિવસથી ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં મેઘરાજા અવિરત વરસી રહ્યાં છે. સતત મેઘાવી મહેરના કારણે સૌરાષ્ટ્રના જળાશયોમાં નવાં નીર આવ્યાં છે. હજુ ચોમાસું બેઠ્યાંને ૨૦ જ દિવસ થયાં છે ત્યાં સૌરાષ્ટ્રના ૩૬ ડેમમાં પાણીની ભારે આવક જોવા મળી છે. તેમાંથી પણ ૧૨ ડેમ ૧૦૦ ટકા, ૧૩ ડેમ ૯૦ ટકા અને ૧૧ ડેમ ૮૦થી ૯૦ ટકા સુધી ભરાયા છે. જળ સંપત્તિ વિભાગની વેબસાઈટમાં રજૂ કરવામાં આવતી દૈનિક જળાશયોના લેવલની યાદીમાં ૩૬ ડેમમાંથી ૨૫ ડેમમાં પાણીનું લેવલ ૯૦ ટકથી વધુ હોવાથી તેને હાઈએલર્ટ જાહેર કરાયા છે. જ્યારે ૧૧ ડેમને એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

### મણિનગરના સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પૂ. પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીનું નિધન

સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગરના પૂ. પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીનું નિધન થયું છે. આ સમાચાર સાંભળીને હરિભકતો શોકમાં ગરકાવ થઇ ગયા છે. પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીને ફેફસામાં ઈન્ફેક્શન થયા બાદ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યા તેઓ ઘણા દિવસથી વેન્ટિલેટર પર હતાં. મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન તરફથી હરિભક્તોને અપીલ કરવામાં આવી હતી કે અત્યારના સંજોગોને કારણે કોઇએ પણ સ્વામિનારાયણ મંદિર મણિનગર તથા શ્રી મુક્તજીવન સ્વામીબાપાના સ્મૃતિ મંદિરના કમ્પાઉન્ડમાં આવવાનું નથી. તેઓના નિધનને પગલે અમદાવાદ સહિત ગુજરાતભરના હરીભક્તોમાં શોકની કાલીમાં છવાઈ ગઈ હતી. સ્વામીની અંતિમવિધિ મંદિર પરિસરમાં કરાઈ હતી.

# રાજસ્થાનમાં પાયલટની ડે. CM-પ્રમુખપદેથી હકાલપટ્ટી

## •ગેહલોતથી નારાજ પાયલટે સમર્થકો સાથે મોરચો માંડ્યો, મામલો થાળે પાડવા માટે દોડધામ

જયપુર : કોંગ્રેસે મંગળવારે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સામે બળવો કરનારા પક્ષના વરિષ્ઠ નેતા સચિન પાયલટની પક્ષમાંથી કાઢી મૂક્યા હતા. આ સાથે કોંગ્રેસે સચિન પાયલટ પાસેથી નાયબ મુખ્યમંત્રી અને રાજસ્થાન કોંગ્રેસનું પ્રમુખપદ પણ આંચકી લીધા હતા.

વધુમાં છેલ્લા બે દિવસમાં કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક પછી રાજ્ય કેબિનેટમાંથી અન્ય બે મંત્રીઓ વિશ્વેન્દ્ર સિંહ અને રમેશ મીણાની પણ હકાલપટ્ટી કરવામાં આવી છે. પક્ષમાંથી હકાલપટ્ટી પછી સચિને ટ્વીટર પર જણાવ્યું હતું કે, 'સત્યને પરેશાન કરી શકાય છે, હરાવી શકાતું નથી.' બીજીબાજુ કાર્યવાહીથી નારાજ પાયલટ જૂથના સભ્યોએ ગૃહમાં ફ્લોર ટેસ્ટની માગણી કરી હતી. સચિન પાયલટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત પક્ષના ટોચના નેતૃત્વની પક્ષમાં પાછા ફરવાની વિનંતી નકારી કાઢ્યા પછી પાયલટને 'બીજી તક' આપવા માટે મંગળવારે કોંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક બોલાવાઈ હતી, જેમાં પાયલટ ગેરહાજર રહ્યા હતા. વર્ષ ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી પછી મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસે અશોક ગેહલોતની પસંદગી પછી પાયલટ નારાજ હતા. તે સમયે પાઈલટ જૂથના ટેકેદારોએ રાજ્ય એકમના પ્રમુખ તરીકે વિજય માટે પાયલટને શ્રેય આપ્યું હતું.

કોંગ્રેસ વિધાનસભા પક્ષની મંગળવારની બેઠક દરમિયાન પાયલટના ટેકેદારોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપમાં જોડાવાની તેમની કોઈ યોજના નથી. તેઓ માત્ર રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તન ઈચ્છે છે. તેઓ ગેહલોતની જગ્યાએ પાયલટને મુખ્યમંત્રી બનાવવા માગે છે. પાયલટ હવે કયું પગલું ભરશે તે સ્પષ્ટ નથી. જોકે, તેમના વિરૂદ્ધ પક્ષની કાર્યવાહી પછી પાયલટે હિન્દીમાં ટ્વીટ કરી જણાવ્યું હતું કે, 'સત્યને પરેશાન કરી શકાય છે, પરંતુ હરાવી શકાતું નથી.' ગેહલોતે સચિન પાયલટ પર ભાજપના હાથનું રમકડું બનવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં હોર્સ ટ્રેડિંગ થઈ રહ્યું હોવાનો તેમને ખેદ છે.



## સત્યને પરેશાન કરી શકાય છે, પરાજીત નહી : પદ પરથી હટાવ્યા પાયલટ

રાજસ્થાનની અશોર ગહેલોત સરકારે સચિન પાયલટને ઉપ-મુખ્યમંત્રી પદથી હટાવી દીધાં છે, સાથે જ પાર્ટીએ તેમને રાજ્યના કોંગ્રેસ અધ્યક્ષ પદ પરથી પણ હટાવી દેવામાં આવ્યા બાદ સચિન પાયલટે પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે ટ્વીટ કરી કહ્યું કે, સત્યને પરેશાન કરી શકાય છે પરાજીત નહી. આ સિવાય સચિન પાયલટે પોતાના ટ્વીટર બાયો પણ બદલી દીધો છે. પોતાની ઓળખ માત્ર એક ધારાસભ્ય અને પૂર્વ કેન્દ્રીય મંત્રી બતાવી છે.

## પાયલટ અમારા ધારાસભ્યો ખરીદવા માગતા હતા : ગેહલોત

રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચેનો વિવાદ હજુ પણ જારી છે. ગેહલોતે પાયલટ પર હોર્સ ટ્રેડિંગનો આરોપ લગાવ્યો છે. ગેહલોતે આરોપ લગાવ્યો હતો કે પાયલટ અને ભાજપ બન્નેએ મળીને અમારા ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કર્યો હતો. સચિન પાયલટ ખુદ હોર્સ ટ્રેડિંગમાં સામેલ હતા. બીજી તરફ અશોક ગેહલોત સચિન પાયલટ પર જે આરોપો લગાવી રહ્યા છે તેને લઇને કોંગ્રેસના ટોચના નેતાઓ પણ નારાજ છે. સચિન પાયલટને જે નોટિસ આપવામાં આવી હતી તેને લઇને પણ અશોક ગેહલોતથી કોંગ્રેસ હાઇકમાન્ડ નારાજ છે. ગેહલોતે સીધો સચિન પાયલટ પર હોર્સ ટ્રેડિંગનો આરોપ લગાવ્યો છે. સાથે દાવો કર્યો છે કે મારી પાસે મારા દાવાના બધા જ પુરાવા છે. બીજી તરફ રાહુલ ગાંધીએ સચિન પાયલટને સંદેશો મોકલ્યો છે કે તેઓ ઇચ્છે તો કોંગ્રેસમાં હજુ પણ તેમના માટે સ્થાન છે. રાહુલ ગાંધીના આ સંદેશા પરથી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસમાં હજુ પણ સચિન પાયલટને

## પાયલટની હકાલપટ્ટી મુદ્દે કોંગ્રેસમાં આંતરિક વિરોધ

પક્ષના અનેક વરિષ્ઠ નેતાઓએ આ નિર્ણય સામે અસંતોષ વ્યક્ત કર્યો છે. કેટલાક નેતાઓ રાજસ્થાનના આ સંપૂર્ણ ઘટનાક્રમથી દુ:ખી છે. અધિર રંજન ચૌધરી, જિતિન પ્રસાદ, પ્રિયા દત્તથી લઈને અભિષેક મનુ સિંઘવી સુધીના અનેક નેતાઓએ તેમનું દુ:ખ વ્યક્ત કર્યુ છે. લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીએ કહ્યું કે આ ઘટનાક્રમ માત્ર કોંગ્રેસ માટે જ નિરાશાજનક નથી, પક્ષના દરેક કાર્યકરની આંકાંક્ષા ઊંચા પદો પર પહોંચવાની હોય છે, પરંતુ તેમણે એક દાયરામાં રહેવું જોઈએ.

## પાયલટને સમર્થનથી સંજય ઝાને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા


રાજસ્થાનમાં આવેલા રાજકિય ભુકંપના આંચકા હવે છેક મહારાષ્ટ્ર સુધી પહોંચ્યા છે. મહારાષ્ટ્રના કોંગ્રેસ નેતા સંજય ઝાને પાર્ટીમાંથી કાઢી મુક્યા છે. મહારાષ્ટ્ર કોંગ્રેસે પત્ર જાહેર કરીને તેમને કોંગ્રેસમાંથી દૂર કર્યા છે. રાજસ્થાનમાં ચાલતા રાજનૈતિક ધમાસાણમાં સંજય ઝાએ સચિન પાયલટનું સમર્થન કર્યુ હતું. સંજય ઝાએ કહ્યું હતું કે રાજસ્થાનમાં સચિન પાયલટને મુખ્યમંત્રી બનાવી દેવા જોઇએ. જેથી મહારાષ્ટ્ર કોંગ્રેસે પાર્ટી વિરુદ્ધનું કામ ને શિસ્ત ભંગ બદલ સસ્પેન્ડ કર્યા છે.

## કોંગ્રેસમાં યોગ્યતાનું કોઇ સ્થાન નથી : સિંધિયા

રાજસ્થાનમાં ચાલી રહેલા રાજકિય ડ્રામા અંગે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બયાનબાજી ચાલી રહી છે. જેમાં હવે પૂર્વ કોંગ્રેસી નેતા અને વર્તમાનમાં મધ્યપ્રદેશ ભાજપના રાજ્યસભા સાસંદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ પણ જંપલાવ્યું છે. સચિન પાયલટને લઇને સિંધિયાએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની અંદર યોગ્યતાને કોઇ સ્થાન નથી. દરેક રાજ્યમાં આ વાત જોઇ શકાય છે. ઉલ્લેખનીય છે કે સચિન પાયલટને રાજસ્થાન કોંગ્રેસે પદ પરથી દૂર કર્યા છે.

# બિહાર અને આસામમાં પૂરથી ભારે તબાહી : ૩૬ લાખ લોકોને અસર

પટના : દેશના ઉત્તરનાં રાજ્યોમાં વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે. બિહારથી લઈને આસામ સુધી તોફાની વરસાદ અને પૂર પ્રકોપને કારણે હાહાકાર મચ્યો છે. બિહારમાં ગંગા સહિત અનેક નદીઓ તેમજ આસામમાં બ્રહ્મપુત્રા નદીની શાખાઓમાં ઘોડાપૂર આવ્યા છે. નદીઓએ ભયજનક સપાટી વટાવતા કેટલાક શહેરો અને ગામો તેમજ ખેતરોમાં પૂરનાં પાણી ફરી વળ્યા છે. લાખો લોકો પૂરને કારણે ઘરવિહોણા થઈ જતા રાહત છાવણીમાં ખસેડાયા છે. લોકોને પૂરથી બચાવવા બિહાર અને આસામમાં એનડીઆરએફની



૯૮ ટીમ કામે લાગી છે. બંને રાજ્યોમાં પૂરપ્રકોપે તબાહી મચાવી છે. નેપાળ અને ચીન તરફથી વહેતી નદીઓમાં આવેલા પૂરનાં પાણીએ ભારે વિનાશ વેર્યો છે. આસામનાં બારપેટા જિલ્લામાં ૪૬૮ ગામ પાણીમાં ડૂબતા લાખો લોકો પ્રભાવિત થયા હતા. અસરગ્રસ્તોને રાહત છાવણીમાં લઈ જવાયા હતા. આસામમાં પૂરનાં પાણીમાં ડૂબી જવાથી કે તણાઈ જવાથી કુલ મૃત્યુઆંક ૬૬ થયો છે. આસામનાં કુલ ૨૬ જિલ્લા પાણીમાં ડૂબ્યા છે અને ૩૬ લાખ લોકોને અસર થઈ છે.

# ધનાઢય પદ્મનાભ મંદિરનું સંચાલન ત્રાણવણકોર રાજ પરિવાર જ કરશે

## • સુપ્રીમે કેરળ હાઈકોર્ટે ૨૦૧૧માં આપેલા ચૂદાકાને રદ કર્યો

નવી દિલ્હી : પદ્મનાભ મંદિરના મેનેજમેન્ટ મુદ્દે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે મંદિર મેનેજમેન્ટમાં ત્રાવણકોર રાજપરિવારનો હક માન્ય રાખ્યો હતો. મંદિર મેનેજમેન્ટની નવી સમિતિ બનશે એમાં રાજ પરિવારની ખૂબ જ મહત્વની ભૂમિકા રહેશે.

ખજાનાની રખેવાળી પણ રાજવી પરિવાર પાસે રહેશે. આ મંદિર દુનિયાનું સૌથી ધનિક હિન્દુ મંદિર હોવાનું કહેવાય છે. ભગવાન પદ્મનાભ મંદિરના મેનેજમેન્ટને લઈને વિવાદ શરૂ થયો હતો. કેરળ સરકાર અને ત્રાવણકોર રાજ પરિવાર વચ્ચે ચાલતા આ કેસનો ચુકાદો આવ્યો હતો. કેરળ હાઈકોર્ટે ૨૦૧૧માં કેરળ સરકારની તરફેણમાં ચુકાદો આપતા મંદિર મેનેજમેન્ટનો હક સરકારને આપ્યો હતો. કેરળ હાઈકોર્ટના ચુકાદામાં મંદિરનું મેનેજમેન્ટ અને ખજાનો કેરળ સરકારને સંભાળી લેવાનું કહેવાયું હતું. તે ચુકાદાને ત્રાવણકોરના રાજવી પરિવારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૦૧૧માં કેરળ હાઈકોર્ટના ચુકાદા સામે સ્ટે આપ્યો હતો. આઠ વર્ષ પછી આખરે એ કેસનો ઐતિહાસિક ચુકાદો આવ્યો હતો.

# કોરોનાના મૃતકોના અંતિમ સંસ્કાર કરનારને આંધ્ર સરકાર રૂ.૧૫૦૦૦ આપશે

હૈદરાબાદ : કોરોના મહામારીએ તમામ સામાજિક સમીકરણો બદલાવી નાંખ્યા છે. કોરોનાના કારણે સ્થિતિ એવી ઉભી થઇ છે કે મૃત્યુ પામનાર વ્યક્તિના અંતિમ સંસ્કાર પણ બરાબર થતા નથી. કોરોનાના ડરને કારણે લોકો લાશની નજિક પણ જતા નથી. પરિવારના સભ્યો પણ મૃત્યુ પામનાર વ્યક્તિથી દૂર રહે છે. તેવામાં આંધ્ર પ્રદેશની સરકારે કોરોનાથી મૃત્યુ પામનારના અંતિમ સંસ્કાર કરનાર વ્યક્તિને ૧૫૦૦૦ રુપિયા આપવાનો નિર્ણય કર્યો છે. જો પરિવારના લોકો અંતિમ સંસ્કાર કરશે તો આ રકમ તેને મળશે, અથવા તો અંતિમ સંસ્કાર કરનારા વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવશે. આંધ્ર પ્રદેશમાં કોરોનાના કારણે મરનાર લોકોની લાશ સાથે ગેરવર્તણુક થઇ રહી હતી. અત્યાર સુધીમાં આવી અનેક ઘટનાઓ સામે આવી ચુકી છે.

# ભારત-ચીન વચ્ચે તનાવ ઘટાડવા ૧૪ કલાક સુધી ચાલી સૈન્ય વાર્તા

લદાખ : ભારત અને ચીન વચ્ચે ગઈ કાલે ૧૪ કલાક સુધી સૈન્ય વાર્તા ચાલી હતી. બંને દેશો વચ્ચે ૧૪ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યાથી શરૂ થઈને રાતના બે વાગ્યા સુધી સૈન્ય વાર્તા ચાલી હતી. તેમાં તણાવવાળા વિસ્તારોમાં ચીની સેનાની પીછેહઠ અંગે પણ ચર્ચા થઈ હતી. હાલ ચીની સેના પૈંગોગ ક્ષેત્રના ફિંગર-૫ પર તૈનાત છે અને ભારતીય સેના એપ્રિલ મહીના પહેલા જે સ્થિતિ હતી તેને પુનઃસ્થાપિત કરવા માંગ કરી રહી છે.

ભારત અને ચીનના કોર કમાન્ડર્સની આ ચોથી બેઠક યોજાયેલી જેમાં બંને સેનાઓ પોતપોતાની જૂની જગ્યાએ પાછી જાય તેમ નક્કી થયું છે. તે સિવાય બંને સેનાઓ એપ્રિલમાં જ્યાં હતી ત્યાં પાછી જાય અને પોતાના મોટા હથિયાર પાછા લે તેમ નક્કી થયું છે. કોર કમાન્ડરની બેઠક પહેલા જ ચીનની સેના પીએલએ ફિંગર-૪થી ફિંગર-૫ તરફ જતી રહી છે. હાલ ચીની સેના ફિંગર-૫ પર તૈનાત છે અને ભારતે તેને ફિંગર-૮ સુધી પાછા જવા કહી દીધું છે. હકીકતે ભારતીય સેના પણ ફિંગર-૮ સુધી પેટ્રોલિંગ કરતી આવી છે પરંતુ એપ્રિલ મહીના બાદ ચીની સેનાએ ફિંગર-૪થી લઈને ફિંગર-૮ સુધી તૈનાતી વધારી દીધેલી અને ભારતીય સેનાને પેટ્રોલિંગ કરતા રોકી દીધી હતી.

# હવે ભારતીય સેનાને મળશે ૭૨ હજાર અમેરિકન SIG 716 એસોલ્ટ રાઈફલ્સ

શ્રીનગર : ભારત-ચીન સરહદ વિવાદ વચ્ચે ભારતીય સૈન્ય અમેરિકા પાસેથી ૭૨ હજાર એસઆઈજી ૭૧૬ એસોલ્ટ રાઈફલ્સ ખરીદવા જઈ રહી છે. સેનાની નોર્ધન કમાન્ડ અને અન્ય ઓપરેશન વિસ્તારોમાં તૈનાત સૈનિકોને પહેલાથી જ ૭૨,૦૦૦ રાયફલ્સ અમેરિકાથી પ્રાપ્ત થઈ છે. આ રાઈફલ્સની બીજી બેચ હશે. નવા હથિયારો ફાસ્ટ ટ્રેક પર્ચેઝ હેઠળ ખરીદવામાં આવી રહ્યા છે. અમેરિકાની શસ્ત્ર ઉત્પાદક સિગ સોયર રાઈફલ્સ સપ્લાય કરશે. તેને અમેરિકામાં બનાવવામાં આવશે. આ નવી રાઈફલ્સ ભારતીય લશ્કરમાં હાલમાં ઉપયોગમાં લેવામાં આવતી ઈન્ડિયન સ્મોલ આર્મ્સ સિસ્ટમ ૫.૫૬૮૪૫ મીમી રાઈફલને બદલશે. આતંકવાદ વિરોધી અભિયાન અને એલઓસી પર તૈનાત સૈનિકો માટે ૧.૫ લાખ રાઈફલ્સની આયાત થવાની છે.

# ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૨,૬૯૫ દર્દીઃ ૬૦૬નાં મોત

## ભારતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યામાં ૧૦ લાખને આંબી ગઈ

- ૧૬મી જુલાઈએ દર્દીની સંખ્યા ૧૦,૦૫,૬૩૭ પર પહોંચીઃ ૩૩૧૧૪૬ લોકોની સારવાર ચાલી રહી છે : ૬,૧૨,૮૧૫ દર્દીઓ મ્હાત કરવામાં સફળ રહ્યા

નવી દિલ્હી : દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૨,૬૯૫ કોરોના વાયરસના ચેપગ્રસ્ત દર્દીઓ મળી આવ્યા છે. આ સાથે જ ભારતમાં કુલ કેસનીસંખ્યા૧૦,૦૫,૬૩૭એ પહોંચી ગઈ છે. દેશભરના કુલ કેસ પૈકી ૩,૩૧,૧૪૬ લોકોની સારવાર ચાલી રહી છે, જ્યારે ૬,૧૨,૮૧૫ દર્દીઓ વાયરસને મ્હાત કરવામાં સફળ રહ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ખતરનાક વાયરસથી કુલ ૨૪,૯૧૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. તેમાંય વિતેલા ૨૪ કલાકમાં ૬૦૬ લોકોના મોત થતાં ભારતમાં ધીમા પગલે સ્થિતિ ગંભીર બનતી જઈ રહી છે.

કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના વધુમાં જણાવ્યા મુજબ દેશમાં હાલ રિકવરી રેટ ૬૩.૨૫ ટકાનો જોવા મળી રહ્યો છે. પોઝીટીવિટી રેટ વધીને ૧૦ ટકા થઈ ગયો છે. એટલે કે જેટલા પણ સેમ્પલની તપાસ કરવામાં આવી રહી છે, તેમાંથી ૧૦ ટકા કેસો પોઝીટીવ મળી રહ્યા છે. દેશભરમાં અત્યાર સુધીમાં ૧,૨૭,૩૯,૪૯૦ સેમ્પલની તપાસ થઈ ચૂકી છે. ૧૫મી જુલાઈ એક દિવસની વાત કરીએ તો કુલ ૩,૨૬,૮૨૬ સેમ્પલની તપાસ કરાઈ હતી. વિતેલા કેટલાક દિવસોમાં લગભગ દરરોજ કોવિડ-૧૯ના રેકોર્ડબ્રેક કેસો નોંધાઈ રહ્યા છે. ૧૫મી જુલાઈએ સવાર સુધીમાં વિતેલા ૨૪ કલાકમાં ભારતમાં ૨૯,૪૨૯ કોરોનાના નવા દર્દીઓ નોંધાયા હતા. તેમજ ૫૮૨ લોકોના મોત નિપજ્યા હતા. દેશના મોટાભાગના રાજ્યોમાં કોરોનાનો પ્રકોપ ફેલાઈ ચૂક્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા ગત સપ્તાહે જ મુંબઈ ધારાવીમાં કોરોના વાયરસના ફેલાવાને અટકાવવા તંત્રના અધિકારીઓ દ્વારા લેવામાં આવેલા પ્રયત્નોની પણ પ્રશંસા પણ કરાઈ હતી.



### મહારાષ્ટ્રમાં કોરોનાના ૨૩૩ના મોત, નવા ૭૯૭૫ કેસ નોંધાયા

મહારાષ્ટ્રમાં કોરોનાના ગત બે દિવસ કેસ ઓછા થયા બાદ કોરોનાએ ફરી માથું ઉંચકતા આજે કોરોનાના દરદી સંખ્યામાં અને મરણાંકમાં વધારો થયો છે. મહારાષ્ટ્રમાં ગત ૨૪ કલાકમાં કોરોનાના ૨૩૩ દરદીને ભરખી ગયો હતો અને કોરોનાના નવા ૭૯૭૫ દરદી નોંધાતા કોરોનાગ્રસ્તોની સંખ્યા વધીને ૨,૭૫,૬૪૦ થઈ છે. જ્યારે મરણાંક ૧૦,૯૨૮ થયો છે. અને ૧,૧૧,૮૦૧ દરદી એક્ટિવ કેસ છે. તેમ જ ૧,૫૨,૬૧૩ દરદી કોરોના મુક્ત થયા છે. જુલાઈ મહિનાના પ્રથમ અઠવાડિયામાં કોરોનાએ માઝા મૂકતા દરરોજ દરદીની સંખ્યા વિક્રમ નોંધાવતી હતી, પરંતુ ગત બે દિવસથી દરદીની સંખ્યા જરાક ઓછી થઈ હતી. પરંતુ આજથી ફરી દરદીની સંખ્યા વધતાં મહારાષ્ટ્ર સરકારને ચિંતા થવા લાગી છે. જ્યારે મુંબઈમાં પણ આજે કોરોનાના દરદીની સંખ્યા વધી છે. અને મૃત્યુનો આંક પણ વધી ગયો છે. મુંબઈમાં આજે ૬૨ દરદીએ જીવ ગુમાવ્યો હતો અને કોરોનાના નવા ૧૩૯૦ કેસ નોંધાતા મુંબઈમાં કોરોનાના દરદીની સંખ્યા વધીને ૯૬,૭૪૭ થઈ છે અને મરણાંક ૫૪૬૭ થયો છે.

### ૧૩૦૨ ડોક્ટરો ચેપગ્રસ્ત, ૯૯નાં મોત

ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન(આઈએમએ)એ બુધવારે કહ્યું કે કોવિડ-૧૯થી દેશભરમાં ૯૯ ડોક્ટરોના મોત થયા છે. આઈએમએના રાષ્ટ્રીય કોવિડ રજિસ્ટ્રીના ડેટાના અનુસાર કોવિડ-૧૯થી કુલ ૧૩૦૨ ડોક્ટરો ચેપગ્રસ્ત થયા છે, એમાં ૯૯ ડોક્ટરોના મોત થયા છે. મૃતકોમાં ૭૩ ડોક્ટરોની વય ૫૦ વર્ષથી વધુ હતી, ૧૯ની ઉંમર ૩૫-૪૦ વર્ષની વચ્ચે હતી અને સાત ડોક્ટરો ૩૫ વર્ષથી ઓછી વયના હતા. આઈએમએના નિવેદન અનુસાર, આઈએમએએ એ ડોક્ટરો અને આરોગ્ય કર્મીઓથી સાવધાની રાખવા રેડ એલર્ટ જાહેર કર્યું છે. આઈએમએએ એ નેતૃત્વની ભૂમિકા નિભાવી રહેલા ડોક્ટરોને તમામ સર્વોત્તમ વૈજ્ઞાનિક રીત અપનાવવા વિનંતી કરી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને કહ્યું છે કે, આંકડાના વિશ્લેષણથી ખબર પડે છે કે કોવિડ-૧૯થી વરિષ્ઠ અને યુવા ડોક્ટરો સમાન રૂપે સંક્રમિત થઈ રહ્યા છે.

### માત્ર ભગવાન જ બચાવી શકશે : બી શ્રીરામુલુ

કર્ણાટક રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી બી શ્રીરામુલુએ તો ચોંકાવનારું નિવેદન આપતાં કહ્યું છે કે, હવે માત્ર ભગવાન જ આપણને બચાવી શકશે. તેમણે કહ્યું હતું કે, વાયરસને ફેલાતો રોકવાનુ કોઈના હાથની વાત નથી. કર્ણાટકમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૫૦૦૦૦ સુધી પહોંચી ચુકી છે અને ૯૦૦ લોકોના મોત થયા છે. આ સંજોગોમાં આરોગ્ય મંત્રી બી શ્રીરામુલુએ કહ્યુ હતુ કે, હવે ભગવાન જ આપણને બચાવી શકશે.આપણે જાતે જ આપણુ ધ્યાન રાખવુ પડશે.

### શ્રીનગર, પુણે, શિલોંગ, બેંગલુરૂમાં પણ લોકડાઉન

ઉત્તર પ્રદેશમાં દર શનિવાર અને રવિવારે લોકડાઉન લાગુ કરાયું છે. જમ્મુ કાશ્મીરના શ્રીનગર સહિત અનેક વિસ્તારોમાં તથા મહારાષ્ટ્રના પુણેમાં ૨૩મી જુલાઈ સુધી લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તમિલનાડુના મદુરાઈમાં પણ લોકડાઉનની મર્યાદા બે દિવસ માટે વધારી દેવાઈ છે.

### સુરક્ષા દળોમાં ૭૦૦૦ જવાનો કોરોનાગ્રસ્ત

કેન્દ્રીય સરકારના ગૃહ મંત્રાલય હેઠળના કેન્દ્રીય પોલીસ સુરક્ષા દળોમાં આજે નવા ૨૪૫ કેસ ઉમેરાતા કુલ કોરોના દર્દીઓની સંખ્યા સાત હજારની ઉપર પહોંચી ગઇ હતી.તાજા આંકડાઓ અનુસાર, સાત કેન્દ્રીય દળોમાં કુલ ૭૦૫૯ કોરોનાના દર્દી હતી જેમાંથી ૩૨૩૩ એક્ટિવ હતા જ્યારે બાકીના સાજા થયા હતા.

# દૂબેના એન્કાઉન્ટરની તપાસ માટે સમિતિ રચવા સુપ્રીમની વિચારણા

- ૨૦મીએ સુપ્રીમમાં તપાસની અરજી અંગે સુનાવણી
- ૧૬મીએ સ્ટેટસ રિપોર્ટ સોંપીશું : યોગી સરકાર

લખનઉ : મંગળવારે ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે ગેંગસ્ટર વિકાસ દુબેના એન્કાઉન્ટર કેસને લઈને સ્ટેટસ રિપોર્ટ કોર્ટમાં દાખલ કરશે. ન્યાયાધીશ એસ.એ. બોબડેની આગેવાનીમાં ગઠીત સુપ્રીમ કોર્ટની બેંચે બાદમાં કહ્યું હતું કે વિકાસ દુબેના એન્કાઉન્ટરની તપાસ માટે એક કમિટીની રચના કરવાનું વિચારીશું અને કોઇ પૂર્વ ન્યાયાધીશને તેની આગેવાની સોંપીશું. આ ઉપરાંત કાનપુર શૂટઆઉટ કેસના વધુ એક આરોપી શશિકાંતની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની બેંચે વધુમાં કહ્યું હતું કે એન્કાઉન્ટરની તપાસની માગણી કરતી અરજી મુદ્દે અમે વધુમાં ૨૦મી જુલાઈએ સુનાવણી કરીશું. ઉત્તર પ્રદેશ સરકાર વતી હાજર તુષાર મહેતાએ કહ્યું હતું કે આ એન્કાઉન્ટરના મામલાને સરકારે ગંભીરતાથી લીધો છે અને ૧૬મી જુલાઇના રોજ આ સમગ્ર મામલે સ્ટેટસ રિપોર્ટ દાખલ કરીશું. કાનપુરના ચોબેપુર વિસ્તારમાં રાત્રે ડીએસપી સહિત આઠ પોલીસકર્મીઓની હત્યા કરવામાં આવી હતી. આ હત્યા વિકાસ દુબે અને તેમના ગુંડાઓએ કરી હતી. જે બાદ દુબે ભાગી ગયો હતો, પણ અંતે ઉજ્જૈનમાંથી ઝડપાયો હતો. જોકે જ્યારે તેને ઉત્તર પ્રદેશ લાવી રહ્યા હતા ત્યારે તેણે ભાગવાનો પ્રયાસ કર્યો હતો, સાથે જ પોલીસ પર ગોળીબાર પણ કર્યો હતો જેમાં સ્વબચાવ માટે પોલીસે કરેલા ગોળીબારમાં વિકાસ દુબે માર્યો ગયો હતો તેવો દાવો પોલીસે કર્યો હતો.

### બિહારમાં ૨૬૪ કરોડનો પુલ ૨૯ દિવસમાં જ ધરાશાયી : સરકાર સામે ગેરરીતિના આક્ષેપો



ગોપાલગંજ : સુશાસનનો દાવો કરનારા નીતીશ કુમાર સરકારના દાવાઓની પોલ ખોલતી એક ઘટનામાં ગોપાગંજમાં પુલનો એક ભાગ જમીનદોસ્ત થઈ ગયો છે. એક મહિના અગાઉ જ સત્તર ઘાય મહાસેતુનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું અને ૨૬૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલો આ પુલ હવે પાણીમાં વહી ગયો છે. ૧૬ જૂને મુખ્યમંત્રી નીતીશ કુમારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પુલનું ઉદ્દઘાટન કર્યું હતું.

## બ્રહ્મપુત્ર નદીની નીચે બનશે ચીનથી પણ લાંબી દેશની પહેલી અંડર વોટર ટનલ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે અરૂણાચલ પ્રદેશથી આસામ સુધી માર્ગ પરિવહન મજબૂત કરવાની કવાયત તેજ કરી દીધી છે. કેન્દ્ર સરકારે બ્રહ્મપુત્ર નદી નીચે ૧૪.૮૫ કિમીની ટનલ બનાવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. પ્રથમ વખત દેશમાં નદી નીચે બનનારી ટનલ પૂર્વીય ચીનના તાઈહૂ સરોવર નીચે બની રહેલી ટનલ કરતા વધુ લાંબી હશે. કેન્દ્ર સરકારે આસામમાં બ્રહ્મપુત્ર નદી નીચે ચાર લેનની સડક ટનલ બનાવવાની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સાર્વજનિક ઉપક્રમે રાષ્ટ્રીય રાજમાર્ગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નિગમ લિમિટેડએ અમેરિકી કંપની તરફથી નદી નીચે તૈયાર થનારી ટનલના ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટને મંજૂરી આપી છે. અમેરિકાની લુઈસ બર્જર કંપનીએ બ્રહ્મપુત્ર નદી નીચે ૧૪.૮૫ કિમી લાંબી ટનલ બનાવવા પ્રી-ફિઝિબિલિટી રિપોર્ટ અને ડીપીઆર તૈયાર કર્યો છે.

## મધ્યપ્રદેશમાં બીજેપીનાં નેતા સહિત પરિવારનાં ૬ને તલવારથી રહેંસી નંખાયા

ભોપાલ : મધ્ય પ્રદેશમાં મંડલા જિલ્લાનાં બીજાડાંડીનાં મનેરી ચોકીમાં ૬ લોકોની હત્યાની સનસનાટીપૂર્ણ ઘટના સામે આવી છે. હત્યારાઓ સામે પરિવારનો જે પણ સભ્ય આવ્યો તેને તલવારથી કાપી નાંખવામાં આવ્યા હતા. આ ઘટનાથી ગુસ્સે ભરાયેલા ગામનાં લોકોએ એક આરોપીને લાકડી-ડંડાથી માર્યો, ત્યારબાદ તેનું મોત થઈ ગયું હતું. મૃતક રાજેન્દ્ર સોની ભાજપનાં વરિષ્ઠ નેતા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં તેમના પરિવારનાં જ ૬ લોકોની હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટનામાં જે લોકોની હત્યા કરવામાં આવી તેમાં ૨ બાળકો પણ સામેલ છે. ૨ આરોપીઓમાંથી એકનું ગ્રામીણો દ્વારા મારવામાં આવતા મોત થયું છે.

સોની પરિવારનાં ૨ ભાઈઓનાં પરિવાર વચ્ચે પૈતૃક સંપત્તિને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદનાં કારણે એક ભાઈનાં પરિવારનાં ૨ લોકોએ બીજા પરિવારનાં સભ્યો સાથે ખૂની ખેલ ખેલ્યો હતો. મૃત રાજેન્દ્ર સોની ગલ્લો ચલાવતા હતા. દુકાનમાં જ આરોપીઓએ તેમના પર હુમલો કર્યો હતો. સાથે જ તેમના પરિવારનાં ૫ સભ્યોની હત્યા કરી દેવામાં આવી હતી. આમાં એક ૭ અને એક ૧૦ વર્ષનું બાળક પણ છે.

## નેપાળના PMએ ભગવાન રામ પર નિવેદન કરતાં અયોધ્યાના સંત ભડક્યા, ધર્માદેશ જાહેર

લખનઉ : નેપાળના વડાપ્રધાન કે પી શર્મા ઓલીના ભગવાન રામ વિશેના વિવાદિત નિવેદનથી અયોધ્યાના સંત ગુસ્સે થયા છે. રામ દળ ટ્રસ્ટના અધ્યક્ષ રામદાસ મહારાજે કહ્યુ કે, આજથી નેપાળમા તેના શિષ્યો ઓલીના સામે પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઉતરશે. વેદ અને પુરાણના વર્ણન વિશે વાત કરતા રામદાસ મહારાજે કહ્યુ કે, નેપાળમા તો સરયૂ નદી જ નથી. તેમણે વધુમા જણાવ્યુ કે, મારા લાખો શિષ્યો નેપાળમા રહે છે અને કાલે તેઓ લાખોની સંખ્યામા રસ્તા પર ઉતરીને વિરોધ કરશે. નેપાળના પીએમ કે પી શર્મા ઓલીએ એક મહિનાની અંદર પોતાનુ પદ છોડવુ પડશે. હું આ ધર્માદેશ જાહેર કરૂ છું. મારા શિષ્યો રસ્તા પર ઉતરીને પ્રદર્શન કરે અને ઓલીને સત્તા પરથી બરતરફ કરે. વિશ્વની સાંસ્કૃતિક રાજધાની અયોધ્યા છે.

# શ્રદ્ધાંજલિ



## Ambrish Thakkar

"We lost a tremendous towering personality in our Vraj community. He was a gem of a person and we will continue his ideologies, thoughts and teachings."

- Ramesh Chotai

દિલગીરી સહ જણાવવાનું કે તા. ૧૫-૭-૨૦૨૦ને બુધવારના રોજ
**શ્રી અંબરિષભાઈ ઠક્કર**નું દુઃખદ અવસાન થયું છે.
એમની ગેરહાજરી અમારા માટે અસહ્ય બની રહેશે.
પ્રભુ, શ્રી અંબરિશભાઈ ઠક્કરના આત્માને પરમશાંતિ અર્પે તેમજ તેમના પરિવારને અણધારી આફત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

Vraj Canada Community Center,
Vraj Community Services,
Vraj Canada Committee and
Sevak Parivar

Vraj Canada COMMUNITY CENTRE

# કોરોના વિશ્વના ૧૪.૭૦ કરોડ લોકોને બેરોજગાર કરી દેશે

કોરોનાની મહમારી અને તેને નિયંત્રણમાં લેવા માટે ભરાયેલાં પગલાંને કારણે વૈશ્વિક ઇકોનોમીને ૩.૮ ટ્રિલિયન ડોલરનો ફટકો પડશે અને તે ૧૪.૭૦ કરોડ લોકોને બેરોજગાર કરશે એવું એક નવા અભ્યાસમાં જણાયું હતું. મહામારીની અસર જાણવા માટેના પહેલા અભ્યાસમાં યુનિવર્સિટી ઓફ સિડનીના સંશોધકોએ ગ્લોબલ ઇકોનોમીનું એક વિસ્તૃત મોડેલ બનાવ્યું હતું. એશિયા, યુરોપ અને અમેરિકામાં દેશોએ પ્રવાસીઓ માટે સરહદ બંધ કરી દેવા સાથે ફ્લાઇટ્સ પણ રદ કરી દેવાતાં કોરોના અને તેને નિયંત્રણમાં લેવા માટે ભરાયેલાં પગલાંથી પ્રવાસ ઉદ્યોગને સૌથી વધુ અસર થઇ છે. વિમાન અને બીજી પરિવહન બંધ થઇ જવાને કારણે વ્યાપાર, પ્રવાસન, ઊર્જા અને આર્થિક સેક્ટર મોટે પાયે ખોરવાતા આર્થિક કટોકટીને આમંત્રણ મળ્યું હતું. રોજગારીનો આંચકો આખી દુનિયામાં જ અનુભવાયો છે. ફક્ત યુકેમાં જ બૂટ્સ અને જોન લેવિસ સહિત રિટેલ જોબ સહિત ૬૦,૦૦૦ કામદારોએ નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. એ સમાચાર પણ એવા ટાંકણે આવ્યા હતા, જ્યારે ચાન્સેલર રિશિ સુનકે લોકોને બેરોજગાર થતાં ૩૦ અબજ પાઉન્ડનું પેકેજ જાહેર કર્યું તેના ૨૪ કલાક બાદ આવ્યા હતા. વૈશ્વિક ઇકોનોમીમાં કટોકટી અનુભવાઇ તેની પાછળનું કારણ એ છે કે વર્તમાન સમયમાં ઇકોનોમીઓ એકબીજા સાથે સંકળાયેલી છે.

## ઇકોનોમી પર કઇ રીતે અસર કરે છે?

**પ્રવાસન |** કોવિડ ૧૯ના સંદર્ભે કેટલાક ક્ષેત્રો બીજા ક્ષેત્રો કરતાં વધુ ફટકો પડયો છે. પ્રવાસન એવું જ એક ક્ષેત્ર છે. સંશોધકો કહે છે કે, વ્યાપાર, પ્રવાસન, ઊર્જા અને ફાઇનાન્સ સેક્ટરને સૌથી વધુ અસર થશે.

**ઉત્સર્જન |** ગતિવિધિઓ ઠપ્પ થવાને કારણે ગ્રીન હાઉસ ગેસના વૈશ્વિક ઉત્પાદનમાં નાટયાત્મક રીતે ૪.૬ ટકાનો ઘટાડો થયો હતો, જે માનવ ઇતિહાસમાં સૌથી મોટો ઘટાડો નોંધાય છે.



## સૌથી વધુ પ્રભાવિત દેશો

ચીન અને અમેરિકા એ કોવિડ ૧૯ મહામારીને કારણે સૌથી સીધા પ્રભાવિત દેશો છે. વાઇરસ ચીનમાં પેદા થયો હતો અને વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ અમેરિકામાં નોંધાયા છે.

**કહાઇ સ્ટ્રીટ |** વિશ્વમાં લોકડાઉનને કારણે વિશ્વમાં ૩.૮ ટ્રિલિયન ડોલરનો ઉપભોગ ઘટી ગયો જોવા મળ્યો હતો, જે જર્મનીના જીડીપી જેટલો થાય છે.

**સ્વચ્છ હવા |** પીએમ ૨.૫, સલ્ફ ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન ઓક્સાઇડ જેવા પ્રદૂષકોનું પ્રમાણ લાખ્ખો ટન જેટલું ઘટયું

## સલ્ફર ડાયોક્સાઇડનું ઉત્સર્જન ૨.૯ ટકા ઘટયું

ઉપરાંત પીએમ ૨.૫ જેવા જોખમી રજકરણોનું ઉત્સર્જન ૩.૮ ટકા ઘટયું છે, જ્યારે સલ્ફ ડાયોક્સાઇડનું ઉત્સર્જન ૨.૯ ટકા ઘટયું છે. સલ્ફ ડાયોક્સાઇડનું ઉત્સર્જન ખાસ કરીને અશ્મિજન્ય બળતણના ઉપયોગથી થાય છે. સલ્ફ ડાયોક્સાઇડ અસ્થમા અને છાતીમાં ભીંસ એટલે કે ગભરામણ પેદા કરે છે.

## નિયંત્રણો હટશે તો પણ ગંભીર આર્થિક અસર થશે

લોકડાઉનનાં પગલાં હજુ લંબાવાયાં છે, ત્યારે વૈશ્વિક નુકસાન વધી શકે છે, પરંતુ એ નિયંત્રણો ઉઠાવી લેવાય તેની પણ લાંબી અને ગંભીર આર્થિક અસર પડી શકે છે, એમ સંશોધકોએ જણાવ્યું હતું. મહામારીની એક જ હકારાત્મક અસર પર્યાવરણીય ફેરફરો પર અનુભવાઇ છે.

## ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ૨.૫ ગીગાટન ઘટયું

ઇકોનોમી ઉપર સૌથી ખરાબ અસર પહોંચી છે, ત્યારે ટીમને જણાવ્યું છે કે પર્યાવરણ ઉપર નાટયાત્મક અસર પડી છે. માનવ જાતના ઇતિહાસમાં ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન સૌથી વધુ ઘટયું છે. સામાન્ય કરતાં ૪.૬ ટકા એટલે કે ૨.૫ ગીગાટન્સ જેટલું ગ્રીન હાઉસ ગેસનું ઉત્પાદન ઘટયું છે.

## આર્થિક રીતે મોટો ફટકો, પર્યાવરણમાં મોટો ફાયદો

આ અભ્યાસના કોરસપોન્ડિંગ લેખક ડો. અરૂનિમા મલિક કહે છે કે ગ્રેટ ડિપ્રેશન વખતે વૈશ્વિક ઇકોનોમી ૧૫ ટકા ઘટી હતી એ બાદની આ વૈશ્વિક ઇકોનોમીને પડેલો આ પહેલો મોટો આંચકો છે. આ ઉપરાંત ક્લાઇમેટ ચેન્જમાં પણ અચાનક ઘટાડો થતાં હવાના પ્રદૂષણને કારણે થતા મૃત્યુમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

# અમેરિકામાં કોરોનાની રસીનું માનવ પરીક્ષણ અંતિમ તબક્કામાં

વોશિંગ્ટન : સમગ્ર વિશ્વને કોરોનાએ ભરડો લીધો છે ત્યાં અમેરિકામાંથી આ દિશામાં એક હકારાત્મક અને સારા સમાચાર આવી રહ્યા છે. અમેરિકી કંપની મોડર્ના દ્વારા ટૂંક સમયમાં કોરોનાની રસી વિક્સાવી લેવામાં આવશે તેવો દાવો કરવામાં આવ્યો છે. કંપનીએ જણાવ્યું કે, તેમની રસીનું માનવ પરીક્ષણ અંતિમ તબક્કામાં છે. ૨૭ જુલાઇથી મોડર્ના દ્વારા તેની રસીનું ત્રીજા અને અંતિમ તબક્કાનું માનવ પરીક્ષણ શરૂ કરવામાં આવશે. આ તબક્કામાં જ ખ્યાલ આવશે કે દુનિયાભરના કોરોના પીડિતોને આ રસીથી રાહત મળશે કે નહીં. બીજી તરફ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ બાબતને ગૂડ ન્યૂઝ કહીને વખાણી હતી. તે ઉપરાંત અમેરિકી વાઇરોલોજિસ્ટ ડો.ફોસીએ પણ રસીના અંતિમ તબક્કાના પરીક્ષણને ગૂડ ન્યૂઝ જણાવ્યા હતા. આ દિશામાં રશિયા પણ પાછળ નથી. તેણે પણ ઓગસ્ટના મધ્યભાગમાં કોરોનાની રસી બજારમાં મૂકવાની જાહેરાત કરી દીધી છે. અમેરિકામાં સતત વધી રહેલા કેસ વચ્ચે આ એક સારા સમાચાર છે. અમેરિકી કંપનીના સૂત્રોના મતે આ રસીના ત્રીજા અને અંતિમ તબક્કાના પરીક્ષણની જાહેરાત કરાઇ છે તેનો સીધો અર્થ છે કે, આ રસી સુરક્ષિત છે અને અત્યાર સુધીમાં દર્દીઓના શરીરમાં એન્ટિબોડી વિક્સાવવામાં મદદ કરી રહી છે. કંપનીએ મે મહિનામાં તેના બીજા તબક્કાનું પરીક્ષણ કર્યું હતું જે સફળ રહ્યું હતું. હવે અંતિમ તબક્કામાં ૩૦,૦૦૦ વોલેન્ટિયર્સ ઉપર રસીનું પરીક્ષણ કરવામાં આવશે. અમેરિકાના વાઇરસજન્ય ચેપી રોગોના નિષ્ણાત ડો. ફોસીએ પણ જણાવ્યું હતું કે, મને નથી ખબર કે આ સમાચાર તમને કેટલા અસર કરે છે પણ મારા મતે તો દુનિયાના લોકો માટે આ ખૂબ જ સારી બાબત છે. અમેરિકી કંપની દ્વારા વિક્સાવવામાં આવેલી રસી અંતિમ તબક્કાના પરીક્ષણ સુધી પહોંચી ગઇ છે. ઉલ્લેખનીય છે કે, ડો. ફોસીના જ મિત્ર અને જાણીતા વાઇરોલોજિસ્ટ દ્વારા આ રસી વિક્સાવવામાં આવી છે.

## આખા વિશ્વમાં કોરોનાના કેસ ૧.૩૭ કરોડને પાર

આખા વિશ્વમાં કોરોનાના કેસ વધતા જ જાય છે. દર્દીઓની સંખ્યા વધીને ૧,૩૭,૨૩,૨૬૨ થઇ છે. જ્યારે મૃતકોનો આંકડો ૫,૭૬,૫૨૮ થયો છે. સારવાર પછી ૭૭,૪૭,૩૦૧ લોકો સાજા થયા છે. એક્ટિવ કેસની સંખ્યા ૪૯,૫૨,૪૩૩ થઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧,૯૫,૭૮૩ કેસ આવ્યા છે અને ૩૭૨૯નાં મોત થયાં છે.

## યુએસની ૧ ટકા જેટલી વસ્તી કોરોના સંક્રમણ

ચીનના વુહાન શહેરમાંથી ફેલાયેલો કોરોના વાયરસ મહામારી બની ગયો છે. અમેરિકા અને ભારતની વસ્તીની સરખામણી કરીએ તો અમેરિકામાં સંક્રમણ વધારે છે. અમેરિકાની કુલ વસ્તી ૩૩ કરોડ જેટલી છે તે જોતા કુલ વસ્તીના ૧ ટકાને કોરોના થયો છે. અમેરિકામાં કોરોના વાયરસ આટલો હાહાકાર મચાવશે એ કોઇ જ જાણતું ન હતું.

## બ્રિટનમાં લોકડાઉનનું સકારાત્મક પરિણામ મળ્યું

લંડન : બ્રિટનમાં લોકડાઉનના સકારાત્મક પરિણામો મળ્યાનો વિજ્ઞાનીઓએ દાવો કર્યો છે. બુધવારે પ્રકાશિત થયેલા એક રિસર્ચ પેપરમાં બ્રિટિશ વિજ્ઞાનીઓએ જણાવ્યું છે કે સરકાર દ્વારા લગાવવામાં આવેલું લોકડાઉન કોરોનાને ફેલાતો રોકવામાં સફળ નિવડ્યું છે. બ્રિટનના વડાપ્રધાન બોરિસ જ્હોનસને એક જૂને પ્રથમ વખત લોકડાઉનમાં છૂટછાટ આપી હતી.

## રશિયામાં એક જ દિવસમાં નવા ૬૨૪૮ કેસ નોંધાયા

રશિયામાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૨૪૮ કેસ નોંધાતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. ૧૭૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. કોરોનાના દર્દીઓની કુલ સંખ્યા ૭,૩૯,૯૪૭ થઇ છે. જ્યારે ૧૧,૬૧૪નાં મોત થયાં છે. કોરોના સંક્રમિતોની કુલ સંખ્યામાં તે ચોથા ક્રમે છે. બીજી તરફ જાપાન સરકારે દેશમાં નવેસરથી ઇમરજન્સી લાદવાના સંકેતો આપ્યા છે.

# રશિયાની યુનિવર્સિટીએ સૌપ્રથમ કોરોના વેક્સિન બનાવ્યાનો દાવો

મોસ્કો : છેલ્લા ઘણા સમયથી કોરોના મહામારીમાં સપડાયેલી આખી દુનિયા કાગાડોળે કોરોનાની રસીની રાહ જોઇ રહી છે. દુનિયાભરના તમામ લોકો રાહ જોઇને બેઠા છે કે ક્યારે આ રોગની રસી મળે અને ક્યારે તેનાથી છૂટકારો મળે. દુનિયાભરના વિજ્ઞાનીઓ અને યુનિવર્સિટી સંશોધનમાં લાગેલા છે. ત્યારે આ બધા વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે કે દુનિયામાં સૌપ્રથમ કોરોના વેક્સિનની ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ થઇ છે. તેમજ આ ટ્રાયલ સફળ રહ્યાનો સંશોધકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

રશિયાની સેચેનોવ યુનિવર્સિટીએ દુનિયાની સૌપ્રથમ કોરોના વેક્સિન બનાવ્યાનો દાવો કર્યો છે. યુનિવર્સિટીએ જણાવ્યું કે આ વેક્સિનના તમામ પરિક્ષણ સફળ રહ્યા છે. અમેરિકા, બ્રિટન, ભરત સમેત અનેક દેશોમાં કોરોનાની રસી માટેના સંશોધનો થઇ રહ્યા છે, તેવામાં રશિયાએ રસી બનાવવામાં બાજી મારી છે. ઇન્સ્ટિટ્યુટ ફોર



ટ્રાંસલેશન મેડિસિન એન્ડ બાયોટેકનોલોજીના ડાયરેક્ટર વાદિમ તારાસોવના જણાવ્યા પ્રમાણે સેચેનોવ યુનિવર્સિટીએ ૧૮ જૂનના રોજ મામાલેઇ ઇન્સિટીટ્યુટ ઓફ એપિડેમિયોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી દ્વારા બનાવવામાં આવેલી રસીનું ક્લિનિકલ ટ્રાયલ શરુ કર્યુ હતું. યુનિવરસ્ટી દ્વારા આ વેક્સિનનું પોતાના વોલેન્ટિયર્સ પર સફળ પરિક્ષણ કરવામાં આવ્યું છે. જે ગૃપ પર આ ટ્રાયલ કરવામાં આવી તેમાંથી પહેલા ગૃપને ૧૫ જુલાઇ અને બીજા ગૃપને ૨૦ જુલાઇના રજા આપવામાં આવશે.

# કોરોનાના બીજા તબક્કામાં સવા લાખનાં મોત થશે : યુકેમાં સંશોધન

લંડન : આગામી શિયાળામાં યુકેમાં કોરોના વાઇરસના ટેપનું સંભવિત નવું મોજું હોસ્પિટલમાં ૧,૨૦,૦૦૦ મોતને નોતરશે તેમ એકેડમી ઓફ મેડિકલ સાયન્સીઝના સંશોધકોએ તેમના અહેવાલમાં જણાવ્યું છે.

કોવિડ-૧૯નું બીજું મોજું પહેલાં મોજા કરતાં વધારે ગંભીર પુરવાર થશે કેમ કે એ સમયે વર્તમાન કોરોનાના દર્દીઓની સારવાર ઉપરાંત નેશનલ હોલ્થ સવસને વાષક ફ્લુની સિઝનનો પણ સામનો કરવો પડશે. શિયાળામાં યુકેમાં સામાન્ય રીતે પણ હોસ્પિટલો પર ભારણ વધે છે કેમ કે આ સિઝનમાં હ્દયરોગોના દર્દીઓની તથા શ્વાસોચ્છવાસના રોગના દરદીઓની હાલત ઓર કથળે છે. તેમાં શિયાળામાં કોરોના ઠંડા હવામાનને કારણે બંધ ઘરોમાં ઓર પ્રસરશે તેમ આ અહેવાલમાં જણાવ્યું છે. શિયાળામાં ફ્લુના દર્દીઓથી હોસ્પિટલો ઉભરાઇ જાય ત્યારે તેને વિન્ટર ક્રાઇસીસ કહેવામાં આવે છે. આ સ્થિતિ ટાળવા માટે ફ્લુની રસીની



વ્યવસ્થા કરવાનું મહત્વનું બની રહેશે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સૌથી વધારે મરણ નોંધાશે તેમ આ અહેવાલ તૈયાર કરનારા વિજ્ઞાનીઓએ જણાવ્યું હતું. દરમ્યાન મરણના પ્રમાણપત્રોને આધારે કોરોનાના દર્દીઓની ગણતરી કરનાર ધ ઓફિસ ઓફ નેશનલ સ્ટેટેસ્ટીક્સે જણાવ્યું હતું કે ઇન્ગ્લેન્ડ અને વેલ્શમાં ૨૮ ડિસેમ્બર અને ૩ જુલાઇ દરમ્યાન કુલ મરણાંક ૫૦૦૦૦ કરતાં વધારે નોંધાયો છે. આ આંકમાં સ્કોટલેન્ડ અને નોર્ધન આયરલેન્ડના મરણોનો સમાવેશ થતો નથી.

# ગુગલ રિલાયન્સ જિયોમાં ૩૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે

નવી દિલ્હી : વિશ્વની અગ્રણી ટેકનોલોજી કંપની ગૂગલ આગામી પાંચથી સાત વર્ષમાં વિશ્વના પાંચમાં સૌથી મોટા આૃર્થતંત્ર ભારતની ડિજિટલ ઈકો સિસ્ટમમાં ૧૦ અબજ ડોલરનું રોકાણ કરશે.

ગૂગલ મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ડિજિટલ કંપની જીયો પ્લેટફોર્મમાં રોકાણ કરશે તેમ બ્લૂમબર્ગના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જીયોમાં ૪ અબજ ડોલર(૩૦,૦૦૦ કરોડ રૂપિયા)ના રોકાણ કરવા માટે ગુગલ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે મંત્રણા ચાલી રહી છે.

આગામી કેટલાક સપ્તાહોમાં આ અંગેની જાહેરાત થઈ શકે છે. રિલાયન્સ જીયોમાં છેલ્લા ૧૨ સપ્તાહમાં ૧૩ કંપનીઓએ રોકાણ કર્યુ છે. રિલાયન્સ જીયોએ ૨૫.૨૪ ટકા હિસ્સેદારી વેચીને ૧.૧૮ લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. સૌથી પહેલા ફેસબુકે ૨૨ એપ્રિલે જીયોમાં રોકાણની જાહેરાત કરી હતી. ત્યારબાદ સિલ્વર લેક, વિસ્ટા ઈક્વિટી, જનરલ એટલાન્ટિક, કેકેઆર, મુબાડલા, એડીઆઈએ, ટીપીજી, એલ કેટરટન, પીઆઈએફ અને ઈન્ટેલે પણ રોકાણ કર્યુ હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર ગૂગલ અને રિલાયન્સ વચ્ચે ચાલી રહેલી મંત્રણા વિગતો હાલમાં ગુપ્ત રાખવામાં આવી છે.

જો ગૂગલ જીયો પ્લેટફોર્મમાં ૪ અબજ ડોલરનું રોકાણ કરશે તો ફેસબુક પછી ગૂગલનું જીયોમાં બીજું સૌથી મોટું રોકાણ હશે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ફેસબુકે રિલાયન્સ જીયોમાં ૪૩ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યુ હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વાર્ષિક સામાન્ય સભા(એજીએમ)માં મુકેશ અંબાણી ગૂગલ સાથે ચાલી રહેલી મંત્રણાના સંકેત આપી શકે છે.

# વિદેશી વિદ્યાર્થીઓને યુએસ છોડી જવાનો આદેશ ટ્રમ્પે પાછો ખેંચ્યો

વોશિંગ્ટન : ટ્રમ્પ સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ૬ જૂનના રોજ જાહેર કરેલો વિવાદાસ્પદ વિઝા નિયમ પાછો ખેંચી લીધો છે. અમેરિકાની ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજે મંગળવારે જણાવ્યું હતું કે, મને પક્ષકારો દ્વારા જાણ કરાઈ છે કે તેઓ એક સમાધાન પર પહોંચી શક્યાં છે અને તેઓ યથાસ્થિતિ જાળવી રાખશે. ૬ જૂનના રોજ યુએસ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) એ આદેશ કર્યો હતો કે આગામી ફોલ સેમેસ્ટરમાં ફક્ત ઓનલાઈન અભ્યાસક્રમ ઓફર કરતી કોલેજ અને યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ અમેરિકા છોડીને સ્વદેશ પરત ફરવું પડશે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અને આઈસીઈના આદેશ સામે સમગ્ર અમેરિકામાં રોષ ફાટી નીકળ્યો હતો મેસેચ્યુસેટ્સની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં હાર્વર્ડ યુનિવર્સિટી અને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા દાખલ કરાયેલા ખટલામાં ગૂગલ, ફેસબુક, માઈક્રોસોફ્ટ જેવી અમેરિકી આઈટી કંપનીઓની સાથે સાથે અમેરિકાના ૧૭ રાજ્યો અને ડિસ્ટ્રિક્ટ ઓફ કોલમ્બિયા પણ જોડાયાં હતાં. અમેરિકાની સરકાર અને એમઆઈટી-હાર્વર્ડ વચ્ચે થયેલા સમાધાનનો ઉલ્લેખ કરતાં જજે જણાવ્યું હતું કે, આ નીતિનો સમગ્ર દેશમાં અમલ કરાશે. નીતિવિષયક આદેશ અને વારંવાર પુછાતા સવાલો કોઈપણ સ્થળે લાગુ કરાશે નહીં. અમેરિકી કોર્ટની આ જાહેરાતથી ભારતથી અમેરિકામાં અભ્યાસ કરવા ગયેલા લાખો વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે. વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષમાં અમેરિકામાં ૧૦ લાખ કરતા વધુ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. સ્ટુડન્ટ એક્સ્ચેન્જ વિઝિટર પ્રોગ્રામના તાજેતરના રિપોર્ટ અનુસાર જાન્યુઆરી ૨૦૨૦માં અમેરિકામાં વિવિધ કોલેજ અને યુનિવર્સિટીમાં ૧,૯૪,૫૫૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.




# જમીન ઉપર ખાત મુર્હૂત ક્યા ખૂણામાં કરવું અને બાંધકામની શરૂઆત ક્યાંથી કરવી તેની લોકઉપયોગી માહિતી

કોઈપણ જમીન પ્લોટ કે જગો ઉપર સૌ પ્રથમ પૃથ્વીની સ્થિતિની માહિતી મેળવવી જોઈએ જે તે જગો ઉપર નાગનો વાસ હોય છે આ પધ્ધતિનો ઉપયોગ આપણા ઋષિમુનિયો અને જાણકાર લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતો જેથી બાંધકામ કરનાર, કરાવનાર અને વસવાટ કરનાર લોકો તેમજ બાંધકામ ખરીદનાર વ્યક્તિઓ આર્થિક-માનસિક-શારીરિક રીતે સુખ સંપન્ન રહેતા હતા.

સૌ પ્રથણ પૃથ્વીની સ્થિતિ જોવાની રીત : સુદ પક્ષની એકમ તિથિ, રવિવાર અને અશ્વિની નક્ષત્રથી ગણત્રી કરતા જે દિવસે ખાત મુર્હૂત કરવાનું હોય તે દિવસના નક્ષત્રનો સરવાળો કરવો અને જે સંખ્યા આવે તેને "૪"થી ભાગવા અને તેની શેષ "૨" આવે તો પૃથ્વીની સ્થિતિ બેઠેલી હોય છે બેઠેલી પૃથ્વી મકાન, સોસાયટી ટેનામેન્ટ, ડીટેચ હાઉસ, રોહાઉસ, ફ્લેટ, મોલ, હોસ્પિટલ, થિયેટર, સ્ટોર્સ, કોમર્શિયલ બિલ્ડીંગ, વિગેરેનું જમીન ઉપર ખાતા મુર્હૂત કરવું જોઈએ.

ખાત મુર્હૂત કયા વારે કરવું તેની માહિતી : ખાત મુર્હૂત સોમવાર, બુધવાર, ગુરૂવાર, શુક્રવારે કરવું.

ખાત મુર્હૂતનો સમય :- સારા- શુભ ચોઘડિયા, શુભહોરા અને ગુલિકકાળનો જે સમય હોય તે સમયે કરવું અને જે વ્યક્તિના નામે જમીન હોય તે વ્યક્તિના ચંદ્રરાશિથી ખાત મુર્હૂતના દિવસનો ચંદ્ર નવ-પંચમ યોગ આવે તે અતિ ઊત્તમ દિવસ કહેવાય છે.


ખાત મુર્હૂતમાં સૂર્યસંક્રાંતિ એટલે તે સમયે ગોચરનો સૂર્ય ખાસ જોવાતો હોય છે અને તે સમયે જમીનમાં નાગ (સર્પ)ની કુક્ષિ એટલે કેડ ભાગનો જે ખુણો આવે તેજ ભાગ (ખુણા)માં ખાત મુર્હૂત કરવું ખુબ જરૂરી છે.

ખાત મુર્હૂત સમયે સૂર્યસંક્રાંતિ, નાગનુમનખ, નાગનીપીઠ, નાગનુ મસ્તક, નાગની પુછડી, નાગની કુમિ(કેડ)નો ખુણોની માહિતી નીચે મુજબ છે.

| સૂર્યક્રાંતિ સૂર્ય ગોચર રાશિ ભ્રમણ હોય તો | નાગના મુખની દિશા ---- | નાગની પીઠનો ખુણો ---- | નાગના મસ્તકની દિશા ---- | નાગની પૂછડીનો ખૂણો ---- | નાગની કૃક્ષિ (કેડ)નો ખૂણો ખાત મુર્હૂત કરવું |
|---|---|---|---|---|---|
| ગોચરનો સુર્ય મિથુન રાશિ કર્ક રાશિ સિંહ રાશિમાં હોય તો | ઊત્તર દિશા --- --- --- | અગ્નિ ખૂણો --- --- --- | પૂર્વ દિશા --- --- --- | નૈરૂત્ય ખૂણો --- --- --- | વાયવ્ય ખુણામાં ખાત કરવું |
| કન્યા, તુલા, વૃશ્ચિક રાશિમાં ગોચરનો સૂર્ય હોય તો | પૂર્વ દિશા --- --- --- | નૈરૂત્ય ખૂણો --- --- --- | દક્ષિણ દિશા --- --- --- | વાયવ્ય ખૂણો --- --- --- | ઈશાન ખૂણામાં ખાત મુર્હૂત કરવું |
| મિન, મેષ, વૃષભ રાશિમાં ગોચરનો સૂર્ય હોય તો | પશ્ચિમ દિશા --- --- --- | ઈશાન ખૂણો --- --- --- | ઉત્તર દિશા --- --- --- | અગ્નિ ખૂણો --- --- --- | નૈરૂત્ય ખૂણામાં ખાત મુર્હૂત કરવું |
| ધનુ, મકર, કુંભ રાશિમાં ગોચરનો સૂર્ય હોય તો | દક્ષિણ દિશા --- --- --- | વાયવ્ય ખૂણો --- --- --- | પશ્ચિમ દિશા --- --- --- | ઈશાન ખૂણો --- --- --- | અગ્નિ ખૂણામાં ખાત મુર્હૂત કરવું |

જે તે સૂર્ય સંક્રાંતિ ગોચરના સૂર્યમાં નાગના મુખની દિશા, નાગની પીઠનો ખૂણો, નાગના મસ્તકની દિશા, નાગની પુછડી (પુચ્છ)ના ખૂણા ઉપર ખાત મુર્હૂત કરવું જોઈએ નહીં.

નાગની કૃક્ષિકેડના ભાગે આવતા ખૂણા ઉપર જ ખાત મુર્હૂત કરવું ખુબ જરૂરી છે. તારીખ ૨૨ એપ્રિલ પૃથ્વી દિવસ હોવાથી જમીન ખોદવી નહીં કે ખાત મુર્હૂત કરવું નહીં.



**(એ)** નાગના મુખ ઉપર જો ખાત મુર્હૂત કરવું નહીં જો નાગના મુખ ઉપર ખાત મુર્હૂત કરે તો જમીન બાબતે માલીકને વાદ-વિવાદ કોર્ટ કચેરીમાં તે બાબતે પરાજય થાય, અકસ્માત મારા-મારી વિગેરે થવાના યોગો બને છે. **(બી)** નાગના મસ્તક ઉપરની દિશા કે ખૂણામાં ખાત મુર્હૂત કરે તો જમીનના માલીકના માતા-પિતા, દાદા-દાદી કે વડીલોનું મૃત્યુ થાય, અતિ ભયંકર બીમારી આવે. શારીરિક રીતે ખુબ હેરાન થાય ક્ટ ભોગવવુ પડે છે. **(સી)** નાગની પીઠ (બરડો) ઉપરના ખૂણામાં કે દિશાના ભાગ ઉપર ખાત મુર્હૂત કરે તો માલીકના ધનની હાની, ધન (પૈસા)નું નુકસાન થાય નોકરી મુશ્કેલી આવે દંધામાં નુકસાન થાય છે. **(ડી)** નાગની પુછડી (પૃચ્છ)ના ભાગમાં આવતો ખૂણો જે સૂર્યના ગોચર ભ્રમણ આધારે ઉપર ચાર્ટમાં દર્શાવ્યા મુજબ ખાત મુર્હૂત કરે તો જમીન-જગો-પ્લોટના માલીકને સુખ-સમૃધ્ધિ, ધન-ધાન્ય, સંતતિ વિગેરેનું અનેક પ્રકારે સુખ મળે અને વ્યક્તિ સુખી થાય છે.

ભુમિશાસ્ત્રમાં જણાવ્યા મુજબ ઉપરની બાબતોને ધ્યાનમાં રાખી ફક્ત કૃક્ષિના ભાગ- ખૂણા ઉપર જ ખાત-મુર્હૂત કરવું જરૂરી છે. અધો મુખ નક્ષત્રોમાં ખાત મુર્હૂત કરવું જરૂરી છે.

આ પ્રમાણે ખાત મુર્હૂત ક્યા પછી જ્યારે પાયાની શરૂઆત કરે તો ખાડો લંબાઈ- પહોળાઈ-ઉચાઈ એક સમાન માપની રાખવી.

પાયાની ચણતર કે પીલરની શરૂઆત : પાયાનું ચણતર કે પીલરની શરૂઆત પ્રથમ મુખ્ય શિલા અગ્નિખૂણામાં મુકવી ત્યારબાદ દક્ષિણદિશા, નૈરૂત્યખૂણો, પશ્ચિમદિશા, વાયવ્ય ખૂણો, ઉત્તર દિશા, ઈશાનખૂણો, પૂર્વદિશા તે મુજબ મકાન બનાવવાની શરૂઆત કરવી. સારા શુભ દિવસે સ્લેબ (ધાબુ) ભરવું. મકાન તૈયાર થઈ જાય પછી વાસ્તુ-લક્ષ્મી માટે યજ્ઞ કરવો યજ્ઞના દિવસે અને રાત્રિએ તેજ ઘરમાં રહેવું જેથી મકાનમાં સુખ-શાંતિ-સમૃધ્ધિ આવે છે.


-------------- : સંપર્ક સાધવા માટે : --------------
બીપીન એસ્ટ્રોલોજર
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request



માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

**www.swadesh.news**

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
**info@swadesh.news**

Available on the App Store

GET IT ON Google Play

હવે **APP STORE** તથા **PLAY STORE** પરથી
**SWADESH NEWS**
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી
ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7